પાના ૮ , કિંમત ૩.૨, તા. ૨૦-૧૧-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૮૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

વાવાઝોડું અફવાન આંધ્ર પ્રદેશ- ઓડિશાના તટ સાથે ટકરાયું

૯૦ કિમીની ઝડપે પવન ફુંકાવા સાથે ભારે વરસાદ, 3 લાખ લોકો અસરગ્રસ્ત , ૬૯ ટ્રેનો કેન્સલ

નવી દિલ્હી, તા. ૨૦

ચક્રવાતી તોફાન અકવાન શુક્રવાર સવારે આશરે ૮:૩૦ વાગ્યે આંધ્ર પ્રદેશ અને ઓડિશા વચ્ચે ગોપાલપુર તટ સાથે ટકરાયું. આ પ્રક્રિયા હજુ ચાલુ છે અને આગામી બે કલાક સુધી ચાલી શકે છે. આ દરમિયાન પવનની ઝડપ ૭૦-૯૦kmph રહી.

આની અસરથી ઓડિશા, આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. IMDના મુજબ, તોફાન છેલ્લા ૬ કલાકમાં ૨૧ાદ્બરની ઝડપે ઉત્તર-ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધ્યું છે.ઓડિશામાં આશરે ૩ લાખ લોકોને શિફ્ટ કરી દેવામાં આવ્યા છે. તેમના માટે ૨,૫૨૩ રાહત શિબિરો બનાવ્યા છે અને ૪૨૩ રેસ્ક્યૂ ટીમ તૈનાત છે. પૂર્વી રેલવેએ ૪૧ ટ્રેનો જ્યારે દક્ષિણ પૂર્વ રેલવેએ ૨૮ એક્સપ્રેસ ટ્રેનો રદ કરી છે. ત્યાં જ, ૨૯નો સમય બદલ્યો છે. ચક્રવાતની અસર ૧૦ રાજ્યોમાં રહેશે.પુરીના IG સત્યજીત નાયકે જણાવ્યું કે, દરિયાકિનારા પર ODRF અને NDRF સાથે સ્થાનિક પોલીસની ટીમો પણ પેટ્રોલિંગ કરી રહી છે. આ ટીમો લોકોને જાગૃત કરવા અને રાહત-બચાવ કામગીરી તેમજ લોકોને સુરક્ષિત સ્થળોએ પહોંચાડવામાં વહીવટીતંત્રની મદદ કરી રહી છે.

અકવાન વાવાઝોડાની અસરથી છત્તીસગઢના અનેક વિસ્તારોમાં માવઠું થઈ રહ્યું છે. રાજધાની રાયપુરમાં આજે સવારે વરસાદ



પડ્યો હતો.ઓડિશામાં ભૂસ્ખલનની આશંકાને જોતા દરિંગબાડી ફાયર સર્વિસ અને સ્થાનિક પોલીસની ટીમે ઉપર કિલાબાડી અને તાલા કિલાબાડી ગામોમાંથી ૯૦થી વધુ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા.પહાડી વિસ્તારમાં ભૂસ્ખલનનું જોખમ વધ્યા બાદ સંયુક્ત રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને તમામ ગ્રામીણોને સુરક્ષિત બહાર કાઢ્યા.બચાવવામાં આવેલા લોકોને દરિંગબાડીની સિયાંગબલી હાઈ સ્કૂલમાં બનાવવામાં આવેલા અસ્થાયી રાહત શિબિરમાં પહોંચાડવામાં આવ્યા છે. હાલ તમામ લોકો સુરક્ષિત છે.

પહેલા અનુમાન હતું કે અકવાન આંધ્ર પ્રદેશના કાંઠે ટકરાશે, પરંતુ ગુરુવારે તેણે માર્ગ બદલી નાખ્યો અને હવે તે આંધ્ર પ્રદેશ અને ઓડિશા વચ્ચે ટકરાશે. દરમિયાન, ન્યૂઝ એજન્સી ANIએ વાવાઝોડું ગુરુવારે જ કાંઠે ટકરાશે તેવી માહિતી આપી હતી, બાદમાં જણાવ્યું કે તે શુક્રવારે ટકરાશે.

સુંદરબનના દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદ સાથે તેજ પવન ફૂંકાઈ રહ્યો છે. નદીઓ અને સમુદ્રમાં પણ પાણીનું લેવલ વધી ગયું છે. વહીવટીતંત્રે માછીમારોને સમુદ્રમાં ન જવાની સલાહ આપી છે.

બક્ખાલી અને ગંગાસાગર સહિત મોટા ટૂરિસ્ટ સ્થળો પર નાહવા માટે લોકોને પાણીમાં જતા રોકવા માટે ખાસ દેખરેખ પણ રાખવામાં આવી રહી છે.

વર્ષના અંતમાં સુપર અલનીનોથી પૂર્વી ભારતને ખતરો

ભીષણ ગરમી, વરસાદમાં અનિયમીતતા, ઓછી વર્ષા, જળ સંકટ હિટવેવ, હિમાલયી ગ્લેશીયર ઝડપથી પીગળવાની આશંકા

નવી દિલ્હી, તા. ૨૦

વર્ષના છેલ્લા મહિનામાં વિકસીત થઈ રહેલુ સુપર અલનીનો ૨૦૨૭ સુધી પશ્ચિમ બંગાળ સહિત પૂર્વ ભારત માટે ગંભીર જલવાયું પડકારો પેદા કરી શકે છે. જેને લઈને ભીષણ ગરમી, ચોમાસાનાં વરસાદમાં અનિયમીતતા ઓછો વરસાદ જળસંકટ, સમુદ્રી હીટવેવ અને હિમાલયી ગ્લેશીયરોના ઝડપથી પીગળવા જેવી સ્થિતિ ઉત્પન્ન થવાની આશંકા છે.તેની સીધી અસર કૃષિ, જલ પુરવઠો, જાહેર સ્વાસ્થ્ય, ઉર્જા, વીમો, અને પુરવઠા શ્રૃંખલા પર પડી શકે છે.

વૈજ્ઞાનિક ચેતવણીઓને સમય રહેલા સરકારી નીતિઓ, અસરકારક જનસંચાર અને સ્થાનિક સ્તર પર મજબૂત તૈયારીમાં બદલવાની જરૂર છે.

આ ઉદેશથી કલાયમેટ ટ્રેન્ડસ, જાદવપુર વિશ્વ વિદ્યાલય અને ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) તરફથી કોલકતામાં એક દિવસીય ક્ષેત્રીય સેમિનાર આયોજીત કરાયો હતો.

સેમિનાર દરમ્યાન વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠનની મહાસચીવ પ્રોફેસર સેલેસ્ટ સાઉલોનો સંદેશ પણ શેર કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે સુપર અલનીનોની સ્થિતિ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી રહેવાની સંભાવના છે.

ડબલ્યુ એમઓની મહાસચીવ પ્રોફેસર સાઉલોએ કહ્યું કે અલનીનો કૃષિ, વ્યાપાર, મત્સ્ય પાલન, સ્વાસ્થ્ય ઉર્જા, પરિવહન, જલસંસાધન અને આપતિ વ્યવસ્થાપન સહીત અનેક ક્ષેત્રોને અસર કરશે.

તેમણે કહ્યું હતું કે ઓછા વરસાદની આશંકાના કારણે ખેડુતોએ એવા ખેતી પાકોની બીજની પસંદગી કરવી જોઈએ જે ઓછા પાણીમાં પણ બહેતર ઉત્પાદન આપી શકે.જલ વિદ્યુત પર નિર્ભર ક્ષેત્રોમાં જળાશયોની વ્યવસ્થા અગાઉથી કરવી જરૂરી છે.



વિકાસશીલ દેશો પર જલવાયું સંગઠનો બોજ વધુ

જલવાયુ વિશેષજ્ઞ ડો.જયંત બસુએ જલવાયું સંકટની વધતી અસરો અને ભારતની સંવેદનશીલતા પર ચિંતા વ્યકત કરી તેમણે સંયુકત રાષ્ટ્ર જલવાયું વાર્તાઓ હાલના વૈજ્ઞાનિક આકલનોનો ઉલ્લેખ કરી કહ્યું છે કે વૈશ્વિક તાપમાન વૃધ્ધિને ૧.૫ ડીગ્રી સેલ્સીયસ સુધી સીમિત રાખવાનું લક્ષ્ય ગંભીર પડકારનો સામનો કરી રહ્યું છે. આવનારા દાયકામાં દુનિયાને દોઢ ડીગ્રીથી વધુ તાપમાન વૃદ્ધિવાળી પરિસ્થિતિઓની સાથે રહેવુ પડી શકે છે.

મ્યાનમારને રોહિંગ્યાઓના નરસંહાર માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘે દોષિત ઠેરવ્યું

૧૦ હજાર લોકોની હત્યાના ૯ વર્ષ બાદ આવ્યો ચુકાદો

નવી દિલ્હી, તા. ૨૦

સંયુક્ત રાષ્ટ્રની સૌથી મોટી અદાલત ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ (ICJ)એ ગુરુવારે મ્યાનમારને રોહિંગ્યા મુસ્લિમોના નરસંહાર માટે દોષિત ઠેરવ્યું.આ મામલો ૨૦૧૭માં મ્યાનમારમાં થયેલી હિંસા સાથે જોડાયેલો છે. તે દરમિયાન લગભગ ૧૦ હજાર રોહિંગ્યા મુસ્લિમોની હત્યા કરવામાં આવી હતી, જ્યારે લગભગ ૭.૫ લાખ લોકોને પોતાનો જીવ બચાવવા માટે દેશ છોડીને બીજા દેશોમાં શરણ લેવી પડી હતી.

લગભગ ૯ વર્ષ બાદ આવેલા આ ચુકાદામાં અદાલતે મ્યાનમારને પીડિતોના નુકસાનની ભરપાઈ કરવા અને તેમને વળતર આપવાનો આદેશ આપ્યો છે. અદાલતે ૯-૬ની બહુમતીથી આ ચુકાદો સંભળાવ્યો.

અદાલતે પોતાના ચુકાદામાં જણાવ્યું કે, મ્યાનમારની સેનાએ રોહિંગ્યા સમુદાયને નિશાન બનાવીને મોટા પાયે હિંસા કરી. સેનાએ મહિલાઓ સાથે સામૂહિક બળાત્કાર અને યૌન હિંસા કરી. બાળકો અને અહીં સુધી કે નવજાત શિશુઓને પણ બક્ષવામાં આવ્યા નહીં. સેંકડો ગામડાંઓને આગને હવાલે કરી દેવામાં આવ્યાં.

અદાલતના જણાવ્યા મુજબ, આ ઘટનાઓથી સ્પષ્ટ થાય છે કે હિંસાનો હેતુ રોહિંગ્યા સમુદાયના મોટા હિસ્સાને ખતમ કરવાનો હતો. અદાલતે એમ પણ કહ્યું કે, મ્યાનમાર નરસંહાર માટે જવાબદાર લોકોને સજા કરવામાં નિષ્ફળ રહ્યું.

આ ચુકાદો વધુ એક કારણસર ઐતિહાસિક છે. ૧૯૪૮ના નરસંહાર રોકવા સંબંધિત આંતરરાષ્ટ્રીય કરારના ઉલ્લંઘન માટે પ્રથમ વખત કોઈ દેશને જવાબદાર ઠેરવવામાં આવ્યો છે. આ પહેલાં આ કરાર હેઠળ માત્ર વ્યક્તિઓને જવાબદાર માનવામાં આવતી હતી.

ભારતમાં ૨૫ દિવસમાં બે લાખ લગ્નોનું અનુમાન

એકલા મુંબઈમાં જ લગ્નોમાં ખર્ચ થશે ૩. ૧.૨૦ લાખ કરોડ

નવી દિલ્હી, તા. ૨૦

૨૧ નવેમ્બરથી શરૂ થઈ રહેલી વેડીગ સીઝનમાં મુંબઈ એમએમઆર દેશની મોટી વેડીગ ઈકોનોમીના કેન્દ્રના રૂપમાં ઉભરી શકે છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (સીએઆઈટી)ના અનુસાર ૧૫ ડિસેમ્બર સુધી ચાલનાર લગ્નની સીઝનમાં માત્ર ૨૫ દિવસમાં મુંબઈ- એમએમઆરમાં લગભગ ૧.૨૦ લાખ કરોડ રૂપિયાની વેડીગ ઈકોનોમી બનવાની સંભાવના છે.

તેનો ફાયદો જવેલરી, હોટલ, બેન્કવેટ હોલ, કેટરીગ જેવા અનેક સેકટરોને થશે. કેટના રાષ્ટ્રીય મહામંત્રી પ્રવિણ ખંડેલવાલે જણાવ્યું કે લગ્ન માત્ર ઉત્સવ જ નથી, બલકે અર્થ વ્યવસ્થાનું મોટું એન્જિન છે.

સીએમએઆઈના ચીફ મેન્ટર રાહુલ મહેતાએ જણાવ્યું હતું કે ભારતીય એપેરેલ ઈન્ડસ્ટ્રીમાં કિંમતોના દબાણ વચ્ચે તહેવારોની મોસમની મિશ્ર અસર છે. પરંતુ આવનારા લગ્નગાળાથી માંગની અપેક્ષા છે. ૪૫ ટકા ટેકસટાઈલ મેન્યુફેકચર અને રિટેલ વિક્રેતાઓને લગ્નની સીઝનમાં બહેતર વેચાણ રહેવાની આશા છે.


બુલીયન બજારમાં ૧૯૮૦ જેવી મંદીથી હાહાકાર

આજે ફરી સોનામાં ૫૧૦૦ તથા ચાંદીમાં ૮૭૫૦ તૂટયો

નવી દિલ્હી, તા. ૨૦

વર્ષના પ્રારંભે અસામાન્ય અને રેકોર્ડબ્રેક તેજી સુચવનાર સોના-ચાંદીમાં હવે પ્રચંડ કડાકાનો દોર રહ્યો છે. ૧૯૮૦ જેવી આ મંદીથી બુલીયન બજારમાં હાહાકાર સર્જાયો છે. આજે પણ ભાવ વધુ પટકાયા હતા.ઉઘડતી બજારે જ સોનામાં તથા ચાંદીમાં ૮૭૦૦ નો કડાકો સર્જાયો હતો સોનું સવા લાખ તથા ચાંદી દોઢ લાખની નીચે સરકી હતી. વિશ્વ બજારમાં સોનુ-ચાંદી સતત ગગડતા રહ્યા છે અને તેની પાછળ ભારતીય માર્કેટ પણ સતત પટકાતું રહ્યું છે. ૧૯૮૦ જેવી મહામંદીની સ્થિતિ સર્જાય છે.૧૯૮૦ માં ચાંદીની કિંમત ઉચ્ચતમ સ્તરથી ૮૦ ટકા ઘટી ગઈ હતી અને ત્યારે પણ મોટો હાહાકાર સર્જાયો હતો.મંદીના પ્રવર્તમાન દોરમાં ચાંદી માત્ર ૧૦ દિવસમાં ૩૫૦૦૦ ઘટી છે. સોનાના ભાવમાં આ દરમ્યાન ૧૭૦૦૦ નો કડાકો સર્જાયો છે.

સોના-ચાંદી ઉપરાંત પ્લેટીનમ તથા બીટકોઈન પણ ઉંધા માથે પટકાયા હતા. સોનામાં



૧૩ મહિના તથા ચાંદીમાં ૧૪ મહિનાનું નીચલુ સ્તર જોવા મળ્યુ છે. આજે વિશ્વબજારમાં સોનાનો ભાવ ફરી ૯૦ ડોલરથી વધુ ગગડયો હતો અને ૩૫૭૨ ડોલર હતુ. લોકલ વાયદામાં ૫૧૦૦ રૂપિયાના કડાકાથી ૧૨૨૩૪૦ હતું આજ રીતે ચાંદીનો ભાવ વાયદામાં ૮૭૫૦ ના કડાકાથી ૧૪૮૭૨૫ થયો હતો.

વેપારીઓએ કહ્યું કે કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો સતત મજબુત થઈ રહ્યો છે. આજે ૧૯ પૈસા વધીને ૯૩.૧૧ થયો હતો. તેને કારરે

અનુસંધાન પાના ૭ પર

૩ા.૮ લાખ સુધીના ધિરાણમાં ડિફોલ્ટર વધ્યા

નવી દિલ્હી: એક તરફ દેશમાં ફુગાવાની સ્થિતિના કારણે હવે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા ફરી વ્યાજદર વધારી રહી છે તથા આગામી દિવસોમાં બેન્ક ધિરાણ વધુ મોંઘા બનશે તો પર્સનલ લોનથી ઓટો તથા હાઉસીગ લોન લેનારની મુશ્કેલીઓ વધી શકે છે.વ્યાજદર વધતા બેન્કો માસિક હપ્તાની રકમ વધારશે તથા લોનની અવધી પણ વધી શકે છે તે સમયે નોન બેન્કીગ ફાયનાન્સ કંપનીઓ માટે મુશ્કેલ સ્થિતિ વધુ મુશ્કેલ બની શકે છે. દેશમાં અલનીનોની સ્થિતિથી ગ્રામીણ આવક પર અસર થશે અને કૃષી સહિતની આવક ઘટશે તેવો અંદાજ છે જેના કારણે અગાઉ મોટા પર્સનલ ફાયનાન્સ લેનાર ડિફોલ્ટ થવાની શકયતા વધુ છે.

ડોકટરે ભળતુ જ લોહી ચઢાવી દેતા બાળકને થયું કેન્સર

ડોકટરની ગંભીર બેદરકારી અંગે પોલીસે ગુનો દાખલ કર્યા

નવી દિલ્હી, તા. ૨૦

ખોટા બ્લડ ગ્રુપનું લોહી ચઢાવવાની ગંભીર બેદરકારીના કારણે એક માસૂમ બાળકને કેન્સર થયું હોવાના ચકચારી મામલે કોર્ટના આદેશથી બે તબીબો વિરુદ્ધ શહેર કોટવાલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે. આ મામલે સીઓ (ક્ષેત્રાધિકારી) નીતેશ પ્રતાપ સિંહ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ, મઉના સરાયલખંસી પોલીસ મથક વિસ્તાર હેઠળના ડુમરાવ નિવાસી શકુંતલા દેવીએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના પૌત્ર અભિનવની તબિયત લથડતા સારવાર માટે બુનાઈ વિદ્યાલય સ્થિત વિવાન ચાઈલ્ડ કેર યુનિટના બાળરોગ નિષ્ણાત ડો. વિવેક કુમાર સિંહ પાસે લઈ જવાયો હતો.

સારવાર દરમિયાન બાળકને લોહીની જરૂર પડતા સહાદતપુરા સ્થિત શારદા નારાયણ હોસ્પિટલના બ્લડ બેંકમાંથી લોહી મંગાવાયું હતું. આક્ષેપ છે કે બ્લડ બેંક દ્વારા 'O' ગ્રુપના બદલે 'B' ગ્રુપનું લોહી આપી દેવાયું હતું અને તબીબોએ બેદરકારીપૂર્વક તે ચઢાવી દીધું હતું.

ત્યારબાદ બાળકની તબિયત વધુ બગડી હતી. ચાર-પાંચ દિવસ દાખલ રાખ્યા બાદ ગત તા. ૧૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ દવા આપી રજા અપાઈ હતી, પરંતુ કોઈ

અનુસંધાન પાના ૭ પર

અમેરિકાને ગ્રીનલેન્ડમાં સૈન્ય વધારવાની ડેનમાર્ક સંસદની મંજૂરી

ટ્રમ્પે ૪ મહિના પહેલા ગ્રીનલેન્ડને કબજો કરવાની ધમકી આપી હતી

નવી દિલ્હી, તા. ૨૦

ડેનમાર્કની સંસદે ગુરુવારે અમેરિકા સાથેના એક સુરક્ષા કરારને મંજૂરી આપી દીધી. આ હેઠળ અમેરિકા ગ્રીનલેન્ડમાં પોતાની સેના અને સૈન્ય મથકો વધારી શકશે.

આ મંજૂરી એવા સમયે મળી છે, જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૭ જુલાઈએ નાટો સમિટ દરમિયાન ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ધમકીનું પુનરાવર્તન કર્યું હતું. તેમના આ નિવેદનથી અમેરિકા અને તેના નાટો સહયોગી દેશો વચ્ચે તણાવ વધી ગયો હતો.ટ્રમ્પ ઘણા મહિનાઓથી ગ્રીનલેન્ડને અમેરિકાના નિયંત્રણમાં લેવાની વાત કરતા આવ્યા છે. અમેરિકા આ ટાપુ પર પોતાની સૈન્ય અને વ્યૂહાત્મક ભૂમિકા વધારવા માંગે છે, જ્યારે તે પહેલાં ડેનમાર્કે સ્પષ્ટ કરી દીધું હતું કે, ગ્રીનલેન્ડ પરનો તેનો અધિકાર કોઈ સમજૂતીનો મુદ્દો નથી.નવા કરારથી બંને દેશોએ વચલો રસ્તો કાઢ્યો છે. રોયટર્સના જણાવ્યા મુજબ, અમેરિકાને ત્યાં પોતાની સૈન્ય હાજરી વધારવાની છૂટ મળી ગઈ છે, પરંતુ ગ્રીનલેન્ડની રાજકીય સ્થિતિમાં કોઈ ફેરફાર થશે નહીં. એટલે કે તે ડેનમાર્કના અધિકાર હેઠળ જ રહેશે.

ગ્રીનલેન્ડની સૌથી મોટી ખાસિયત તેની ભૌગોલિક સ્થિતિ છે. તે ઉત્તર અમેરિકા, યુરોપ અને આર્કટિકની વચ્ચે આવેલું છે. આ કારણે અહીં આવેલા સૈન્ય મથકોની મદદથી અમેરિકાને ઘણા મહત્વપૂર્ણ વિસ્તારો પર નજર રાખવામાં મદદ મળે છે.

ગ્રીનલેન્ડમાં અમેરિકાનું 'પિટુફિક સ્પેસ બેઝ' પણ છે. અહીંથી મિસાઈલ હુમલાની ચેતવણી આપવા, મિસાઈલ સુરક્ષા અને અંતરિક્ષમાં થતી પ્રવૃત્તિઓ પર નજર રાખવાનું કામ કરવામાં આવે છે.

આ મથકની મદદથી અમેરિકા ઉત્તર અમેરિકા તરફ આવતી સંભવિત મિસાઈલોને ટ્રેક કરી શકે છે. સાથે જ,

અનુસંધાન પાના ૭ પર

અમેરિકામાં નિશિખલ ગુપ્તાની સજા અંગે કોર્ટમાં આજે સુનાવણી

નિખિલ ગુપ્તા પર આતંકવાદી પન્નૂની હત્યાના કાવતરાનો આરોપ

નવી દિલ્હી, તા. ૨૦

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નૂની હત્યાનું કાવતરું ઘડવાના મામલે ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને આજે સજા સંભળાવવામાં આવશે. ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં યોજાનારી સુનાવણી દરમિયાન પન્નૂ પણ પોતે હાજર રહેશે. ૨૦૨૩માં હત્યાના કાવતરાનો મામલો સામે આવ્યા બાદ પહેલીવાર બંનેનો સામનો થઈ શકે છે. ૫૫ વર્ષીય નિખિલ ગુપ્તાએ આ વર્ષે ફેબ્રુઆરીમાં પોતાના પર લાગેલા આરોપો સ્વીકારી લીધા હતા. અમેરિકન સરકારી વકીલોએ તેના માટે ૨૪ વર્ષની જેલની સજાની માગણી કરી છે.

બીજી તરફ, ગુપ્તાના વકીલોએ સજા ઘટાડીને ૧૨ વર્ષ કરવાની અપીલ કરી છે. અમેરિકન જિલ્લા ન્યાયાધીશ વિક્ટર મારેરો સ્થાનિક સમય મુજબ સવારે ૧૦ વાગ્યે સુનાવણી કરશે.

સુનાવણી દરમિયાન પન્નૂ અને ગુપ્તા બંનેને અદાલતમાં પોતાની વાત રજૂ કરવાની તક મળી શકે છે. અમેરિકન સરકારી વકીલોએ જજને પન્નૂને પીડિત સાક્ષી તરીકે ૨૦ મિનિટ બોલવાની મંજૂરી આપવાની માગ કરી છે.

ઈન્ડિયન એક્સપ્રેસના

અનુસંધાન પાના ૭ પર

જગ્યાના અભાવે જાપાન દ્વારા ભારત ખાતે મિસાઈલનું પરીક્ષણ કરાશે

૧૦૦૦ કિમીની રેન્જ ધરાવતી મિસાઈલના પરીક્ષણ અંગે બન્ને દેશોની સંમતિ

નવી દિલ્હી, તા. ૨૦

ભારત અને જાપાન વચ્ચે સંરક્ષણ સહયોગમાં મોટું પગલું લેવામાં આવ્યું છે. જાપાનની સેના આવતા વર્ષથી પોતાની લાંબા અંતરની મિસાઈલોનું પરીક્ષણ ભારતની ફાયરિંગ રેન્જમાં કરી શકશે. ગુરુવારે બંને દેશો વચ્ચે ટોક્યોમાં યોજાયેલી મંત્રિસ્તરીય વાટાઘાટોમાં આ અંગે સંમતિ બની છે.

જાપાન ખાસ કરીને લગભગ ૧૦૦૦ કિલોમીટર સુધીની મારક ક્ષમતા ધરાવતી ટાઇપ-૨૫ એન્ટી-શિપ મિસાઈલ અને નાના એટેક ડ્રોનનું પરીક્ષણ કરવા માંગે છે, પરંતુ જાપાન પાસે પરીક્ષણ માટે આટલી લાંબી રેન્જ ધરાવતી ખાલી જગ્યા નથી.

જાપાનના સંરક્ષણ મંત્રી શિંજિરો કોઈઝુમીએ કહ્યું- અમે આ વાત પર સહમત થયા છીએ કે, આવતા વર્ષે જાપાનની સેલ્ફ ડિફેન્સ ફોર્સ પહેલીવાર ભારતની ફાયરિંગ રેન્જનો ઉપયોગ કરશે. આ વ્યૂહાત્મક રીતે પણ એક મોટું પગલું છે.

જાપાન સામે મિસાઈલોના લાઈવ-ફાયર પરીક્ષણ માટેની રેન્જ ધરાવતી જગ્યા હંમેશાંથી મોટો પડકાર રહી છે. કારણ કે જાપાન અનેક દ્વીપોથી બનેલો દેશ છે. ત્યાં વસ્તીની ગીચતા ઘણી વધારે છે અને સમુદ્રની આસપાસનો વિસ્તાર વેપારી પ્રવૃત્તિઓને કારણે વ્યસ્ત રહે છે.

જ્યારે, લાંબા અંતરની મિસાઈલોનું પરીક્ષણ કરવા માટે વિશાળ અને સુરક્ષિત ફાયરિંગ ક્ષેત્રની જરૂર પડે છે. મિસાઈલ છોડ્યા પછી તેના સમગ્ર માર્ગ અને સંભવિત અસરગ્રસ્ત વિસ્તાર પર નજર રાખવી પડે છે. આવા પરીક્ષણો માટે સમુદ્રમાં પણ પૂરતી ખાલી જગ્યા શોધવી પડે છે, જેથી કોઈ જહાજ અથવા નાગરિક પ્રવૃત્તિને જોખમ ન પહોંચે.

આ સંદર્ભમાં ભારત પાસે વધુ સારી પરિસ્થિતિઓ છે. આપણા દેશમાં વિશાળ સૈન્ય તાલીમ ક્ષેત્રો અને

અનુસંધાન પાના ૭ પર



રાજકુમાર બેનિવાલના અધ્યક્ષતામાં મેટ્રો રેલ પ્રોજેક્ટ કામગીરીની સમીક્ષા બેઠક યોજાઇ

મહાનગરપાલિકાના અધિકારીઓની ઉપસ્થિતિમાં વિવિધ કામગીરીની સમીક્ષા કરવામાં આવી

સુરત, તા.૨૦

સુરત શહેરમાં અમલીકરણ હેઠળના મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત કામગીરીની પ્રગતિની સમીક્ષા કરવાના હેતુથી આજ રોજ સુરત મહાનગરપાલિકાના ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) ખાતે કમિશનરશ્રી રાજકુમાર બેનિવાલની અધ્યક્ષતા હેઠળ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ ના અધિકારીઓ તથા સુરત મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન મેટ્રો રેલ પ્રોજેક્ટને લગતી વિવિધ કામગીરીની પ્રગતિ, અમલીકરણની સ્થિતિ તથા સંબંધિત વિભાગો વચ્ચેના સંકલન અંગે સમીક્ષા કરવામાં આવી હતી. શહેરના જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવાના હેતુથી અમલી મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી સમયસર અને સુચારુ રીતે આગળ વધે તે સંદર્ભે બેઠકમાં ચર્ચા કરી કમિશનરશ્રીએ પ્રોજેક્ટની કામગીરી સંદર્ભે જરૂરી સૂચનો કર્યા હતા.

પશ્ચિમ રેલવે ઉધનાથી મધુબની, જયનગર અને હસનપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવશે

સુરત, તા.૨૦

યાત્રીઓની સુવિધા તથા યાત્રાની વધતી માંગને પહોંચી વળવાના હેતુથી પશ્ચિમ રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેનોને હવે વિશેષ ભાડા પર આરક્ષિત શ્રેણી (Reserved Categroy) તરીકે ચલાવવામાં આવશે.પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર આ ટ્રેનોની વિગત નીચે મુજબ છે . ૧. ટ્રેન નંબર ૦૯૦૪૫ / ૦૯૦૪૬ ઉધના - મધુબની - ઉધના સ્પેશિયલ ટ્રેન (૪ ફેરા) ટ્રેન નંબર ૦૯૦૪૫ ઉધના - મધુબની સ્પેશિયલ રવિવાર, ૨૨ અને ૨૯ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ઉધનાથી ઉપડશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૦૪૬ મધુબની - ઉધના સ્પેશિયલ સોમવાર, ૨૩ અને ૩૦ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ મધુબનીથી ઉપડશે. આ ટ્રેનમાં શયનયાન શ્રેણી (આરક્ષિત શ્રેણી) અને સામાન્ય દ્વિતીય શ્રેણી (અનારક્ષિત) ના કોચ હશે.૨. ટ્રેન નંબર ૦૯૦૪૭ / ૦૯૦૪૮ ઉધના - જયનગર - ઉધના સ્પેશિયલ ટ્રેન (૪ ફેરા) ટ્રેન નંબર ૦૯૦૪૭ ઉધના - જયનગર સ્પેશિયલ રવિવાર, ૨૨ અને ૨૯ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ઉધનાથી ઉપડશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૦૪૮ જયનગર - ઉધના સ્પેશિયલ સોમવાર, ૨૩ અને ૩૦ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ જયનગરથી ઉપડશે. આ ટ્રેનમાં શયનયાન શ્રેણી (આરક્ષિત શ્રેણી) અને સામાન્ય દ્વિતીય શ્રેણી (અનારક્ષિત) ના કોચ હશે. ૩. ટ્રેન નંબર ૦૯૦૪૧ / ૦૯૦૪૨ ઉધના - હસનપુર રોડ - ઉધના / નંદુરબાર સ્પેશિયલ ટ્રેન (૪ ફેરા) ટ્રેન નંબર ૦૯૦૪૧ ઉધના - હસનપુર રોડ સ્પેશિયલ શનિવાર, ૨૧ અને ૨૮ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ઉધનાથી ઉપડશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૦૪૨ હસનપુર રોડ - ઉધના / નંદુરબાર સ્પેશિયલ, સોમવાર, ૨૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ હસનપુર રોડથી ઉધના સુધી તથા સોમવાર, ૩૦ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ હસનપુર રોડથી નંદુરબાર સુધી ચાલશે. આ ટ્રેનમાં શયનયાન શ્રેણી (આરક્ષિત શ્રેણી) અને સામાન્ય દ્વિતીય શ્રેણી (અનારક્ષિત) ના કોચ હશે. ૪. ટ્રેન નંબર ૦૯૧૫૧ / ૦૯૧૫૨ ઉધના - મધુબની - ઉધના સ્પેશિયલ ટ્રેન (૬ ફેરા) ટ્રેન નંબર ૦૯૧૫૧ ઉધના - મધુબની સ્પેશિયલ બુધવાર અને શુક્રવારે તારીખ ૨૦, ૨૫ અને ૨૭ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ઉધનાથી ઉપડશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૧૫૨ મધુબની - ઉધના સ્પેશિયલ શુક્રવાર અને રવિવારે તારીખ ૨૨, ૨૭ અને ૨૯ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ મધુબનીથી ઉપડશે.

આ ટ્રેનમાં શયનયાન શ્રેણી (આરક્ષિત શ્રેણી) અને સામાન્ય દ્વિતીય શ્રેણી (અનારક્ષિત) ના કોચ હશે.ટ્રેન નંબર ૦૯૧૫૧ નું આરક્ષિત બુકિંગ તમામ ઈજી કાઉન્ટરો અને IRCTC ની વેબસાઈટ પર શરૂ થઈ ગયું છે અને ટ્રેન નંબર ૦૯૦૪૫, ૦૯૦૪૭ અને ૦૯૦૪૧નું આરક્ષિત બુકિંગ ૨૦ નવેમ્બર, ૨૦૨૬ થી તમામ કાઉન્ટરો અને IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને http://www.enquiry.indianrail.gov.in પર જઈને જોઈ શકે છે.

અરુણ કુમાર મીણાએ પશ્ચિમ રેલવેના પીઆરઓ તરીકેનો પદભાર સંભાળ્યો

સુરત, તા.૨૦

૨૦૧૪ બેચના ભારતીય રેલ યાતાયાત સેવા (IRTS) ના અધિકારી શ્રી અરુણ કુમાર મીણાએ ૧૯ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ પશ્ચિમ રેલવેના નવા મુખ્ય જનસંપર્ક અધિકારી તરીકે કાર્યભાર સંભાળ્યો છે. આઈઆઈટી બોમ્બેના પૂર્વ વિદ્યાર્થી રહેલા શ્રી મીણાએ ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં બેચલર ઓફ ટેક્નોલોજી અને માસ્ટર ઓફ ટેક્નોલોજીની ડબલ ડિગ્રી મેળવી છે. તેમને રેલ પરિચાલન અને વાણિજ્યિક પ્રવૃત્તિઓના વિવિધ પાસાઓના સંચાલનનો સમૃદ્ધ અને વૈવિધ્યસભર અનુભવ છે.

મુખ્ય જનસંપર્ક અધિકારી તરીકેની આ નવી જવાબદારી પહેલા, તેમણે મુંબઈ સેન્ટ્રલ મંડળના વરિષ્ઠ મંડળ પરિચાલન પ્રબંધક તરીકે કાર્ય કર્યું હતું. આ પહેલા તેમના કાર્યકાળ દરમિયાન તેમણે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં વરિષ્ઠ મંડળ પરિચાલન પ્રબંધક (સામાન્ય) તથા મુંબઈ સેન્ટ્રલ મંડળમાં મંડળ વાણિજ્ય પ્રબંધક (FM), મંડળ પરિચાલન પ્રબંધક અને સહાયક પરિચાલન પ્રબંધક (M) જેવા મહત્વપૂર્ણ પદો પર કાર્ય કર્યું છે. આ ઉપરાંત, તેમણે પૂર્વ રેલવેના માલદા મંડળમાં સહાયક વાણિજ્ય પ્રબંધક તરીકે પણ સેવાઓ આપી છે. તેમની અનુકરણીય સેવા અને સમર્પણ બદલ તેમને તેમના કાર્યકાળમાં પ્રતિષ્ઠિત મહાપ્રબંધક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. પોતાની વ્યાવસાયિક જવાબદારીઓ ઉપરાંત, શ્રી મીણાને રમતગમતમાં પણ ઊંડો રસ છે.

અડાજણ શીટ નં. ૩૯ના રેકર્ડનું જમીન મહેસુલ હેઠળ પ્રમોલગેશન

પ્રોપર્ટી કાર્ડ, રેકર્ડ, નકશા સામે જો કોઈને વાંધો હોય તો લેખિતમાં રજૂ કરવા અનુરોધ

સુરત, તા.૨૦

સુરત શહેરના અડાજણ(તા.અડાજણ)માં સિટી સર્વે દાખલ કરવા માટે મળેલી મંજૂરી અનુસાર જમીન દફ્તર નિરીક્ષક સુરત શહેર, અડાજણની કચેરીના શીટ નં.૩૯, ચા.શીટ નં.૧૩૪(૧૨ અડાજણ)નું રેકર્ડ તૈયાર કરીને તા.૦૩/૧૨/૨૦૨૬ના રોજ ગુજરાત જમીન મહેસુલ નિયમો મુજબ પ્રમાણિત કરવામાં આવનાર છે. તૈયાર થયેલા અડાજણના રેકર્ડને જમીન દફ્તર નિરીક્ષક સુરત શહેર, અડાજણની કચેરીમાં ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જેથી આ પ્રોપર્ટી કાર્ડ, રેકર્ડ, નકશા સામે જો કોઈને વાંધો હોય તો તા. ૦૩/૧૨/૨૦૨૬ સુધીમાં જમીન દફ્તર નિરીક્ષક સુરત શહેર, અડાજણની કચેરી, મહેસુલી ભવન, સિટી પ્રાંત(ઉત્તર)-અડાજણ, પાલ તળાવની બાજુમાં, પાલ, તા.અડાજણ, જિ.સુરત-૩૯૪૫૧૦ ખાતે લેખિતમાં કે રૂબરૂમાં રજૂ કરવા નાયબ નિયામક, જમીન દફ્તર-સુરતની યાદીમાં જણાવાયું છે.

નાગરિકોની સુવિધા માટે ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક હવે જાહેર રજાના દિવસોમાં પણ કાર્યરત રહેશે

સુરત, તા.૨૦

સુરત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી(RTO) દ્વારા નાગરિકોની સુવિધા અર્થે એક પ્રશંસનીય પહેલ હાથ ધરાઈ છે. ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવવા હવેથી જાહેર રજાના દિવસોમાં પણ સુરત આરટીઓના ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક કાર્યરત રાખવામાં આવશે.

આ પહેલથી ખાસ કરીને નોકરી, વ્યવસાય કે અન્ય વ્યસ્તતાને કારણે સામાન્ય કાર્યદિવસોમાં ડ્રાઇવિંગ ટેસ્ટ માટે સમય ફાળવી ન શકતા અરજદારોને મોટી રાહત મળશે. ઉપરાંત, ટેસ્ટ માટે વધારાના દિવસો ઉપલબ્ધ થવાથી અરજદારોની સુવિધામાં વધારો થશે અને કામગીરીનું વધુ સુવ્યવસ્થિત આયોજન શક્ય બનશે. નાગરિકોને આ સુવિધાનો લાભ લેવા માટે નિર્ધારિત ઓનલાઇન પ્રક્રિયા મુજબ ડ્રાઇવિંગ ટેસ્ટની એપોઇન્ટમેન્ટ મેળવવા પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, પાલ સુરત દ્વારા અપીલ કરાઈ છે.



વિશ્વ શૌચાલય દિવસના અનુસંધાને વરાછા ખાતે શૌચાલયનું ઉદ્ઘાટન

સુરત, તા.૨૦

આજે ૧૯ નવેમ્બર ૨૦૨૬ના રોજ "વિશ્વ શૌચાલય દિવસ" ના અનુસંધાને સુરત મહાનગરપાલિકા ના નવો પૂર્વ ઝોન સરથાણા ના લસકાણા ડાયમંડ નગર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર મા વરાછા મેઈન રોડ ખાતે શૌચાલય નું ઉદ્ઘાટન/લોકાર્પણ મહાનગર પાલિકાના ઈલેક્શન વોર્ડ નંબર ૦૩ ના કોર્પોરેટર શ્રી સુરેશભાઈ ધામેલિયા ના હસ્તે કરવા માં આવેલ છે, સદર કાર્યક્રમ મા જાહેર જનતા, સામાજિક કાર્યકરો તથા સુરત મહાનગર પાલિકાના સ્ટાફ ઉપસ્થિત રહેલ છે, સદર કાર્યક્રમ મા સ્વચ્છ શૌચાલય, સમજદાર નાગરિકની ઓળખ બાબતે ,જાહેર શૌચાલયનો ઉપયોગ કરતી વખતે સ્વચ્છતા જાળવવી એ માત્ર આપણી આદત નહીં, પરંતુ સામૂહિક જવાબદારી છે,જાહેર સુવિધાઓને સ્વચ્છ અને સુરક્ષિત રાખવા માટે નાની-નાની બાબતોનું ધ્યાન રાખવા,શૌચાલય નો ઉપયોગ કર્યા બાદ ફ્લશ અવશ્ય કરવા, કચરો હંમેશા ડસ્ટબિન માં જ નાખવા, શૌચાલયને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવા, નળ, દરવાજા, ફ્લશ કે અન્ય સુવિધાઓને નુકસાન ન પહોંચાડવા, તમે જેમ સ્વચ્છ શૌચાલય ઈચ્છો છો, તેમ જ બીજા માટે પણ સ્વચ્છ રાખવા, જાહેર સુવિધા આપણી સંપત્તિ છે અને તેની જાળવણી આપણી જવાબદારી નિભાવવા તથા નાગરિક તરીકેની આપણી ફરજ નિભાવી અને સ્વચ્છ, સ્વસ્થ તથા સુંદર ગુજરાતના નિર્માણમાં સહભાગી બનવા,સ્વચ્છ શૌચાલય – જાગૃત નાગરિકની ઓળખ પ્રસ્થાપિત કરવા જાહેર જનતા ને અપીલ કરવા માં આવેલ છે.

પાકમાં રોગ-જીવાત નિયંત્રણ તથા ખાતર વ્યવસ્થાપન અંગે ખેડૂત તાલીમ શિબિર

કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ પાક સંરક્ષણ, આધુનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું

નવસારી, તા.૨૦

નવસારી તાલુકાના નવાગામ ખાતે રામેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, નવસારી દ્વારા 'આંબા અને ચીકુના પાકમાં સંકલિત રોગ-જીવાત નિયંત્રણ અને ખાતર વ્યવસ્થાપન' વિષય પર એક દિવસીય પરિસંવાદ અને ખેડૂત તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ આંબા અને ચીકુના પાકમાં થતા વિવિધ રોગ-જીવાત, તેમના સંકલિત નિયંત્રણના ઉપાયો, ખાતર વ્યવસ્થાપન તથા આધુનિક ખેતી પદ્ધતિઓ અંગે ઉપસ્થિત ખેડૂતોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ તાલીમ શિબિર કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, નિવૃત્ત શિક્ષણ નિયામકશ્રી તથા ઉત્સાહી શ્રી આર.બી. પટેલના આયોજન અને સહયોગથી યોજાઈ હતી. શિબિરમાં અ�જ્રામા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી બીપીનભાઈ નાયકે આંબા અને ચીકુના પાકમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ અભિગમો તથા તેના લાભો અંગે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે ડૉ. અંકુરભાઈ પરમારે ચીકુના પાકની ખેતી, પાકની સંભાળ અને ઉત્પાદન વધારવા અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે ડૉ. વિનયભાઈએ કિચન ગાર્ડનના મહત્વ અંગે સમજાવતાં ઘરઆંગણે ઓછી જગ્યામાં આખું વર્ષ વિવિધ શાકભાજીનું ઉત્પાદન કેવી રીતે કરી શકાય તે અંગે ઉપસ્થિત બહેનોને વ્યવહારુ માહિતી આપી હતી. આ તાલીમ શિબિરમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો ડૉ. પરેશભાઈ પટેલ, ડૉ. અંકુરભાઈ પટેલ, ડૉ. ડી.કે. શર્મા અને ડૉ. વિનયભાઈ પરમાર તેમજ નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, નવસારીના શ્રી દિનેશ પડાલીયા સહિત બાગાયત કચેરીના

અનુસંધાન પાના ૭ પર

રાંદેર ઝોન વિસ્તારમાં શનિવારે પાણી આવશે નહીં

અંડરગ્રાઉન્ડ ટાંકીની સફાઇની કામગીરીના કારણે પાણી પુરવઠો પુરો પડાશે નહીં

સુરત, તા.૨૦

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં જોગાણીનગર જળવિતરણ મથકના કેમ્પસમાં આવેલ ઓવરહેડ ટાંકી અને જહાંગીરપુરા ઓવરહેડ ટાંકી-૧ ના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક વિસ્તારમાં તા. ૨૧/૧૧/૨૦૨૬ શનિવાર ના રોજ સાંજના સમયે અપાતો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે. સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટિબદ્ધ છે. સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ ધ્વારા સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમયમર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં હાઈડ્રોલિક વિભાગ હસ્તકના જોગાણીનગર જળવિતરણ મથકની અંડરગ્રાઉન્ડ ટાંકીની સફાઇ અને સાથે કેમ્પસમાં જરૂરી મેઇન્ટેનન્સની અગત્યની કામગીરી અગામી તા.૨૧/૧૧/૨૦૨૬ શનીવાર ના રોજ સવારે ૧૦:૦૦ કલાક થી કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી હાથ ધરવામાં આવનાર હોય, સદર દિને નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

પશ્ચિમ ઝોન(રાંદેર) ના નીચે મુજબના વિસ્તારમાં તા. ૨૧/૧૧/૨૦૨૬ શનિવાર ના રોજ સાંજના સમયે અપાતો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે.

પશ્ચિમ ઝોન(રાંદેર) જોગાણીનગર જળવિતરણ મથક (સાંજનો સપ્લાય) ૪.૪૫ થી ૮.૫૦ સાંજે મેરૂલક્ષમી સોસાયટી, રંગઅવધુત સોસાયટી વિભાગ-૩, ગુજરાત હાઉસીગ બોર્ડ, સુમન સંધ્યા આવાસ, હયાત રેસીડેન્સી, રોયલ હેરીટેજ, સુલ્તાનીયા જીમખાના વસાહત, રાંદેર ગામતળ તથા આસપાસની સોસાયટીઓ / લાગુ વિસ્તાર પશ્ચિમ ઝોન(રાંદેર) જોગાણીનગર જળવિતરણ મથક (સાંજનો સપ્લાય) ૫.૩૦ થી ૮.૫૦ સાંજે

શાશ્વત કોમ્પ્લેક્ષ, રીયલ કેદાર ભવન, સહજધામ રો હાઉસ, વસંત વિહાર રો હાઉસ, પરશુરામ ગાર્ડન, સુમન વિહાર, મિલન પાર્ક, ગ્રીન વેલી રેસીડેન્સી, શુકન રેસીડેન્સી, શુભમ પાર્ક, પ્રવેગ રો હાઉસ, ઋતુરાજ રો હાઉસ, સજની રો હાઉસ, મહર્ષિ અરવીંદ સોસાયટી તથા તેની આસપાસની સોસાયટીઓ / લાગુ વિસ્તારો.

રામકુટીર રો હાઉસ, ભાગ્યનિધી રો હાઉસ, સાંઈ જ્યોત રો હાઉસ, પાલવ રો હાઉસ, ગોવર્ધન પાર્ક, સરગમ પાર્ક, અક્ષરધામ સોસાયટી, રાધા પાર્ક, કરણ પાર્ક, હરીદર્શન સોસાયટી, રામેશ્વર સોસાયટી, ઉમિયા પાર્ક, હરીદ્વાર સોસાયટી, આત્મન પાર્ક તથા તેની આસપાસની સોસાયટીઓ / લાગુ વિસ્તારો. માતૃ છાયા રો હાઉસ, સાંઈ વિહાર રો હાઉસ, મણીનગર સોસાયટી, સાંઈ લીલા રો હાઉસ, આશાનગર, શિવ રો હાઉસ, સંસ્કાર પાર્ક, ઉમા પાર્ક સોસાયટી, હરીઓમ નગર, મણી રત્ન એપાર્ટમેન્ટ એન્ડ રો હાઉસ, શ્રીનાથ સોસાયટી, રેવાનગર સોસાયટી, નવરંગ સોસાયટી, કંકુનગર, પ્રસંગ રેસીડેન્સી, વેસ્ટર્ન વીલા, ગ્રીન એવેન્યુ, ગુરૂકૃપા સોસાયટી, યોગેશ્વર પાર્ક, રેખા પાર્ક તથા તેની આસપાસની સોસાયટીઓ / લાગુ વિસ્તારો.

પશ્ચિમ ઝોન(રાંદેર) જહાંગીરપુરા ESR ૧ (સાંજનો સપ્લાય) ૪.૩૦ થી ૧૦.૦૦ સાંજે રામનગર, રાંદેર ગામતળ, ભાગ્યલક્ષ્મી સોસાયટી, અંબિકા નગર સોસાયટી, પંચવટી સોસાયટી, રાજદર્શન સોસાયટી, શ્રીજી નગરી, સાઇટ એન્ડ સર્વીસ વસાહત, આંબેડકરનગર વસાહત, ભગુનગર, રવજીનગર, ગંગાનગર, હનુમાન ટેકરી, રામનગર ચાર રસ્તા થી મોરાભાગળ ચાર રસ્તાને સંલગ્ન વિસ્તાર તથા તેની આસપાસની સોસાયટીઓ / લાગુ વિસ્તારો. ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં નાગરિકોએ સહકાર આપવા વિનંતી તથા થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

ગણદેવીના અજરાઇ ખાતે જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત મહિલા સભા

મહિલાઓનું સશક્તિકરણ એ સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસનો મજબૂત પાયો છે : ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ

નવસારી, તા.૨૦

ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગણદેવી તાલુકાના અજરાઈ ખાતે નવસારીના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં મહિલા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈએ ભગવાન બિરસા મુંડાજીના જીવન, સંઘર્ષ અને આદિવાસી સમાજના ઉત્થાન માટે આપેલા અમૂલ્ય યોગદાન અંગે પ્રેરણાદાયી વાતો કરી હતી. વધુમાં તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના સશક્તિકરણ, સ્વાવલંબન અને સર્વાંગી વિકાસ માટે અમલી બનાવવામાં આવેલી વિવિધ મહિલાલક્ષી અને કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપી હતી. સમાજના વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓના મહત્વપૂર્ણ યોગદાનની સરાહના કરી મહિલાઓને સરકારની યોજનાઓનો લાભ લઈ આત્મનિર્ભર બનવા અનુરોધ કર્યો હતો.કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે મંજૂરી હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કારોબારી સભ્યશ્રી અનિતાબેન પરમાર, નવસારી જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી જીગરકુમાર દેસાઈ, નવસારી જિલ્લા ભાજપ ઉપપ્રમુખશ્રી મુકેશભાઈ પટેલ, મહિલા મોરચાના જિલ્લા મહામંત્રીશ્રી નીતિજ્ઞાબેન પટેલ, ગણદેવી તાલુકા ભાજપ પ્રમુખશ્રી શૈલેષભાઈ હળપતિ, સંસ્થાના પ્રમુખશ્રી ભગુભાઈ હરજી, સંસ્થાના મંત્રીશ્રી સંદીપભાઈ નાયક, નવસારી મંડળ પ્રમુખશ્રી તન્વીબેન પંચાલ તથા તાલુકા પંચાયત સભ્યશ્રી સંગીતાબેન દેસાઈ સહિત આગેવાનો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

વાંસદા ખાતે જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત મહિલા સભાનું આયોજન કરાયું

આદિવાસી સમાજની ભાષા, સંસ્કૃતિ અને ગૌરવશાળી પરંપરાનું જતન કરવું એ સૌની જવાબદારી : શ્રદ્ધાબેન રાજપૂત

નવસારી, તા.૧૯

ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ઉજવાઈ રહેલા જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત વાંસદાની પ્રતાપ હાઈસ્કૂલ ખાતે મહિલા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓના સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય, સ્વાવલંબન અને સરકારની વિવિધ મહિલા કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રદ્ધાબેન રાજપૂતે ભગવાન બિરસા મુંડાના જીવન અને સંઘર્ષને યાદ કરતાં જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજો સામે લડત આપીને જળ, જંગલ અને જમીનના અધિકારો માટે ઐતિહાસિક સંઘર્ષ કર્યો હતો. તેઓ માત્ર સ્વાતંત્ર્ય સેનાની જ નહીં, પરંતુ સમાજ સુધારક પણ હતા. તેમણે વ્યસનમુક્તિ, સામાજિક એકતાનો સંદેશ આપ્યો હતો. એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલો દ્વારા આદિવાસી બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણની તકો મળી રહી છે. આદિવાસી સમાજની વિવિધ ભાષાઓ, પરંપરાઓ અને સંસ્કૃતિનું જતન કરવું એ આપણી સૌની જવાબદારી છે.



વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આદિવાસી સમાજની અનેક બહેનોએ પોતાની ઉત્કૃષ્ટ કામગીરીથી પદ્મભૂષણ જેવા રાષ્ટ્રીય સન્માન મેળવ્યાં છે. આજે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ સહિત દેશની અનેક મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા અને ક્ષમતાનો પરિચય આપી રહી છે. રમતગમત, શિક્ષણ અને સામાજિક સેવા સહિત દરેક ક્ષેત્રમાં મહિલાઓ આગળ વધી રહી છે. મહિલાઓનો ગૌરવશાળી ઇતિહાસ અને સિદ્ધિઓ નવી પેઢી માટે પ્રેરણારૂપ છે.

આ પ્રસંગે મયંકભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા મહિલાઓના સન્માન, સુરક્ષા અને સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. માતૃશક્તિ વંદના, માતા અને બાળ સુરક્ષા, કન્યા કેળવણી મહોત્સવ, ગંગા સ્વરૂપા યોજના, દીકરીઓ માટે શિષ્યવૃત્તિ સહિતની યોજનાઓ થકી મહિલાઓ અને દીકરીઓને શિક્ષણ તથા વિકાસની નવી તકો મળી રહી છે. દરેક ગામની દીકરી શિક્ષિત બને તે માટે સૌએ સામૂહિક પ્રયાસો કરવા જોઈએ. આંગણવાડી બહેનોની કામગીરી, નંદ ઘર જેવી પહેલ, પશુપાલન ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી અને મિશન મંગલમ અંતર્ગત સખીમંડળો દ્વારા મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બની રહી છે. કાર્યક્રમ દરમિયાન સખીમંડળની બહેનોએ

અનુસંધાન પાના ૭ પર

અદાણી એનર્જી સોલ્યુશન્સને બિહારમાં ટ્રાન્સમિશન પ્રકલ્પ મળ્યો

અમદાવાદ, ૧૯ નવેમ્બર ૨૦૨૬: ભારતની અગ્રણી ખાનગી ક્ષેત્રની વીજ ટ્રાન્સમિશન અને વીજ વિતરણ કંપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.ને બિહારના પીરપેંતી ખાતે નિર્માણાધીન ૨૪૦૦ મેગાવોટ ક્ષમતાના વીજ પ્રકલ્પમાંથી વીજળીના નિષ્કમણ માટે એક પ્રકલ્પ મળ્યો હોવાની માહિતી આપતા કંપનીએ આજે જણાવ્યું હતું કે 'શુલ્ક આધારિત સ્પર્ધાત્મક લિલામની પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થયેલ આ પ્રકલ્પ કાર્યરત થયા બાદ વાર્ષિક આશરે રુ.૫૦૦ કરોડની શુલ્કની આવક પેદા કરશે.

પીરપેંતીમાં આવેલા દરેકની ૮૦૦ મેગાવોટની ક્ષમતાના એવા કુલ ત્રણ એકમમાંથી વીજળીનું નિષ્કમણ" (Evacuation of Power from 3X800 MW STPP Pirpainti) શીર્ષક હેઠળનો આ પ્રકલ્પ 'વિક્રમશિલા પાવર ટ્રાન્સમિશન લિ. નામક ' 'સ્પેશિયલ પર્પઝ વ્હીકલ' થકી અમલી બનાવીને ૨૦૨૮ના છેલ્લા ત્રિમાસિક ગાળા સુધીમાં પૂર્ણ કરાશે. પીરપેંતી પાવર પ્લાન્ટમાંથી વીજળીના ઈવેક્યુએશન ઉપરાંત આ પ્રકલ્પ રાજ્યના ટ્રાન્સમિશન માળખાને મજબૂત બનાવી વીજ પુરવઠાની વિશ્વસનીયતામાં વધારો કરશે.

અદાણી એનર્જી સોલ્યુશન્સના સી.ઈ.ઓ શ્રી કંદર્પ પટેલે જણાવ્યું હતું કે " ૨,૪૦૦ મેગાવોટની વીજ ઉત્પાદન ક્ષમતા માટે પીરપેંતી ટ્રાન્સમિશન યોજના એક મજબૂત ઈવેક્યુએશનની વ્યવસ્થાનું નિર્માણ કરી બિહારના ટ્રાન્સમિશન માળખાને વધુ સુદ્રઢ બનાવશે. તેમણે જણાવ્યું હતું કે આના પરિણામે ગ્રીડની વિશ્વસનીયતા અને સ્થિતિસ્થાપકતા વધવા સાથે બિહાર રાજ્યને તેની વધતી જતી વીજળીની માંગ પૂરી કરવામાં મદદ મળશે. તેમણે આ તકે દેશની લાંબા ગાળાની ઊર્જા સુરક્ષાને આધાર આપે તેવું વિશ્વસનીય અને કાર્યક્ષમ ટ્રાન્સમિશન માળખું વિકસાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રકલ્પ સંપ્ન થતાં અદાણી એનર્જી સોલ્યુશન્સના વીજ વિતરણ પોર્ટફોલિયોમાં ૮૮૧ સર્કિટ કિલોમીટર ટ્રાન્સમિશન લાઈન્સ અને ૩,૧૬૦ MVA ટ્રાન્સફોર્મેશન ક્ષમતા ઉમેરાવાથી કુલ ક્ષમતા વધીને ૩૦,૬૮૩ સર્કિટ કિલોમીટર અને ૧૪૬,૫૮૫ MVA થશે. આ સાથે કંપનીનું ટ્રાન્સમિશન ક્ષેત્રમાં મૂડી રોકાણ હવે અંદાજે રુ.૯૧,૫૦૦ કરોડ પહોંચ્યું છે.

આ પ્રકલ્પમાં ઝાંઝરપુર, બેથૌલી અને બેગુસરાય ખાતે ચાર 'ગેસ ઈન્સ્યુલેટેડ સબસ્ટેશન્સ' નું નિર્માણ અને તેને સંલગ્ન ટ્રાન્સફોર્મેશન ક્ષમતા સામેલ છે. ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૪૦૦ kV DCDS પીરપેંતી -ઝાંઝરપુર, પીરપેંતી-બેગુસરાઈ અને બેગુસરાઈ-બખ્તિયારપુર લાઈન્સ તેમજ ૨૨૦ kV DCDS ઝાંઝરપુર-બેથૌલી અને બેગુસરાઈ-બેગુસરાઈ ટાઉન લાઈન્સનો સમાવેશ થશે. તેમાં ઝાંઝરપુર ખાતે હાલની ૨૨૦ાફ અને ૧૩૨ ાફ ટ્રાન્સમિશન લાઈનની LILO અને બખ્તિયારપુર GSS ખાતે ૪૦૦ kV લાઈન બેઝનું બાંધકામ પણ સામેલ હશે.

હજીરા ખાતે AM/NS Indiaનો ઓટોમોટિવ સ્ટીલ કોમ્પ્લેક્સ સંપૂર્ણ કાર્યરત થવાના આરે

રૂ.૬૦,૦૦૦ કરોડના હજીરા વિસ્તરણ પ્રોજેક્ટનો એક ભાગ એવા આ કોમ્પ્લેક્સ, ૧,૧૮૦ મેગાપાસ્કલ (MPa) સુધીની ટેન્સાઈલ સ્ટ્રેન્થ ધરાવતા ગ્રેડ સહિત એડવાન્સ્ડ ઓટોમોટિવ સ્ટીલના સ્થાનિક પુરવઠામાં વધારો કરશે.

હજીરા - સુરત, નવેમ્બર ૧૯, ૨૦૨૬ — આર્સેલરમિત્તલ અને નિપ્પોન સ્ટીલના સંયુક્ત સાહસ એવા આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AM/NS India) એ આજે જાહેરાત કરી છે કે ગુજરાતના હજીરા ખાતે તેનો ઈન્ટિગ્રેટેડ ઓટોમોટિવ સ્ટીલ કોમ્પ્લેક્સ સંપૂર્ણપણે કાર્યરત થવાના આરે છે. આ કોમ્પ્લેક્સ એડવાન્સ્ડ હાઈ-સ્ટ્રેન્થ અને કોટેડ સ્ટીલની સ્થાનિક ઉપલબ્ધતામાં વધારો કરશે, જેનાથી ભારતીય ઓટોમેકર્સને સ્પેશિયલાઈઝ્ડ ગ્રેડ માટે આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે.

આ કોમ્પ્લેક્સ ૨૦૨૪માં કન્ટિન્યુઅસ ગેલ્વેનાઈઝિંગ એન્ડ એનિલિંગ લાઈન (CGAL) અને ૨૦૨૫માં કન્ટિન્યુઅસ ગેલ્વેનાઈઝિંગ લાઈન (CGL) કાર્યરત કર્યા બાદ, ૨૦૨૬માં વાર્ષિક ૨ મિલિયન ટનની ક્ષમતા ધરાવતી પિકલિંગ લાઈન એન્ડ ટેન્ડમ કોલ્ડ મિલ (PLTCM) ના ઉમેરા સાથે તૈયાર થયો છે.

આ કોમ્પ્લેક્સ ઓટોમેકર્સને કઈ રીતે મદદરૂપ થશે

આ કોમ્પ્લેક્સ હજીરા ખાતે કોલ્ડ રોલિંગ, એનિલિંગ અને કોટિંગની પ્રક્રિયાઓને એકસાથે લાવે છે. આર્સેલરમિત્તલ અને નિપ્પોન સ્ટીલની ટેકનોલોજીના આધારે, તે ૧,૧૮૦ MPa સુધીની ટેન્સાઈલ સ્ટ્રેન્થ ધરાવતા એડવાન્સ્ડ હાઈ-સ્ટ્રેન્થ સ્ટીલ (AHSS) ની સાથે ગેલ્વેનાઈઝ્ડ (GI), ગેલ્વેનીલ્ડ (GA) અને પ્રેસ-હાર્ડન્ડ સ્ટીલ (PHS) ગ્રેડનું ઉત્પાદન કરી શકે છે.આ ગ્રેડની ઉપલબ્ધતા ઓટોમેકર્સને પસંદગીના ભાગોમાં પાતળા સ્ટીલનો ઉપયોગ કરવા માટે વધુ વિકલ્પો આપે છે, જે મજબૂતીની જરૂરિયાતોને પૂરી કરવાની સાથે વાહનનું વજન ઘટાડે છે. આ ગ્રેડનો ઉપયોગ અકસ્માત સમયે મુસાફરોની સુરક્ષા માટે રચાયેલા માળખામાં પણ થઈ શકે છે, જેમાં B-પિલર અને ડોર ઈમ્પેક્ટ બીમનો સમાવેશ થાય છે.

AM/NS INDIA

સ્થાનિક સ્તરેથી સ્ટીલ મળવાથી સપ્લાયનો સમય ઘટશે અને ઓટોમેકર્સ તથા કમ્પોનન્ટ સપ્લાયર્સને ઉત્પાદનનું આયોજન કરવા માટે વધુ સરળતા રહેશે.

રંજન ધર, ડાયરેક્ટર અને વાઈસ પ્રેસિડેન્ટ – સેલ્સ એન્ડ માર્કેટિંગ, AM/NS Indiaના જણાવ્યાનુસાર, "હજીરા ખાતેનો ઓટોમોટિવ સ્ટીલ કોમ્પ્લેક્સ ભારતીય ઓટોમેકર્સને એવા સ્પેશિયલાઈઝ્ડ ગ્રેડ માટે સ્થાનિક સ્ત્રોત પૂરો પાડશે જેની તેઓ પરંપરાગત રીતે આયાત કરતા આવ્યા છે. આ સ્ટીલ તેમને હળવા વાહનો બનાવવામાં અને સુરક્ષાની કડક જરૂરિયાતોને પૂરી કરવામાં મદદ કરી શકે છે. સાણંદ ખાતે આગામી સ્ટીલ સર્વિસ સેન્ટર સાથે, અમે ગ્રાહકોની વધુ નજીક ચોકસાઈપૂર્વકનું પ્રોસેસિંગ પણ લાવીશું. આ રોકાણો સંયુક્ત રીતે આત્મનિર્ભર ભારતને સમર્થન આપે છે અને ભારતની ઓટોમોટિવ સપ્લાય ચેઈનને મજબૂત બનાવે છે."

AM/NS India ગુજરાતના સાણંદ ખાતે વાર્ષિક ૫,૦૦,૦૦૦ ટનની ક્ષમતા ધરાવતું સમર્પિત ઓટોમોટિવ સ્ટીલ સર્વિસ સેન્ટર (SSC) શરૂ કરવાની યોજના ધરાવે છે. આ સેન્ટર ઓટોમેકર્સ અને કમ્પોનન્ટ સપ્લાયર્સ માટે પ્રિસિઝન કોઈલ પ્રોસેસિંગ પૂરું પાડશે, જે પુણે, ચેન્નાઈ અને નેશનલ કેપિટલ રિજન (NCR) ખાતેના કંપનીના વર્તમાન સર્વિસ સેન્ટર્સને પૂરક બનશે.આ વર્ષની શરૂઆતમાં, AM/NS Indiaએ Zagnelis®? Protect લોન્ચ કર્યું હતું, જે એક પેટન્ટેડ ઝિંક-એલ્યુમિનિયમ-મેગ્નેશિયમ કોટેડ સ્ટીલ છે અને ઓટોમોટિવ ઉપયોગો માટે કાટ સામે રક્ષણ (કોરોઝન રેઝિસ્ટન્સ) તથા ફોર્મેબિલિટીનો સમન્વય ધરાવે છે. તે ભારતીય ઓટોમેકર્સને એવા ઉપયોગો માટે સ્થાનિક સ્તરે ઉત્પાદિત વિકલ્પ પૂરો પાડે છે જે અત્યાર સુધી આયાતી કોટેડ સ્ટીલ પર નિર્ભર હતા.

વૈશ્વિક સોનું ૧૪ મહિનાની નીચી સપાટીએથી પાછું ફર્યું

વૈશ્વિક બજારમાં ગઈકાલે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી, અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો અને અમેરિકી ફેડરલ રિઝર્વ વધુ તંગ નાણાનીતિ અપનાવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ગઈકાલે સોનાના ભાવ ઘટીને ૧૪ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યા હતા અને ચાંદીના ભાવ પણ ઘટી આવ્યા હતા, જ્યારે આજે લંડન ખાતે સત્રના આરંભે બાર્ગેઈન હંટિંગ અને અમુક અંશે વેચાણો કપાતા ભાવમાં નીચા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો.જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા બન્ને કિંમતી ધાતુઓમાં પીછેહઠ જળવાઈ રહેતાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨૯૪નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૨૭થી ૧૬૩૩નો ઘટાડો આવ્યો હતો. આજે હાજરમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત ઘટતી બજારે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૨૯૪ ઘટીને રૂ. ૧,૬૦,૪૩૯ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોનો નવી લેવાલીનો અભાવ તથા જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૬૨૭ ઘટીને રૂ. ૧,૨૯,૦૧૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૬૩૩ના ઘટાડા સાથે રૂ. ૧,૨૯,૫૩૧ના મથાળે રહ્યા હતા. ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ઘટીને સપ્ટેમ્બર, ૨૦૨૫ પછીની નીચી ઔંસદીઠ ૩૬૯૩.૧૩ની સપાટી સુધી પહોંચીને પાછાં ફર્યા હતા. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે ભાવ ઘટ્યા મથાળેથી સાધારણ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૭૩૦.૬૧ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૩ ટકા ઘટીને ૩૭૩૨.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૫.૦૭ ડૉલર આસપાસ રહ્યા હતા. એકંદરે ગઈકાલે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં સુધારો અને ફેડરલની તંગ નાણાનીતિના સંકેતો સાથે સોનાના ભાવ ૧૪ મહિનાના તળિયે પહોંચ્યા હોવાથી બાર્ગેઈન હંટિંગની સાથે આજે શોર્ટ કવરિંગ નીકળતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું ઓરેસિટી કેપિટલના વિશ્લેષક ઝેઈન વાવદાએ જણાવતાં ઉમેર્યું હતું કે અત્રે રસપ્રદ બાબત એ છે કે ગઈકાલે ફેડરલની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેરાત પૂર્વે સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો, જે દર્શાવે છે કે બજારને પહેલેથી ફેડરલની આક્રમક નાણાનીતિને અણસાર આવ્યો હતો.

ધારી લો કે તમને એક કરોડની લોટરી લાગે તો?!

રોકાણ જગતમાં સફળતા-નિષ્ફળતા માટે ઇન્વેસ્ટરનો સ્વભાવ પણ જવાબદાર

બહુ રોચક કલ્પના છે આપ એ જો ખરેખર સાચી પડે તો આવી અણધારી લક્ષ્મીને કઈ રીતે વધાવીને વધુ સમૃદ્ધ થવું

શેરબજારમાં ખોટ જાય ત્યારે રોકાણકારો સૌથી પહેલાં કોને જવાબદાર માને છે? સહેજે છે મંદીને, ભાવ ઘટાડાને, તેમના મૂડી ધોવાણને અને મંદીનાં વિવિધ પરિબળોને, પરંતુ રોકાણકારો પોતે પણ ક્યાંક ચોક્કસ જવાબદાર હોય છે. જેને રોકાણકાર વર્ગે સ્વંય સમજવું-સ્વીકારવું અને સુધરવું પણ પડે. નવા વરસે આવું કંઈક નવું-નોખું વિચારવા જેવું ખરું.

તાજેતરના બે વરસના સમયગાળામાં શેરબજારમાં જે રીતે અને જે પ્રમાણમાં મૂડીધોવાણ થયું છે તેના આંકડાઓ આંખ ઊડીને વળગે એવા છે. આ આંકડા ઈન્ડેક્સના ઘટાડામાં, ભાવોના કડાકામાં અને અને માર્કેટ કેપના ઘસારામાં સ્પષ્ટ દેખાય છે. જોકે આવું માત્ર ભારતીય બજારમાં થયું છે એવું નથી. આ માટેનાં ઘણાં કારણો ભારતના અંકુશની બહાર છે, અનેક દેશોમાં આવી દશા થઈ છે. યદ્ધથી લઈ ગ્લોબલ અનિશ્ચિતતાનાં કારણો સૌની સામે છે, પરંતુ જે ખોટનાં કારણો આપણે જોઈ શકતા નથી એ રોકાણકારોના પોતાના સ્વભાવમાં અને રોકાણ પેટર્નમાં છે.

જોકે આ લખાય છે ત્યારે નવા વર્ષના આરંભ પહેલાં સુધારાનો દોર પણ શરૂ થઈ ગયો છે. અલબત્ત, આપણે અહીં તેજી-મંદીની નહીં, બલકે દરેક સંજોગોમાં રોકાણકારોએ કઈ રીતે સમતોલ રહેવું તે સમજવાનું છે. આ કામ રોકાણકારોના પોતાના જ હાથમાં છે.ઈન્વેસ્ટમેન્ટ માર્કેટમાં રોકાણકારોના પોતાના ખોટા નિર્ણયો, ભૂલો, લોભ, અનીતિ વગેરે જેવાં લક્ષણો નુકસાન માટે જવાબદાર હોય છે. રોકાણ જગતમાં આપણી અંદર પણ એક રોકાણકાર તરીકે કેટલાંક લક્ષણો એવાં હોય છે, જે આપણને ખોટા નિર્ણય લેવડાવીને ખોટના ખાડામાં ઉતારે છે. સંપત્તિના વિનાશ તરફ લઈ જતા આવા સ્વભાવ-લક્ષણોને ઓળખીને તેમના પર કામ થવું જોઈએ. મંદી આવા વિચારો કરવાનો સમય અને અવકાશ આપે છે. આપણી ભીતર આત્મ નિરીક્ષણની, ભૂલો સ્વીકારવાની અને તેને સુધરવાની તૈયારી હોવી જોઈએ. છેલ્લાં કેટલાંય સપ્તાહોથી આપણે બજારના હાલ-હવાલ અને ગ્લોબલ બબાલ જોઈ રહ્યા છીએ, જેમાં સુધારાના અણસાર દેખાતા નહોતા યા તે હજી દૂર લાગતા. મંદી માટે તો ઘણાં પરિબળો કામ કરતાં હોય છે. જોકે આપણાં લક્ષણોમાં સુધારા કરી શકીએ તો મંદીમાં પણ સફળતા મેળવી શકીએ.આપણા રોકાણ સંબંધી લક્ષણો આપણી અંદર તેજી હોય કે મંદી એમ દરેક માહોલમાં જીવતાં હોય છે, વિકસતાં હોય છે. આપણી રોકાણ અંગેની આદતોમાં આવાં લક્ષણો સામેલ હોય છે. આમાં માત્ર રોકાણની સાથે-સાથે બચત અને ખર્ચની પણ વાત આવી જાય છે. કરજ કરીને ખોટા ખર્ચ કરવાં એ પણ બૂરાં લક્ષણોનો એક પ્રકાર છે. શેરબજારમાં બીજાઓ ખરીદે છે એટલે આપણે પણ ખરીદતા રહેવું જોઈએ એવું માનવાની ભુલ રોકાણકારો વારંવાર કરતા રહે છે, જેને બીજા લઈ ગયા આપણે રહી ગયાની માનસિકતા અથવા મિસિંગ આઉટની મેન્ટાલિટી કહેવાય છે.અમુક લોકો એવાં લક્ષણ ધરાવતા હોય છે કે તેમના પગાર વધારા સાથે ખર્ચ પણ વધતા જાય છે, પરંતુ બચત ઓછી કરે છે યા સાવ ટાળે છે, કારણ કે તેમનો રસ પોતાની દુનિયાને બતાવવાની લાઈફ સ્ટાઈલમાં વધુ હોય છે. આ લોકો એટલા બેદરકાર રહે છે કે પોતાના પરિવાર માટે યોગ્ય પ્રમાણમાં જીવન વીમો અને હેલ્થ ઈન્સ્યુરન્સ પણ લેતા નથી. તે બહુ બધાં નાણાં શેરબજારના સટ્ટામાં અને અમુક જ સ્ટોક્સમાં કે એસેટ્સમાં અને અમુક જ સેક્ટર્સમાંલગાડી દેવાની ભૂલ કરતા રહે છે. શેરબજારને તે કસિનો (જુગારખાનું) માનીને રમ્યા કરે છે.

આર્થિક નિષ્ણાતો શું કહે છે?

એક જાણીતી હિંદી કહેવત છે: 'ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈપ' અચાનક દલ્લો મળે- લક્ષ્મીની તમારા પર કૃપા વરશે તો કેવો આનંદ આનંદ થઈ જાયપ! આવો અસીમ આનંદ આપણને અણધારી લૉટરી લાગે ત્યારે મળે અથવા તો કોઈ વસિયતમાં આપણા નામે મોટી રકમ મૂકી જાય. અકસ્માતે લૉટો-લૉટરી કે રેસના શોખીન હો તો એમાં જેકપોટ લાગે તો તમે ન્યાલ થઈ જાવ..જો કે ક્યારેક આ રીતે અચાનક -અનાયાસ આવેલી લક્ષ્મી જલદી રીસાઈ પણ જતી હોય છે.

તાજેતરની આવી બે ઘટના વિરોધાભાસી ઘટના જાણવા જેવી છે. લોસએન્જિલિસમાં રહેતી લાક્વેડ્રા નામની એક લેડી સુપરમાર્કેટમાં શોપિંગ માટે ગઈ હતી. ત્યાં એણે લૉટરીનું વેન્ડિંગ મશીન જોયું. જસ્ટ, નસીબ અજમાવવા એ ૧૦ ડૉલરની ટિકિટ લેવા ઈચ્છતી હતી. એ મુજબ મશીનની કી -કળ દબાવવા ગઈ ત્યાં પાછળથી કોઈ વ્યક્તિ એને ધક્કો મારીને આગળ ચાલી ગઈ. આ રીતે ધક્કો વાગતા ૧૦ ડૉલરની બદલે લેડીના હાથ ૩૦ ડૉલરની લૉટરીની કી પર અકસ્માતે દબાઈ ગયો. પેલીએ મોં મચકોડી ૩૦ ડૉલરની લૉટરી ખરીદવી પડી. એ ઈન્સ્ટંટ સ્ક્રેચ લૉટરી હતી. લેડીએ ટિકિટનો નંબર સ્ક્રેચ કર્યો-ઘસ્યો તો એ ૧૦ મિલિયન ડૉલર – આશરે ૭૬ કરોડ રૂપિયાનો વિજયી નંબર હતો ! આમ એક અજાણ્યાનો ધક્કો પેલી લેડીને કરોડો જીતાડી દીધા..! હવે આવી એક અન્ય ઘટના વિશે પણ જાણોપ થોડાં પખવાડિયાં અગાઉ લંડનની એક માર્ગરિટ મિશેલ નામની લેડીએ આશરે ૩૫૦ કરોડ રૂપિયાના જેકપોટની

લૉટરીની ટિકિટ ખરીદી પછી એનું રિઝલ્ટ જાહેર થયું ત્યારે એ ચેક કરવાનું યાદ ન આવ્યું. આમેય એને કંઈ ઈનામ મળશે એવી આશા પણ નહોતી. થોડા દિવસ પછી યાદ આવતા એણે લૉટરી વિક્રેતાને ફોન કર્યો તો એ આશ્ચર્યથી અવાક્ થઈ ગઈ. એને ૩૫૦ કરોડનો જેકપોટ લાગ્યો છે' એવા સમાચાર મળ્યા. હરખની મારી માર્ગરિટ લૉટરી આયોજકની ઑફિસે પહોંચી તો બીજો આંચકો લાગ્યો. જેકપોટએની ટિકિટને નહીં, પણ એના નંબર જેવી સામ્ય ધરાવતી અન્ય કોઈની ટિકિટને મળ્યું હતું!

આ બધાની વચ્ચે એવા તો અનેક કિસ્સા છે કે લૉટરી જીત્યા પછી કાં તો બેદરકારીથી વિજેતા ટિકિટ ફગાવી દે-ખોઈ નાખે કે પછી અકસ્માતે કપડાંની સાથે વોશિંગ મશીનમાં ધોઈ નાખે! આવી ઘટનામાં અલ્લાહતાલા તો છાપરું ફાડીને દલ્લો આપે છે, પરંતુ પછી એવું કંઈક બને કે પેલું ફાડી નાખેલું છાપરું રિપેર કરવાની રકમના ફાંફાં પડી જાયપ!

અહીં આપણા જીવનમાં અચાનક આવતી લક્ષ્મી કે સમૃધ્ધિને કઈ રીતે સાચવવી-એની જાળવણી કરવી એ મહત્ત્વનો મુદ્દો છે. પત્રકારોનો એક માનીતો પ્રશ્નન છે, જે આપણને ઘણી વાર પુછાય છે: 'ધારી લો કે તમને ૧ કરોડ રૂપિયાની લૉટરી લાગે તો શું કરો?' એ વખતે તો મોટાભાગના લોકો આવા 'ધારી લો' પ્રકારના પ્રશ્નનનો જે જવાબ આપે છે એ આદર્શવાદી વધુ હોય છે, પરંતુ વાસ્તવમાં એનો અમલ ભાગ્યે જ થાય છે. છેલ્લામાં છેલ્લાએક વૈશ્વિક સર્વેક્ષણ અનુસાર: લૉટરીની રકમ ૧ મિલિયન (દશ લાખ) હોય કે પછી ૫૦૦ મિલિયન, ૭૦% વિજેતા એ બધી જ રકમ પાંચ વર્ષમાં વૈભવી જીવન પાછળ આડેધડ ખર્ચમાં કે પછી ખોટા રોકાણમાં વેડફી નાખીને પૈસેટકે પાયમાલ થઈ જાય છે. વડીલોની પેલી જાણીતી ઉક્તિ છે ને કે

'લક્ષ્મી આવે ત્યારે પગનાં ઝાંઝર રણકાવતી આવેપ ને ઘરમાંથી વિદાય લે ત્યારે આછો અવાજ પણ ન સંભળાય એવી ગુપચુપ રીતે સરકી જાયપ! ' હવે ધારી લો કે તમને ખરેખર રૂપિયા એકાદ કરોડ કે એથી વધુ રકમનો દલ્લો મળી જાય ત્યારે હકીકતમાં તમારે શું કરવું જોઈએ? આવો સિનારિયો સર્જાય તો આર્થિક નિષ્ણાતો અને કુશળ ફાઈનાન્શિયલ પ્લાનર્સ એક બરછટ છતાં સચોટ સલાહ એ આપે છે કે 'લૉટરી વિજેતા કંઈ આપોઆપ સ્માર્ટ – અચ્છો રોકાણકાર નથી બની જતોપ! માથા પર બરફની પાટ મૂકીને એણે શાંતિથી અચાનક આવેલી તગડી રકમ- મૂડી ક્યાં રોકવી એનો વિચાર કરવો પડે અને એ મુજબ આયોજન પણ કરવું પડે'

મોટી રકમ હાથમાં આવે એટલે સહજ છે કે કોઈને પણ વિચાર આવે કે એને કોઈ સારી સ્કિમમાં રોકીને રકમનો ગુણાકાર કરીએ, પણ સારી બચત કે રોકાણ યોજના એટલે શું? આવી યોજના ન મળે તો બની શકે કે કોઈ ખોટી સ્કિમમાં તમારું રોકાણ અટવાઈ જાય ને તમારું ઈન્વેસ્ટમેન્ટ પણ ગુમાવો. કેટલાક આર્થિક નિષ્ણાતો કહે છે કે આવી તાજી ધનપ્રાપ્તિ વખતે શ્રેષ્ઠ માર્ગ એ છે કે એ નાણાંનો ગુણાકાર કરવાની લાલચ બાજુએ ધકેલીને એને બેન્કના ફિક્સ ડિપોઝિટ અકાઉન્ટમાં નિયત સમય સુધી મૂકી દો આથી નવાં નાણાંને તાબડતોબ કામે લગાડવાની લાલચથી બચશો ને અમુક સમય પછી બની શકે બચત બમણી કરવાની તમને સારી ને ઉપયાગી સ્કિમનું માર્ગદર્શન પણ મળી આવેપ લક્ષ્મીજીની આવી આકસ્મિક પ્રાપ્તિ પછી બીજું ભયસ્થાન, જે મોટાભાગનાને નડે છે એ છે રાતોરાત ફૂટી નીકળતા તમારા કહેવાતા નજીકના સગાં-વહાલાં ને 'બાળપણ'ના મિત્રો!

એમની 'કટોકટી' માટે તમે લાઈવ- જીવંત 'અઝખ' છો. ખરેખર તકલીફમાં હોય એવા સ્વજન કે મિત્રને મદદ કરવું ગમે ને કરવી પણ જોઈએ, પરંતુ આવે વખતે ઊર્મિના આવેશમાં આવી જઈને મિત્ર- સ્વજનને તાત્કાલિક અને આડેધડ આર્થિક સહાય કરવા જતાં બની શકે તમને થયેલી ધનપ્રાપ્તિ ખોટી દિશામાં ફંટાઈ જાયપ આવા સંજોગોમાં શ્રેષ્ઠ ઉપાય શું? સિમ્પલપ એ બધાને સિફતથી સારા શબ્દોમાં કહી દોઃ હમણાં તો એ રકમમાંથી અમુક તો ચોક્કસ સમય સુધી ફિક્સમાં મૂકી છે ને બાકી ઈન્વેસ્ટ કરી દીધી છે એટલે એને તો હમણાં 'અડી' પણ શકાય તેમ નથી.' આવા તમારા સ્માર્ટ જવાબ પછી મોટાભાગના કહેવાતા સ્વજન-મિત્રો ખરી જશે.

અને હાં, તમને લાગે કે આ ચોક્કસ વ્યક્તિને ખરેખર આર્થિક રીતે ઉપયોગી થવા જેવું છે તો એને ખાનગીમાં જરૂર મદદરૂપ થજોપ અહીં બે વાત જરૂર યાદ રાખવા જેવી છે. એકઃ મોટાભા' થવા જતાં ભંડાર તો કુબેરનાય ખૂટી જાયપ અને બેઃ ખરે સમયે કામ ન લાગીએ તો મિત્ર-સ્વજન શાના? આપણી સમયસરની સહાયતા બની શકે કે એમના માટે અમિતાભના પેલા 'ઊંઈઈ' શો જેવી 'લાઈફલાઈન' પણ બની જાય! આ બધા વચ્ચે હકીકત કે વાસ્તવિકતા એ છે કે મની અર્થાત પૈસા સાથે આપણી લાગણીઓ સંકળાયેલી હોય છે, જે અચાનક મળેલાં નાણાં કે અનાયાસ થયેલી આવકને કઈ દિશામાં લઈ જવી એ પરોક્ષ રીતે નક્કી કરે છે. આવું તારણ ગયા વર્ષે 'જરનલ ઑફ ઈકોનોમિક્સ ઈસ્યુસ'એ રજૂ કર્યું છે. એના સર્વે અનુસાર, જે લોકો પહેલેથી બચત કરતા હતા એને આવી અણધારી આવક થાય તો એ સૌપ્રથમ બચત પર જ ધ્યાન આપશે. જેમને સેવિંગ-બચતની આદત જ નથી એ અચાનક મળેલી વધારાની રકમ ખોટી દિશામાં વાપરી નાખશે. કુદરતી આફૂત પછી મળતી સરકારી સહાય મોટેભાગે આડીઅવળી જ વેડફાઈ જતી હોય છે. વર્ષો પહેલાં મહારાષ્ટ્રના લાતુર અને આપણા કચ્છમાં થયેલા ભૂકંપની સહાયતા અનેક ગામલોકોએ ગેરવલ્લે વાપરી-વેડફી નાખી હતી.

આમ લૉટરી-જેકપોટ કે પછી વારસામાં મળેલી અણધારી આવકનો સદોપયોગ કઈ રીતે કરવો એ ભારતના ફર્સ્ટ બેચના સર્ટિફાઈડ ફાઈનાન્શિયલ પ્લાનર તરીકે પંકાયેલા એક અનુભવી પાસેથી જાણવા જેવી છે. અચાનક તમારા પર મા લક્ષ્મીની અમીદ્રષ્ટિ થાય ત્યારે યોગ્ય આયોજન દ્વારા કઈ રીતે સંપત્તિનું વિશેષ સર્જન કરી એને સુરક્ષિત રાખવી એનું સચોટ અને મુદ્દાસર માર્ગદર્શન પોતાનું નામ પ્રગટ ન કરવાની શરતે આ આર્થિક આયોજક એવી સલાહ આપે છે કે, અણધારી સંપત્તિ મળે ત્યારે આપણી ધરબાયેલી ઈચ્છાઓ આળસ મરડીને બેઠી થાય. એમાં કશું ખોટું નથી. વૈભવી કાર લેવાની ઈચ્છા થાય, મોટો ફ્લેટ લેવાનું મન થાય, વિદેશ પ્રવાસનું અધૂરું સપનું પૂરું કરવાની પણ લાલચ જાગેપ આ બધું સહજ છે, પણ પહેલું કામ તમારી કોઈ પણ પ્રકારની લોન હોય કે તેના હપ્તા ચાલતા હોય તો એને વહેલી તકે પરત કરી એના વિષચક્રમાંથી બહાર આવી જાવપ યોગ્ય જગ્યાએ મૂડીરોકાણ કરોપ આવે વખતે તમારા પૈસાનો ટૂંક સમયમાં અનેકગણો ગુણાકાર કરી દેશું' એવાં સપના દેખાડતાં લોકો તમને ઘેરી વળશે. એને તરત કોઠું ન આપો. આર્થિક આઝાદી મળે

એટલે ભલભલાને શેરબજારમાં શૂરવીર થવાનું ભૂત ભરાય. સ્ટોક માર્કેટની આંટીઘૂંટીથી તમે માહિતગાર હો તો ઠીક, બાકી તેજીવાળા શેરની લે-વેચમાં ચીલઝડપ બતાવાને બદલે મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરો. ત્યાં તમારાથી વધુ અનુભવી અને નિષ્ણાત લોકો બેઠા છે. તમારો પોર્ટફોલિયો એમને સોંપી દો અને તમારી નવી સંપત્તિનું આયોજનમાં કોઈ સારા ફાઈનાન્સિયલ પ્લાનરનું વિધિવત માર્ગદર્શન લો.'અને આની સાથોસાથ આ આર્થિક સલાહકાર એવી પણ તાકીદ કરે છે કે નોકરીમાં તમારો નિવૃત્તિકાળ નજીક હોય તો આગામી એ વર્ષોની નિયમિત આવક તેમ જ વૃદ્ધાવસ્થાની માંદગીને ધ્યાનમાં રાખીને હેલ્થ ઈન્શ્યુરન્સ-વીમાની પણ આગોતરી તૈયારી કરી રાખવી જોઈએપ'ટૂંકમાં, અચાનક મળેલા દલ્લાથી જીવનને વૈભવી જરૂર બનાવો, પણ એનાથી છકીને વિલાસી નહીં!

ધાર્યા કરતાં વહેલી આવી શકે છે બરફવિહીન આર્કટિકની

તંત્રી લેખ...

શુક્રવાર, તા.૨૦ નવેમ્બર ૨૦૨૬

વિપક્ષી નેતા રાહુલને 'ઈમર્જન્સી'નો ભય છે ?

હૈદરાબાદમાં કોંગ્રેસે યોજેલી ભારત શિખર પરિષદમાં એક ઈટાલિયન અતિથિએ 'વોટચોર, ગાદીછોડ'નું સૂત્ર પોકાર્યું, ત્યારે હાજર રાહુલ ગાંધીએ તાળીઓ પાડી હતી. કોઈ વિદેશી મહેમાન મર્યાદા ભંગ કરી શકે નહીં. ડિપ્લોમસીના નીતિ-નિયમ હોય છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ આ કેસ આવ્યો છે, ત્યારે વિપક્ષી નેતા રાહુલ ગાંધી અમેરિકા જઈને ભારતવિરોધી પ્રચાર કરી શકે છે! રાહુલ ગાંધીનો મોદીદ્વેષ જગજાહેર છે. હવે એમણે રાજકીય મોરચે નિષ્ફળ ગયા પછી ભારત સામે આર્થિક મોરચો ખોલ્યો છે ! અંબાણી-અદાણીની 'બદનામી' કરવા સાથે ભારતનું અર્થતંત્ર બરબાદ, પાયમાલ થયું હોવાનો પ્રચાર કરે છે ! ભારતમાં વિદેશી મૂડીરોકાણ થાય નહીં - એવા એમના પ્રયાસ છે. હકીકતમાં એમના પરિવાર, પૂર્વજોએ મિશ્ર અર્થતંત્ર અને ડાબેરી, સમાજવાદનાં નામે અર્થતંત્રનો દાટ વાળ્યો હતો. હવે ભારતના વિકાસ, લોકકલ્યાણ માટે અર્થતંત્ર સક્રિય છે, વિશ્વબેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ ભારતના વિકાસદર અને ગતિને સ્વીકારે છે, વધાવે છે, ત્યારે ભારતના વિપક્ષી નેતા વિદેશની ધરતી ઉપર જઈને અર્થતંત્રની બરબાદીનો પ્રચાર કરે છે ! રાહુલ ગાંધી ચૂંટણીપંચના મુખ્ય કમિશનરને પદભ્રષ્ટ કરવાની માગણી કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હટાવવા માગે છે અને અગ્રણી ઉદ્યોગપતિ બે પરિવાર અંબાણી અને અદાણી ભારતનાં અર્થતંત્ર ઉપર અંકુશ ધરાવે છે - એવા આક્ષેપ કરે છે. આ તમામ આક્ષેપો કરવા માટે ભારતીય સંસદનો માર્ગ ખુલ્લો છે. લોકસભામાં તેઓ વિપક્ષી નેતા છે. ચર્ચા માટે વડાપ્રધાનને પડકારી શકે છે, પણ લોકસભા કરતાં અમેરિકામાં વિદ્યાર્થી સભામાં ભાષણ કરવાનો શોખ છે ! એમને વિદેશમાં ભારતવિરોધી પ્રચાર કરવાનું વધુ ફાવે છે ! છેલ્લાં દસ-બાર વર્ષ દરમિયાન દરેક ચૂંટણીમાં એમણે કુપ્રચાર કરવામાં કચાશ રાખી નથી, પણ સફળ થયા નથી. મોદી અને અન્ય અધિકારીઓને હટાવવા માટે હવે અમેરિકામાં મંચનો ઉપયોગ થાય છે. રાજકીય લક્ષ્ય પાર પાડવા માટે રાહુલ ગાંધી હવે ભારતવિરોધી પ્રચારમાં ભાન ભૂલી ગયા છે અને દેશદ્રોહની ભૂમિકામાં આવી ગયા છે. સત્તા મેળવવા માટે ભારતવિરોધી પરિબળોનો સાથ લઈ રહ્યા છે. કોલંબિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને રાહુલ ગાંધીમાં 'પ્રખર અર્થશાત્રી' તો દેખાયા હશે - પણ ભારતીય સંસદ અથવા દિલ્હી યુનિવર્સિટીમાં ભાષણ કરવા આવશે ખરા ? ભારતીય વિદ્યાર્થીઓ એમની જ 'પરીક્ષા' કરવા સમર્થ છે! રાહુલ ગાંધીએ ભારતીય અર્થતંત્રની બરબાદીનું ભવિષ્ય ભાખ્યા પછી વિસ્તારથી - કદાચ ગૌરવથી - કહ્યું કે, ભારતમાં ભારે જંગી પ્રમાણમાં બેકારીની સમસ્યા છે. શિક્ષણની પણ સમસ્યા છે - જે તમારો પીછો છોડે એમ નથી. નાના, મધ્યમ ઉદ્યોગો અને કૃષિ ક્ષેત્ર અર્થતંત્રની કરોડરજ્જુ છે - રોજગારીનું મોટું ક્ષેત્ર અને સ્રોત છે, પણ અર્થતંત્રની કમર તૂટી ગઈ છે ! ઉત્પાદનશક્તિ વધારવા સિવાય ટકી શકાય નહીં, પણ આર્થિક વિકાસ મોટા ઉદ્યોગ પરિવારોના અંકુશમાં છે ! ભારતમાં ખાનગી મૂડીરોકાણ કેમ થતું નથી ? રાહુલ ગાંધી જાણતા જ હશે કે અશાંતિ અને રાજકીય અસ્થિરતાથી અરાજકતા સર્જવાનો વ્યૂહ હોય, પ્લાન હોય ત્યારે મૂડીરોકાણ કેવી રીતે થાય ? અને આવી સ્થિતિ માટે જવાબદાર કોણ છે ? મોટા ઉદ્યોગપતિઓને બદનામ કરવાથી વિદેશી મૂડીરોકાણ આવશે ? રાહુલ ગાંધી કહે છે કે, વિદ્યાર્થીઓનો રોષ છે - વિરોધ પ્રદર્શનો અને આંદોલનો થઈ રહ્યાં છે - મીડિયા પણ સમાજની સમસ્યાઓને મહત્ત્વ આપે નહીં, ચારે બાજુ અશાંતિ છે - આમ કહીને મૂળ મુદ્દા ઉપર આવી ગયા કે ચૂંટણી પ્રક્રિયા પણ ગંભીર છે અને મુખ્ય કમિશનરને હટાવવા માગીએ છીએ. જનતાનો મિજાજ અને આંદોલનોનાં કારણે ભારત સરકાર આક્રમક અને હિંસક પગલાં ભરે એવી ભીતિ - શક્યતા હોવાનું પણ એમણે કહ્યું, તો શું એમને ઈન્દિરા ગાંધી છાપની - ઈમર્જન્સીનો ભય છે?

ખાતરની સબસિડીનો નિર્ણય

એક તરફ ભારતમાં કૃષિ ક્ષેત્રને અપાતી સબસિડી વિશ્વભરમાં સતત ચર્ચાની બાબત બની રહી છે. આવામાં સરકારે ખેડૂતોને અપાતી ખાતરની સબસિડીને ચાલુ રાખવાનો યોગ્ય નિર્ણય લીધો છે. આમે પણ ડીઝલ, બીજ, દવાઓ અને મજૂરીના ભાવ એટલા બધા વધી ગયા છે કે, ધરતીપુત્રો માટે ખેતી દિવસોદિવસ ખોટનું કામ બની રહી છે. આવામાં ખાતરમાં રાહત ખેતીના વ્યવસાય માટે હળવાશનું કામ કરશે. આંતરરાષ્ટ્રીય બજારમાં કૂડ તેલ અને ખાતરના ભાવ વધવા છતાં સરકારે કિસાનોને આ રાહત આપવાનો મહત્ત્વને નિર્ણય લીધો છે. સરકારે લીધેલા આ નિર્ણય મુજબ વર્ષ ૨૦૨૬-૨૭ની રવીની મોસમ માટે ખાતર પર રૂપિયા ૬૨,૩૭૦ કરોડની સબસિડી આપાશે અને ડીએપીની ૫૦ કિલોની બોરીની કિંમત રૂા. ૧,૩૫૦ રખાઈ છે. ખેડૂતોને તેમની ઉપજના પૂરતા ભાવો મેળવવામાં પણ મુશ્કલી નડી રહી છે, તેવામાં આ રાહત તેમની ચિંતામાં ઘટાડો કરશે. હાલે પશ્ચિમ એશિયામાં ચાલતા સંઘર્ષ અને રશિયા-યુક્રેન વચ્ચેનાં જંગને લીધે આંતરરાષ્ટ્રીય પુરવઠા વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. આના લીધે ખાતરનાં ઉત્પાદન પર મોટી અસર પડી છે. પરિણામે ભાવો સતત વધી રહ્યા છે. ગયા વર્ષની રવીની મોસમની સરખમણીએ ખાતરમાં અપાતી સબસિડીમાં રૂા. ૨૪,૪૧૮ કરોડનો જંગી વધારો સરકારને ખેડૂતોની ચિંતા હોવાની પ્રતીતિ કરાવે છે. આ સબસિડીને અવળી રીતે મૂલવવાને બદલે તેને કૃષિ ઉત્પાદન અને ખાદ્ય સલામતી માટે ચાવીરૂપ હોવાની દૃષ્ટિએ જોવાની ખાસ જરૂરત છે. ખાતરના ભાવો વધુ હોય તો તેની ખેતપેદાશો પર સીધી અસર વર્તાય છે. આવામાં ખેતપેદાશોના ભાવો વધે તો મોંઘવારી વધી જાય છે. એટલે ખેતપેદાશોને આવી સબસિડીની મદદથી કિફાયતી રાખવાનો સરકારનો ઈરાદો સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે, પણ આ આર્થિક રાહતનો લાભ કિસાનો સુધી પહોંચે તે માટે સરકારે ખાસ ધ્યાન આપતાં રહેવું પડશે. એવા કિસ્સા વધી રહ્યા છે, જ્યાં ખેતીની મોસમ દરમ્યાન ખાતરની અછત સર્જાય છે અને કિસાનોને તે મેળવવા લાંબી કતારોમાં રાહ જોવી પડે છે. માલની અછત કાળાબજારને પ્રત્સાહન આપે છે. અવામાં સરકારે ખાતરનાં વિતરણ, ઉપલબ્ધિ અને વેચાણ પર સતત નજર રાખવાની તાતી જરૂરત હવે લાંબા સમયથી વર્તાઈ રહી છે. ખરેખર તો સરકાર જ્યારે ખેડૂતોને રાહત માટે આટલી જંગી રકમ ખર્ચ કરતી હોય ત્યારે તેનો લાભ વચેટિયાઓ અને કાળાબજારિયાઓ ઉઠાવી જાય તે કોઈપણ હિસાબે ચલાવી લેવાય નહીં. સરકારે ખાતરની સબસિડી ચાલુ રાખવાની સાથોસાથ નાના વેપારી અને કારીગરોને મુદ્રા યોજના તળે અપાતી ધિરાણ ગેરન્ટી યોજનાને પાંચ વર્ષ માટે લંબાવવાનો આવકારદાયક નિર્ણય લીધો છે. આ ગેરન્ટી યોજના તળે પાંચ હજાર કરોડના ભંડોળની મદદથી પાંચ વર્ષમાં ૧૨.૬ લાખ કરોડનું ધિરાણ ઉપલબ્ધ કરાવવાની સરકારની નેમ છે. સરકારના ખાતર સબસિડી અને મુદ્રા યોજનાના નિર્ણય દેશના પાયાના સ્તરના ખેડૂતો અને વ્યાસાયિકો માટે આશીર્વાદ સમાન બની રહેશે.

રશિયા બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકા અને બ્રિટન સહિતના દેશોના પડખે હતું પણ જાપાન સામે સીધો જંગ નહોતું લડતું.

પુતિન, ટ્રમ્પ, જિનપિંગ દુનિયાનું નહીં પોતાનું ભલું કરવા ભેગા થશે

બીજું વિશ્વયુદ્ધ ૧૯૪૫ના સપ્ટેમ્બરમાં પતેલું કેમ કે જાપાન છેક સુધી લડતું રહ્યું હતું

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીનમાં પધરામણી કરી દીધી અને હવે આખી દુનિયાની નજર ગુરુવારે થનારી ડોનલ્ડ ટ્રમ્પ, વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગની બેઠક પર છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ, ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે ચીનના શેન્ઝેનમાં ગુરુવારે થનારી આ બેઠકમાં શું ચર્ચા થવાની છે તેની કોઈને ખબર નથી કેમ કે બેઠકનો એજન્ડા જાહેર કરાયો નથી પણ આ બેઠક દુનિયાનું ભાવિ નક્કી કરશે એવી હવા ચોક્કસ જમાવી દેવાઈ છે. અતિ ઉત્સાહી મીડિયાએ તો ટ્રમ્પ, જિનપિંગ અને રશિયન પ્રમુખ પુતિન વચ્ચેની ત્રિપક્ષીય બેઠકને યાલ્ટા બેઠક સાથે પણ સરખાવી દીધી છે. આ વાત વધારે પડતી છે કેમ કે અત્યારે દુનિયામાં બીજા વિશ્વયુદ્ધ જેવા સંજોગો નથી ને અમેરિકા, રશિયા કે ચીન આખી દુનિયાનાં માઈ-બાપ નથી કે એ લોકો નક્કી કરે એ પ્રમાણે દુનિયા ચાલશે. યાલ્ટા બેઠક વખત સ્થિતિ અલગ હતી અને દુનિયા સામ્યવાદી રશિયા તથા મૂડીવાદી અમેરિકા-યુકેમાં વહેંચાયેલું હતું.

બીજું વિશ્વયુદ્ધ ૧૯૪૫ના સપ્ટેમ્બરમાં પતેલું કેમ કે જાપાન છેક સુધી લડતું રહ્યું હતું પણ જર્મનીની હાર નક્કી થઈ ગયેલી ત્યારે ફેબ્રુઆરી ૧૯૪૫માં ક્રિમિયાના યાલ્ટામાં રશિયા, અમેરિકા અને યુકેના કર્તાહર્તાઓ મળ્યા હતા. બીજું વિશ્વયુદ્ધ અંતિમ તબક્કામાં હતું અને જર્મનીના સરમુખત્યાર હિટલરની હાર નક્કી મનાતી હતી ત્યારે ૪ ફેબ્રુઆરી, ૧૯૪૫થી ૧૧ ફેબ્રુઆરી ૧૯૪૫ દરમિયાન યાલ્ટાના લિવાડિયા પેલેસમાં મળેલી બેઠકમાં અમેરિકાના પ્રમુખ ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટ, યુકેના વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલ અને સોવિયેત યુનિયન એટલે કે રશિયા વતી પ્રીમિયર જોસેફ સ્ટાલિન હાજર રહ્યા હતા. આ બેઠકમાં બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ પછી જર્મનીનું શું કરવું એ સહિતના મહત્ત્વના નિર્ણયો લેવાયા હતા. બીજા વિશ્વયુદ્ધ પછી જર્મની અને બર્લિનને ચાર ભાગમાં વહેંચવા માટે સંમતિ સધાઈ હતી. યુએસ, ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ અને સોવિયેત યુનિયન એમ ચાર દેશોનો એક-એક ઝોન ઉપર કબજો રહે એ રીતે જર્મનીનું વિભાજન કરીને જર્મનીના લશ્કરને વિખેરી નાખવા અને નાઝીવાદનો અંત લાવવા પણ સહમતી સધાઈ હતી. પોલેન્ડ સહિતના પૂર્વ યુરોપના દેશો માટે મુક્ત યુરોપ ડેકલેરેશન જાહેર કરાયેલું. બલ્ગેરિયા, પોલેન્ડ, રોમાનિયા, હંગેરી સહિતના દેશો રશિયા પાસે ગયા જ્યારે બીજા દેશો પર અમેરિકાનું વર્ચસ્વ સ્થપાયું. આ તમામ દેશોમાં લોકશાહી ઢબે વચગાળાની સરકારો અને મુક્ત ચૂંટણીઓ કરાવવા પણ સંમતિ સધાયેલી. સ્ટાલિને પાછળથી સોવિયેત કબજા હેઠળના પ્રદેશોમાં મુક્ત ચૂંટણીઓ ના કરાવી અને કબજો કરી લીધો એ અલગ વાત છે પણ યાલ્ટામાં યુરોપમાં લોકશાહી માટે બધાંએ કસમો ખાધેલી.

રશિયા બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકા અને બ્રિટન સહિતના દેશોના પડખે હતું પણ જાપાન સામે સીધો જંગ નહોતું લડતું. યાલ્ટામાં અમેરિકા-યુકેએ કુરિલ ટાપુઓ અને દક્ષિણ સખાલિન સહિતનો પ્રદેશ રશિયાને આપવાની તૈયારી બતાવી એટલે તેના બદલામાં જર્મની સત્તાવાર રીતે શરણાગતિ સ્વીકારે તેના ત્રણ મહિનાની અંદર જાપાન સામે યુદ્ધ માટે રશિયા સંમત થયું હતું. આ બેઠકમાં યુનાઈટેડ નેશન્સ એટલે કે સંયુક્ત રાષ્ટ્રની રચનાને પણ અંતિમ સ્વરૂપ અપાયેલું. યુએનમાં સિક્યુરિટી કાઉન્સિલની રચના કરીને કાયમી સભ્યોને વીટો પાવર આપવા સહિતના નિર્ણયો આ બેઠકમાં લેવાયા હતા. આ બધા ઐતિહાસિક નિર્ણયોના કારણે યાલ્ટા બેઠકે દુનિયાનો ઈતિહાસ અને ભૂગોળ બંને બદલી નાખ્યાં તેમાં બેમત નથી. શેન્ઝેનમાં ટ્રમ્પ, પુતિન અને જિનપિંગ મળીને શું ફીણવાના છે એ આપણને ખબર નથી પણ અત્યારે દુનિયામાં જે માહોલ છે તેમાં કોઈ દેશ કોઈના ખૂંટે બંધાયેલો નથી તેથી કોઈ દુનિયાનું ભાવિ નક્કી કરી શકે તેમ નથી. દુનિયાની ત્રણ મોટી મહાસત્તાઓના કર્તાહર્તા ૮૧ વર્ષ પછી પહેલી વાર એકવાર બેઠક કરી રહ્યા છે એ રીતે આ બેઠક ઐતિહાસિક કહેવાય ખરી પણ એ સિવાય આ બેઠકમાં બીજું કશું ઐતિહાસિક નથી.

અત્યારે અમેરિકા, ચીન અને રશિયા ત્રણેય પોતપોતાની રીતે ક્યાંક ને ક્યાંક ભેરવાયેલાં છે. ડોનલ્ડ ટ્રમ્પે પેટ ચોળીને એક નહીં પણ સત્તર શૂળ ઊભાં કરી દીધાં છે તેથી એ રીતસર આળોટી રહ્યા છે. ઈરાન પર હુમલાથી માંડીને ટેરિફ લાદવાના કારણે દુનિયાના દેશોમાંથી આવતો માલ ઘટ્યો તેમાં વધેલી મોંઘવારી સહિતના મુદ્દે અમેરિકા ભેરવાયેલું છે. રશિયા યુક્રેનના યુદ્ધમાં ભારે ખુવારી તો વેઠી જ રહ્યું છે ને લટકામાં અમેરિકા અને યુરોપના દેશોએ આર્થિક પ્રતિબંધો લાદી દીધા છે તેથી આર્થિક રીતે ભીંસમાં છે. પુતિન વટનાં માર્યા ગાજર ખાધા કરે છે પણ યુક્રેન સાથેના યુદ્ધમાંથી ગૌરવભેર નીકળવા એ હવાતિયાં મારે જ છે. ચીન પણ ટ્રમ્પના ટેરિફના મારથી ઘાયલ છે અને આર્થિક મોરચે ભારે ભીંસમાં છે. જિનપિંગ ભલે તમાચો મારીને ગાલ લાલ રાખે પણ તેમનેય ધંધો પહેલાંની જેમ ચાલતો કરવો જ છે. મતલબ કે, ત્રણેયને એકબીજાની ગરજ છે તેથી દુનિયાનું નહીં પણ પોતાનું ભલું કરવા ત્રણેય મળી રહ્યા છે.

પોતપોતાનું ભલું કરવાની ફોર્મ્યુલાના ભાગરૂપે ચીનના શેન્ઝેનમાં થનારી બેઠકમાં રશિયા અને યુક્રેનનું યુદ્ધ બંધ કરવા કોઈ સમજૂતી થઈ શકે. અમેરિકા અને ચીન તો પાછાં ગોઠિયાં બની જ ગયાં છે અને રશિયા તથા ચીનના વેપાર સંબંધો પણ લાકડા જેવા મજબૂત છે તેથી દ્વિપક્ષી સંબંધોમાં ઝાઝું કરવા જેવું નથી પણ રશિયા પરના આર્થિક પ્રતિબંધો હટાવી લેવાશે અને રશિયા-ચીન-અમેરિકાનું નવું ત્રેખડ રચાશે એવી વાતો પણ ચાલી રહી છે. અમેરિકા રશિયા પાસેથી ડીઝલ ખરીદી જ રહ્યું છે ને રશિયાના બીજા માલમાં પણ તેને રસ છે જ એ જોતાં આ વાતો સાવ અધ્ધરતાલ નથી. ત્રિપક્ષીય વ્યાપાર સંબધો બંધાય તો અમેરિકા, રશિયા ને ચીન ત્રણેયનું ભલું થઈ જાય એ જોતાં બેઠકના અંતે આ પ્રકારની જાહેરાત થઈ જાય તો નવાઈ નહીં.

ભારત માટે આ બેઠક બહુ મહત્ત્વની છે કેમ કે અમેરિકા, ચીન અને રશિયા એ ત્રણેય દેશો સાથે ભારતનાં આર્થિક હિતો જોડાયેલાં છે. અત્યાર લગી રશિયા વર્સીસ અમેરિકા અને ચીન વર્સીસ અમેરિકા જંગ ચાલ્યો તેનો ભારતને ફાયદો મળ્યો પણ ત્રણેય એક થઈ જાય તો ભારતનાં આર્થિક હિતોને મોટો ફટકો પડી શકે. રશિયા પાસેથી મળતું સસ્તું ક્રૂડ ઓઈલ બંધ થઈ જાય ને ચીન પણ સેમિક્ધડક્ટર સહિતની ચીજો માટેનો કાચો માલ પહેલાં અમેરિકાને આપવા માંડે તો આપણા આખા મિશનને ફટકો પડી જાય. અમેરિકાને પણ ભારત સાથે મુક્ત વ્યાપાર કરાર કરવામાં ઝાઝો રસ ના રહે એ જોતાં બીજા કોઈના માટે નહીં તો આપણા માટે આ બેઠક બહુ મહત્ત્વની છે.

આધુનિક યુગને સુવિધાઓનો સુવર્ણયુગ કહેવામાં આવે છે. ઘરમાં વોશિંગ મશીન છે

યંત્રોએ માણસનો શ્રમ છીનવી લીધો, સાથે સાથે નિરાંત પણ!

માણસ પાસે મનોરંજનનાં અસંખ્ય સાધનો છે, છતાં આનંદની અછત છે. વાહનોની સંખ્યા વધી છે, છતાં ઉતાવળ ઘટતી નથી. ઘરમાં આરામદાયક પથારીઓ છે, છતાં ઊંઘની ગોળીઓનો ઉપયોગ વધતો જાય છે. ખોરાકની વિવિધતા વધી છે, છતાં સ્વાસ્થ્યની ચિંતાઓ ઓછી થતી નથી.

એક જમાનામાં માણસ કામ કરતો હતો અને યંત્રો તેની મદદ કરતાં હતાં. આજે યંત્રો કામ કરે છે અને માણસ આખો દિવસ વ્યસ્ત રહે છે! આ વિસંગતિ જ આધુનિક વિકાસની સૌથી મોટી વક્રોક્તિ છે. વિજ્ઞાને માણસના હાથમાંથી શ્રમ છીનવી લીધો, પરંતુ તેના જીવનમાંથી નિરાંત પણ છીનવી લીધી. જે યંત્રો માણસનો સમય બચાવવા માટે બનાવ્યાં હતાં એ જ યંત્રોએ માણસને સમયનો ગુલામ બનાવી દીધો છે. સવાલ એ છે કે યંત્રો માણસ માટે છે કે માણસ યંત્રો માટે?

આધુનિક યુગને સુવિધાઓનો સુવર્ણયુગ કહેવામાં આવે છે. ઘરમાં વૉશિંગ મશીન છે, રસોડામાં મિક્સર છે, સફાઈ માટે વેક્યુમ ક્લીનર છે, મુસાફરી માટે વાહનો છે અને દુનિયાની માહિતી મેળવવા માટે હાથમાં સ્માર્ટફોન છે. એક સમયે કલાકો સુધી કરવાં પડતાં કામ આજે મિનિટોમાં પૂરાં થઈ જાય છે. ખેતીથી લઈને ઉદ્યોગો સુધી યંત્રોએ માનવીના શારીરિક પરિશ્રમમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, પરંતુ આટલી બધી સુવિધાઓ વચ્ચે એક સવાલ સતત સતાવે છે કે માણસ પાસે ખરેખર પોતાના માટે કેટલો સમય બચ્યો છે કે બચાવી શક્યો છે?

સમય બચાવવાનાં સાધનો બનાવ્યાં, પણ સમય માણવાનું જ ભૂલી ગયા! એક સમય હતો જ્યારે માણસ પાસે સાધનો ઓછાં હતાં, પરંતુ સમયની કોઈ અછત નહોતી. ઘરનાં કામકાજમાં પરસેવો પાડવો પડતો, બજારમાં જવા ચાલવું પડતું, પાણી ભરવું પડતું અને અનાજ દળવા માટે પણ મહેનત કરવી પડતી. તેમ છતાં સાંજ પડતાં પરિવાર સાથે બેસવાની, પડોશી સાથે વાતો કરવાની અને મિત્રોની સાથે હસવા-બોલવાની મોકળાશ હતી.યંત્રોએ માણસને શારીરિક પરિશ્રમમાંથી મુક્ત કર્યો એ હકીકત છે. પરંતુ આ મુક્તિની કિંમત ચૂકવવી પડે છે, એનું શું? પહેલાં શરીર થાકતું હતું, આજે શરીર નિષ્ક્રિય રહે છે અને મન થાકે છે. પહેલાં પરસેવો પાડીને રોટલી મળતી હતી, આજે ખુરશી પર બેસીને કમાણી થાય છે, પણ એ કમાણીમાંથી જિમની ફી અને સ્વાસ્થ્ય જાળવવાનાં સાધનો પાછળ ખર્ચ કરવો પડે છે!આજની જીવનશૈલીમાં ચાલવાનું ઘટ્યું છે, બેઠાડુ જીવન વધ્યું છે. નાનાં બાળકો મેદાનમાં રમવાને બદલે મોબાઈલમાં રમે છે. યુવાનો શારીરિક પ્રવૃત્તિ કરતાં ડિજિટલ મનોરંજનમાં વધુ સમય વિતાવે છે. વડીલોને પણ પહેલાં જેવાં સામાજિક જોડાણો મળતાં નથી.

મોબાઈલ ફોન અને ઈન્ટરનેટે દુનિયાને મુઠ્ઠીમાં સમાવી દીધી છે. સવારમાં આંખ ખૂલે તે પહેલાં હાથ મોબાઈલ શોધે છે અને રાત્રે આંખ બંધ થાય ત્યાં સુધી નજર સ્ક્રીન પર ચોંટેલી રહે છે. કેટલા સંદેશા આવ્યા, કોણે ફોટો મૂક્યો, કોને કેટલી લાઈક્સ મળી અને કઈ નવી પોસ્ટ આવી, તેની ચિંતા જાણે જીવનનો અનિવાર્ય હિસ્સો બની ગઈ છે.આજે માણસને દુનિયાની દરેક ઘટના જાણવાની ઉતાવળ છે, પરંતુ પોતાના મનમાં શું ચાલી રહ્યું છે તે જાણવાની ફુરસદ નથી. બીજાના જીવનની ઝલક જોવામાં કલાકો પસાર કરી નાખે છે, પરંતુ પોતાના જીવનની સુંદર ક્ષણો માણવાનું ચૂકી જાય છે.વધુમાં, ટેક્નોલૉજીએ કામના સમય અને અંગત સમય વચ્ચેની ભેદરેખા પણ ઝાંખી કરી નાખી છે. ઑફિસમાં કામ પૂરું થાય છે, પરંતુ કામના સંદેશા બંધ થતા નથી. રવિવારની રજા હોય તો પણ મોબાઈલ પર સોમવારની ચિંતા હાજર હોય છે. માણસ ઘરમાં હોય છે, પણ તેનું મન ઑફિસમાં હોય છે. શરીર પથારીમાં હોય છે, પણ મગજ સૂચનાઓ અને સંદેશાઓના ઘોંઘાટમાં અટવાયેલું હોય છે.

આજે ભોજનની થાળી સામે છે, પરિવારના સભ્યો સાથે છે, પરંતુ દરેકની નજર પોતાના મોબાઈલમાં છે. ઘરમાં વાતચીત કરવા માટે પણ જાણે વૉટ્સઍપનો સહારો લેવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે!યાદ રાખવું જોઈએ કે ટેક્નોલૉજી અવાજ પહોંચાડી શકે છે, લાગણી નહીં; ચિત્ર બતાવી શકે છે, ચહેરા પરની વેદના નહીં; સંપર્ક કરાવી શકે છે, પરંતુ સંબંધોની હૂંફની ખાતરી નહીં!

આજે દરેક ક્ષેત્રમાં ઝડપની સ્પર્ધા છે. ઝડપથી ઉત્પાદન કરવું છે, ઝડપથી કમાવું છે, ઝડપથી આગળ વધવું છે અને ઝડપથી સફળ થવું છે. પરંતુ આ ઝડપમાં જીવનની ગુણવત્તા વિશે વિચારવાનો સમય કોની પાસે છે?

માણસ પાસે મનોરંજનનાં અસંખ્ય સાધનો છે, છતાં આનંદની અછત છે. વાહનોની સંખ્યા વધી છે, છતાં ઉતાવળ ઘટતી નથી. ઘરમાં આરામદાયક પથારીઓ છે, છતાં ઊંઘની ગોળીઓનો ઉપયોગ વધતો જાય છે. ખોરાકની વિવિધતા વધી છે, છતાં સ્વાસ્થ્યની ચિંતાઓ ઓછી થતી નથી.

આપણે જીવનને સરળ બનાવવા માટે સુવિધાઓ એકઠી કરી, પરંતુ જીવનને સુંદર બનાવતી નાની-નાની બાબતો ગુમાવી દીધી. વરસાદમાં પલળવાનો આનંદ, વૃક્ષની છાયામાં બેસવાની નિરાંત, પરિવાર સાથે ચા પીવાની આત્મીયતા અને કોઈ મિત્ર સાથે નિરાંતે વાતો કરવાની મજા હવે જાણે લક્ઝરી બની ગઈ છે.

આ સમગ્ર પરિસ્થિતિ માટે યંત્રોને દોષ આપવો એ પોતાની જવાબદારીમાંથી છટકવાનો સરળ રસ્તો છે. યંત્રો તો નિર્જીવ છે. તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે માણસે નક્કી કરવાનું છે. સમસ્યા ટેક્નોલૉજીમાં નહીં, પરંતુ તેના અતિરેક અને અવિવેકી ઉપયોગમાં છે.

વિજ્ઞાનની પ્રગતિ સામે કોઈને વાંધો ન હોઈ શકે. યંત્રો માનવજાત માટે આશીર્વાદ છે, પરંતુ આશીર્વાદનો અતિરેક પણ ક્યારેક અભિશાપ બની શકે છે. યંત્રોએ આપણા હાથને આરામ આપ્યો છે, હવે આપણા મનને પણ આરામ આપવાની જવાબદારી આપણી છે.

હેર ટ્રાન્સપ્લાન્ટેશન માટે લોકો જંગી નાણાં ખર્ચ કરી નાંખે છે ....

ખરતા વાળને લઇને લોકો પરેશાન

વાળ ખરવા માટે કેટલાક કારણો રહેલા છે : બે ટેકનિકથી હેર ટ્રાન્સપ્લાન્ટ કરવામા આવે છે : વાળ ખરવાની સમસ્યા જટિલ

ાળ ખરી પડવાની પ્રક્રિયાથી દુનિયાના મોટા ભાગના પુરૂષો પરેશાન થયેલા છે. જંગી રકમ પણ વાળ ન ખરી પડે અથવા તો વાળ ખરી પડ્યા બાદ વાળ માટે કરે છે.પુરૂષોમાં વાળ ખરી પડવાની બાબત વધારે જોવા મળે છે. સારવાર માટે લોકો હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને અપનાવે છે. પરંતુ આની સાથે જોડાયેલી સાવચેતી તેમની પાસે નહી હોવાના કારણે આવા લોકોને કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે. હાલમાં જ આવા કેટલાક મામલા સપાટી પર આવી ચુક્યા છે. આ પ્રક્રિયા દરમિયાન એક વ્યક્તિનુ તો મોત પણ થઇ ગયુ હતુ. હેર ટ્રાન્સપ્લાન્ટ અને તેની સાથે જોડાયેલી સાવધાન પર અમે આજે વાત કરી રહ્યા છીએ. વાળના સ્વાસ્થ માટે વિટામિન, બાયોટિન અને મિનરલ યુક્ત ભોજન ઉપયોગી સાબિત થાય છે. બાદામ, મગફળી પણ ઉપયોગી સાબિત થાય છે. વધારે પડતા ટેન્શન, સતત કેમિકલયુક્ત પેદાશોના ઉપયોગ અને વારંવાર શેમ્પુ અને અન્ય પેદાશોના બદલવાના કારણે આ તકલીફ થાય છે. હાર્મોનલ ફેરફાર પણ અસર કરે છે. સમય કરતા પહેલા અથવા તો ચોક્કસ વય બાદ હાર્મોનમાં ફેરફાર થાય છે. મહિલાઓમાં તાઇરોઇડ હાર્મોન, લોહીની કમી અને પીસીઓડીની સમસ્યાથી વાળ ખરી પડે છે. પુરૂષોમં જોવા મળનાર ટેસ્ટોસ્ટેરોન હાર્મોન ડિહાઇડ્રોસ્ટોસ્ટેરોનમાં ફેરવાઇ જાય છે ત્યારે માથાના આગળના વાળ ખરી પડે છે. બે ટેકનિક મારફતે હેર ટ્રાન્સપ્લાન્ટની વિધી કરવામાં આવી છે. ફોલિક્યુલર યુનિટ ટ્રાન્સપ્લાન્ટેશનની એક પ્રક્રિયા છે. જેમાં માથાના પાછળના હિસ્સાથી બે સેન્ટીમીટર પહોળા કદમાં ચામડી કાઢી લેવામાં આવે છે. ત્યારબાદ તેંમાંથી વાળને અલગ કરીને માથાના આગળના હિસ્સા પર મેડિકેટેડ સોઇ મારફતે વાળ ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. એ ગાળા દરમિયાન જે જગ્યાએ ચામડી લેવામાં આવે છે ત્યાં ટાંકા લગાવી દેવામાં આવે છે. ત્યારબાદ નિશાન દેખાતા નથી. અન્ય એક ટેકનિક ફોલિક્યુલર યુનિટ એક્સટ્રેક્શન છે. જેના ભાગરૂપે એક ખાસ પ્રકારની મશીનથી માથાના પાછળના હિસ્સાથી એક એક વાળ કાઢીને માથાના આગળના હિસ્સામાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. સર્જરી કરવામાં આવ્યા બાદ આગામી ૭થી ૧૦ દિવસ સુધી વાળને સ્પર્શ કરી શકાય નહી. આ ગાળા દરમિયાન બે ત્રણ દિવસ માટે પ્રભાવી જગ્યાએ પટ્ટી કરવામાં આવે છે. સાથે સાથે હેલમેટ અને ટોપી ન પહેરવા માટે કહેવામાં આવે છે. દર્દીને ચાર પાંચ દિવસ સુધી એન્ટીબાયોટિક અને પેઇન કિલર આપવામાં આવે છે. જેથી પીડા થતી નથી. આનાથી ઇન્ફેક્શનની શક્યતા ઘટી જાય છે. સમયમાં ભાગદોડ ભરેલી લાઈફસ્ટાઈલ, સ્ટ્રેસ, હાર્મોનને લઈને અસમતુલા અને અયોગ્ય સારસંભાળના પરિણામ સ્વરૂપે ઘણીબધી સમસ્યાઓની સાથે સાથે માથાના વાળ ખરવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. માથામાં વાળ ખરી પડવાની સમસ્યા એટલી જટિલ બની છે કે હેરફોલને રોકવા માટે જે કંપનીઓ મેદાનમાં છે અને આની સારવાર માટેનો દાવો કરે છે તે કંપનીઓ અભૂતપૂર્વ નાણાં કમાઈ રહી છે. હેરફ

અમદાવાદમાં દિલજીતના કોન્સર્ટને ફાયર NOC મળવાની બાકી, ટિકિટોનું વિતરણ શરૂ

આ પ્રકારના કોઈ પણ મોટા કાર્યક્રમ કે ઈવેન્ટ માટે ઊભા કરવામાં આવતા ટેમ્પરરી કન્સ્ટ્રક્શન એટલે કે સ્ટેજ અને અન્ય કામચલાઉ બાંધકામ માટે ફાયર વિભાગની NOC લેવી અનિવાર્યઃ ફાયર ઓફિસર

અમદાવાદના મોટેરા સ્થિત વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ (Narendra Modi Stadium) ખાતે આગામી ૨૧મી નવેમ્બરના રોજ લોકપ્રિય પંજાબી સિંગર દિલજીત દોસાંઝ (Diljit Dosanjh)નો લાઈવ કોન્સર્ટ યોજાવા જઈ રહ્યો છે. જોકે, કોન્સર્ટને હજુ સુધી અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ (AFES) વિભાગ દ્વારા ફાયર NOC (No Objection Certificate) આપવામાં આવી નથી. તેમ છતાં, આયોજકો દ્વારા કોન્સર્ટની ટિકિટોનું વેચાણ પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવ્યું છે.સમગ્ર મામલે અમદાવાદ ફાયર વિભાગના ફાયર ઓફિસર મિથુન મિસ્ત્રી (Fire Officer Mithun Mistry)એ મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું હતું કે, આ પ્રકારના કોઈ પણ મોટા કાર્યક્રમ કે ઈવેન્ટ માટે ઊભા કરવામાં આવતા ટેમ્પરરી કન્સ્ટ્રક્શન એટલે કે સ્ટેજ અને અન્ય કામચલાઉ બાંધકામ માટે ફાયર વિભાગની ર્ફ્ંઝ લેવી અનિવાર્ય હોય છે. હાલ આયોજકો દ્વારા ફાયર ર્ફ્ંઝ મેળવવા માટે અરજી કરી દેવામાં આવી છે, પરંતુ મંજૂરી હજુ પ્રક્રિયા હેઠળ છે.

ફાયર ઓફિસર મિથુન મિસ્ત્રીએ વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે, અમદાવાદ ફાયર વિભાગના અધિકારીઓની ટીમ દ્વારા સ્થળ પર જઈને સમગ્ર વ્યવસ્થાની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવશે. કાર્યક્રમના સ્થળે સુરક્ષાના ધોરણો મુજબ જરૂર જણાય તે પ્રમાણે ફિક્સ ફાયર ફાઈટિંગ ઈન્સ્ટોલેશન અને આગ ઓલવવાના સાધનો યોગ્ય રીતે ગોઠવવામાં આવ્યા છે

કે કેમ, તેની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ નિયમોનુસાર ફાયર ર્ફ્ંઝ આપવામાં આવશે.



ફાયર ઓફિસર મિથુન મિસ્ત્રીએ વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે, અમદાવાદ ફાયર વિભાગના અધિકારીઓની ટીમ દ્વારા સ્થળ પર જઈને સમગ્ર વ્યવસ્થાની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવશે. કાર્યક્રમના સ્થળે સુરક્ષાના ધોરણો મુજબ જરૂર જણાય તે પ્રમાણે ફિક્સ ફાયર ફાઈટિંગ ઈન્સ્ટોલેશન અને આગ ઓલવવાના સાધનો યોગ્ય રીતે ગોઠવવામાં આવ્યા છે

‘રામાયણ’ ૨૦૨૭માં ચીન, રશિયા, જાપાન અને દક્ષિણ કોરિયામાં રિલીઝ થશે





રણબીર કપૂર અને યશની ફિલ્મ ‘રામાયણ’ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની પહોંચ વિસ્તારવાની તૈયારીમાં છે. ફિલ્મ ૨૦૨૭ના શરુઆતના મહિનાઓમાં ચીન, રશિયા, જાપાન અને દક્ષિણ કોરિયામાં રિલીઝ થવાની છે. આ ચાર મહત્ત્વનાં વિદેશી બજારોમાં ફિલ્મની રિલીઝથી વૈશ્વિક સ્તરે તેની પહોંચ વધવાની સાથે બોક્સ ઓફિસની કમાણીની સંભાવનાઓને પણ વેગ મળી શકે છે.

આંતરરાષ્ટ્રીય રિલીઝની તૈયારીના ભાગરૂપે ફિલ્મને ચીનમાં સેન્સર ક્લિયરન્સ માટે પહેલેથી જ મોકલી દેવામાં આવી છે. ભારતીય ફિલ્મો માટે ચીન એક મહત્ત્વનું બજાર રહ્યું છે. ભૂતકાળમાં કેટલીક ભારતીય ફિલ્મોએ અહીં સારો પ્રેક્ષકવર્ગ મેળવવાની સાથે બોક્સ ઓફિસ પર પણ નોંધપાત્ર કમાણી કરી છે. તેથી ‘રામાયણ’ની ચીનમાં રજૂઆતને ખાસ મહત્ત્વની માનવામાં આવી રહી છે.

ચીન ઉપરાંત રશિયા, જાપાન અને દક્ષિણ કોરિયામાં ફિલ્મની રિલીઝ પણ નિર્માતાઓની વૈશ્વિક યોજનાનો મહત્ત્વનો હિસ્સો છે. ભવ્ય નિર્માણ, પૌરાણિક કથા અને જાણીતા કલાકારોની હાજરીને કારણે ફિલ્મ આ દેશોના દર્શકોમાં પણ રસ જગાવી શકે છે. ભારતીય મહાકાવ્ય પર આધારિત આ ફિલ્મને આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકો સુધી પહોંચાડવાની દિશામાં આ એક મહત્ત્વનું પગલું છે.

૨૦૨૭ની શરૂઆત ‘રામાયણ’ની આંતરરાષ્ટ્રીય સફર માટે નિર્ણાયક બની શકે છે. ચાર દેશોમાં એકસાથે રિલીઝથી ફિલ્મની ગ્લોબલ થિયેટર પહોંચ વધશે અને આંતરરાષ્ટ્રીય બોક્સ ઓફિસ પર તેની સંભાવનાઓનો અંદાજ પણ આવશે.

આરાધ્યા ૧૫ વર્ષની થતાં દાદા અમિતાભ બચ્ચનની ખાસ પોસ્ટ



બ્લોગમાં લખ્યું, ‘ઘરની પૌત્રીનો જન્મદિવસ સોનેરી અને ભાગ્યશાળી રહે’

બચ્ચન પરિવારની પૌત્રી આરાધ્યા ૧૬ નવેમ્બરે ૧૫ વર્ષની થઈ છે. આ પ્રસંગે દાદા અને મહાનાયક અમિતાભ બચ્ચને પોતાના બ્લોગ પર ખાસ શુભેચ્છા પાઠવી હતી. ૧૭ નવેમ્બરે રવિવારના ચાહકો સાથેના મિલનના ફોટો શેર કરતાં તેમણે લખ્યું, ‘‘ઘરની પૌત્રીનો જન્મદિવસ સોનેરી અને ભાગ્યશાળી રહે, એવી ઈશ્વરને પ્રાર્થના છે.’’ સાથે જ રવિવારે મળેલા પ્રેમ, આશીર્વાદ અને શુભેચ્છાઓ બદલ ચાહકોનો આભાર માન્યો હતો.આરાધ્યાનાં માતા-પિતા અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચને સોશિયલ મીડિયા પર જન્મદિવસની શુભેચ્છા શેર કરી નહોતી. બચ્ચન પરિવાર સામાન્ય રીતે આરાધ્યાની અંગત જિંદગીને જાહેર ચર્ચાથી દૂર રાખે છે. તાજેતરમાં તે પિતરાઈ ભાઈ-બહેન નવ્યા નવેલી નંદા અને અગસ્ત્ય નંદા સાથે દિવાળીની ઉજવણી કરતી જોવા મળી હતી. આરાધ્યાની ગોપનીયતા અગાઉ પણ ચર્ચામાં આવી હતી. ૨૦૨૩માં તેના સ્વાસ્થ્ય અંગે ભ્રામક વીડિયો અને સામગ્રી પ્રસિદ્ધ થવા સામે પરિવારે દિલ્હી હાઇકોર્ટનો સંપર્ક કર્યો હતો. કોર્ટે કેટલીક યુટ્યુબ ચેનલોને આવી સામગ્રી પ્રસારિત કરવા પર રોક લગાવી હતી. દરમિયાન, અમિતાભ બચ્ચન ‘કૌન બનેગા કરોડપતિ’ની ૧૮મી સિઝનના શૂટિંગમાં વ્યસ્ત છે. થોડા સમયના આરામ બાદ તેઓ ૧૨ નવેમ્બરે ફરી સેટ પર પરત ફર્યા છે.



મને મારા પિતાની દીકરી હોવાનો ગર્વ છે, નેપોટિઝમથી દૂર ભાગવા માગતી નથીઃ અનન્યા પાંડે

‘કોલ મી બે’ની બીજી સિઝન ૧૭ ડિસેમ્બરથી પ્રાઇમ વીડિયો પર સ્ટ્રીમ થશે

બોલિવૂડમાં નેપોટિઝમની ચર્ચા વચ્ચે અભિનેત્રી અનન્યા પાંડેએ કહ્યું છે કે તેને અભિનેતા ચંકી પાંડેની દીકરી હોવાનો ગર્વ છે અને તે આ ઓળખથી દૂર રહેવા માગતી નથી. એક કાર્યક્રમમાં તેણે જણાવ્યું હતું કે, ‘‘મને મારા પિતાની દીકરી હોવાનો ગર્વ છે. હું ક્યારેય ચંકી પાંડે સાથેની મારી ઓળખને નકારાત્મક રીતે જોવા માગતી નથી.’’ અનન્યાએ પોતાની સફળતામાં તેને મળેલી તકો અને સુવિધાઓનો સ્વીકાર કરતાં કહ્યું કે તે દરરોજ પોતાનું સપનું જીવી શકવા બદલ આભારી છે.

યેહ ઢને આળસુ ગણાવતી માન્યતાઓનો વિરોધ કરતાં તેણે કહ્યું કે નવી પેઢી માટે સફળતાની વ્યાખ્યા અલગ છે. દરમિયાન, અનન્યાની વેબ સિરીઝ ‘કૉલ મી બે’ની બીજી સિઝન ૧૭ ડિસેમ્બર, ૨૦૨૬થી પ્રાઇમ વીડિયો પર સ્ટ્રીમ થશે. આઠ એપિસોડની નવી સિઝનમાં બેલા ‘બે’ ચૌધરીની કારકિર્દી આગળ વધશે, પરંતુ પ્રેમ તેનાં જીવનમાં નવી ગૂંચવણો ઊભી કરશે. તેને સંબંધો અને તકલીફો વચ્ચે પોતાની સહેલીઓના ‘બહેન કોડ’નો સહારો લેવો પડશે.

નવી સિઝનમાં શ્રુતિ કમલ હસન પણ જોવા મળશે. જ્યારે વિર દાસ, ગુરફતેહ પીરઝાદા, વરુણ સૂદ, વિહાન સામત અને અન્ય કલાકારો પોતાની ભૂમિકાઓમાં પરત ફરશે. કોલિન ડી’કુન્હા દિગ્દર્શિત આ સિરીઝનું નિર્માણ કરણ જોહરની ધર્માટિક એન્ટરટેઇનમેન્ટે કર્યું છે.



‘અમરન’માં તૂટી-ફુટી મલયાલમ બોલવા બદલ થયેલી ટીકાનો સાઈ પલ્લવીએ જવાબ આપ્યો


અભિનેત્રીએ કહ્યું, દિગ્દર્શક રાજકુમાર પેરિયાસામીની સૂચનાથી જ પાત્ર આવી ભાષા બોલતું હતું

૨૦૨૪માં આવેલી ફિલ્મ ‘અમરન’માં તૂટી-ફુટી મલયાલમ બોલવા બદલ સાઈ પલ્લવીની ટીકા થઈ હતી. બે વર્ષ બાદ તેણે આ અંગે ખુલાસો કર્યો છે. પોતાની આગામી ફિલ્મ ‘ઓમ’ના પ્રમોશન માટે કોચી પહોંચેલી સાઈએ કહ્યું કે ફિલ્મમાં આવી મલયાલમ બોલવાનું સૂચન દિગ્દર્શક રાજકુમાર પેરિયાસામીએ કર્યું હતું.સાઈએ જણાવ્યું કે શૂટિંગના પહેલા જ દિવસે તેણે મલયાલમ શીખ્યા બાદ જ સીન શૂટ કરવાની બતાવી હતી. જોકે, દિગ્દર્શક ઇચ્છતા હતા કે તેનું પાત્ર તૂટી-ફુટી મલયાલમ બોલે. તેમના મતે, અન્ય રાજ્યમાંથી આવેલી યુવતી મોટી તકલીફનો સામનો કરી રહી છે અને તેની ભાષામાં દેખાતી મુશ્કેલીથી દર્શકો તેની પીડા વધુ સારી રીતે સમજી શકશે. સાઈએ કહ્યું કે તેને આશા હતી કે મલયાલી દર્શકો તેના અભિનયને પસંદ કરશે, પરંતુ ભાષાને કારણે ટીકા થઈ. તેણે સ્પષ્ટ કર્યું કે કોઈની લાગણી દુભાવવાનો ફિલ્મનો ઈરાદો નહોતો અને દર્શકોએ ફિલ્મને જે પ્રેમ આપ્યો તે બદલ આભાર માન્યો હતો.‘અમરન’માં સાઈએ મેજર મુકુંદ વરદરાજનની પત્ની ઈન્દુની ભૂમિકા ભજવી હતી, જ્યારે શિવકાર્તિકેયને મેજરનું પાત્ર ભજવ્યું હતું. કમલ હસન નિર્મિત આ ફિલ્મે વિશ્વભરમાં ૩૩૩ કરોડની કમાણી કરી હતી. સાઈ ફરી રાજકુમાર સાથે ‘ઓમ’માં કામ કરી રહી છે. ધનુષ, મમ્મુટ્ટી અને શ્રીલીલાની આ ફિલ્મ ૨૦ નવેમ્બરે રિલીઝ થશે.

ફાયરિંગની ઘટના બાદ ટાઇગર શ્રોફ ફરીથી શૂટિંગમાં વ્યસ્ત

મુંબઈમાં ૧૮ ઓક્ટોબરે ટાઇગર શ્રોફની કાર પર અજાણ્યા શખસોએ ગોળીબાર કર્યાની ઘટના બાદ તે ફરી કામ પર પરત ફર્યો છે. તેણે પુણેમાં રાજ મહેતાની ફિલ્મ ‘લગ જા ગલે’ માટે જાન્હવી કપૂર સાથે ચાર દિવસનું ગીતનું શૂટિંગ પૂરું કર્યું છે.સુરક્ષાની ચિંતાઓ વચ્ચે ટાઇગરની ટીમ અને સહયોગીઓને નોન-ડિસ્ક્લોઝર એગ્રીમેન્ટ (NDA) આપવામાં આવ્યા છે. તેમને ટાઇગરના લોકેશન અને શૂટિંગના સમયપત્રક અંગેની માહિતી જાહેર નહીં કરવાની સૂચના અપાઈ છે.પુણેના કલ્યાણી નગર વિસ્તારમાં આવેલા એક પબમાં બોસ્કો માર્ટિસની કોરિયોગ્રાફી હેઠળ ગીતનું શૂટિંગ થયું હતું. બ્લોન્ડ લૂકમાં જોવા મળેલા ટાઇગરે શૂટિંગ દરમિયાન ડાન્સર્સ અને સ્ટાફ સાથે ફોટો પણ પડાવ્યા હતા. પબનાં માલિક આર્યન નવલેએ ટાઇગર અને જાન્હવી સાથેનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.

ટાઇગર આ અઠવાડિયે એક મ્યુઝિક લેબલ સાથે નવું ગીત લોન્ચ કરવાનો છે. તેની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પ્રમોશનલ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે.







વેલિંગ્ટન ટેસ્ટના બીજા દિવસે ભારતનો સ્કોર ૧૫૯/૧

રાહુલ અને યશસ્વીએ ફિફ્ટી ફટકારી, ન્યૂઝીલેન્ડ ૩૬૮ રનમાં ઓલઆઉટ

ભારતે વેલિંગ્ટન ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ સામે મજબૂત શરૂઆત કરી છે. તેણે શુક્રવારે સ્ટમ્પ્સ સુધી પ્રથમ ઈનિંગ્સમાં એક વિકેટે ૧૫૯ રન બનાવી લીધા છે.કેએલ રાહુલે (અણનમ ૫૨ રન) કિવીઝ સામે પહેલી ફિફ્ટી ફટકારી છે. જ્યારે, યશસ્વી જયસ્વાલ ૮૫ રન બનાવીને આઉટ થયો. બંનેએ ૧૩૦ રનની ઓપનિંગ પાર્ટનરશીપ કરી.ન્યૂઝીલેન્ડ પ્રથમ ઈનિંગ્સમાં ૩૬૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. હેનરી નિકોલ્સ ૩૩૫ બોલમાં ૧૭૫ રન બનાવીને અણનમ રહ્યો. ગ્લેન ફિલિપ્સે ૧૧૮ રન બનાવ્યા. બંને વચ્ચે ૨૧૬ રનની ભાગીદારી થઈ.ભારત તરફથી જસપ્રીત બુમરાહે ૪ વિકેટ ઝડપી. આકાશ દીપને ૩, અંશુલ કંબોજને ૨ અને પ્રસિદ્ધ કિષ્ના એક વિકેટ મળી.શુક્રવારની રમત સમાપ્ત થઈ ચૂકી છે. બીજા દિવસની છેલ્લી ઓવરમાંથી ૮ રન આવ્યા. જેકબ ડફીની આ ઓવરમાં દેવદત્ત પડિકલે ચોગ્ગો ફટકાર્યો. તે ૧૬ રન પર અણનમ પરત ફર્યો. જ્યારે, કેએલ રાહુલ ૫૨ રન પર અણનમ રહ્યો.

૩૭મી ઓવરમાં ભારતીય ટીમે ૧૫૦ રનનો આંકડો પાર કરી લીધો છે. જેકબ ડફીએ પાંચમો બોલ નો-બોલ ફેંક્યો. આનાથી ભારતીય ટીમનો ૧૫૦મો રન બન્યો.

૩૪મી ઓવરમાં ભારતીય ઓપનર કેએલ રાહુલે ફિફ્ટી પૂરી કરી. તેણે ૯૯ બોલમાં હાફ સેન્ચુરી ફટકારી. રાહુલે ન્યૂઝીલેન્ડમાં પહેલી અડધી સદી ફટકારી છે. આ કિવીઝ સામે તેની પહેલી ફિફ્ટી છે.૩૦મી ઓવરના પહેલા બોલ પર કેએલ રાહુલ રનઆઉટ થતા બચી ગયો. રાહુલે મેટ હેનરીના ફુલ લેન્થ બોલને પોઈન્ટની દિશામાં રમ્યો.આ પછી રાહુલ અને પડિકલ વચ્ચે રન લેવાને લઈને ગેરસમજ થઈ. રાહુલ ક્રિઝની બહાર નીકળી આવ્યો હતો, પરંતુ પડિકલે રન લેવાની ના પાડી દીધી.ગ્લેન ફિલિપ્સ બોલ બરાબર પકડી શક્યો નહીં, જેના કારણે રાહુલને પાછા ક્રિઝમાં પહોંચવાની તક મળી ગઈ. તે સુરક્ષિત રીતે ક્રિઝ પર પરત ફર્યો.૨૮મી ઓવરના પાંચમા બોલ પર ભારતે પહેલી વિકેટ ગુમાવી. મેટ હેનરીના ઓફ સ્ટમ્પની બહારના લેન્થ બોલ પર યશસ્વી જયસ્વાલે ડિફેન્સ કરવાનો પ્રયાસ કર્યો.બોલ બેટની એડ્જ લઈને લઈને વિકેટકીપર ટોમ બ્લંડેલના ગ્લોવ્ઝમાં ચાલ્યો ગયો. ન્યૂઝીલેન્ડે કેચની અપીલ પર રિવ્યુ લીધો. સ્નિકોમીટરમાં મોટો સ્પાઇક જોવા મળ્યો. જયસ્વાલને ૮૫ રનના અંગત સ્કોર પર પેવેલિયન પરત ફરવું પડ્યું.૨૫મી ઓવરમાં યશસ્વી જયસ્વાલે જેકબ ડફીના બોલ પર સતત બે ચોગ્ગા ફટકાર્યા. તેણે બીજા અને ત્રીજા બોલને બાઉન્ડરીની બહાર પહોંચાડ્યો.

૧૯મી ઓવરના છેલ્લા બોલ પર યશસ્વી જયસ્વાલે આગળ નીકળીને શાનદાર કવર ડ્રાઇવ રમ્યો. તેણે જેમિસનના ઓવરપિચ બોલને બાઉન્ડરીની બહાર મોકલ્યો.



પીસીબીએ પૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડિટ્ઝને મહિલા ટીમના નવા કોચ બનાવ્યા

લાહોર , પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ પોતાની મહિલા ટીમના સતત ખરાબ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને તેના માટે નવા કોચની નિમણૂક કરી છે. પીસીબીએ ઑસ્ટ્રેલિયાના અનુભવી પૂર્વ ક્રિકેટર શેન ડિટ્ઝને ટીમના નવા મુખ્ય કોચ બનાવ્યા છે. આ નિમણૂક ટીમના પ્રદર્શનમાં સુધારો લાવવા અને આંતરરાષ્ટ્રીય મંચ પર તેને મજબૂત બનાવવાનો પ્રયાસ માનવામાં આવી રહી છે. ડિટ્ઝ વેસ્ટ ઈન્ડિઝ સામે રમાનારી આગામી દ્વિપક્ષીય શ્રેણીથી પોતાનો કાર્યભાર સંભાળશે. ડિટ્ઝનો રસ્તો સરળ નથી. તેમના પર શરૂઆતથી જ ટીમને જીતના પાટા પર લાવવાનું દબાણ રહેશે. આ દરમિયાન પોતાની નિમણૂક પર ખુશી વ્યક્ત કરતાં ડિટ્ઝે કહ્યું કે તેઓ પાકિસ્તાન મહિલા ટીમના કોચ બનીને સન્માનિત અનુભવી રહ્યા છે. ડિટ્ઝે પીસીબી દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં ભવિષ્યની યોજનાઓ અને ટીમના લક્ષ્યો પર પણ પ્રકાશ પાડ્યો, જે તેમનો દૂરંદેશી અભિગમ દર્શાવે છે.

તેમણે સ્પષ્ટ કર્યું કે, "૨૦૨૮માં અમે ટી૨૦ વિશ્વ કપની યજમાની કરીશું. અમારો લક્ષ્ય સમર્થકોને ઘરેલુ મેદાન પર ઉત્સાહિત થવાની તક આપવાનો છે. વિશ્વ કપમાં સ્પર્ધાત્મક બની રહેવા માટે અમારે ઘણો સુધારો કરવો પડશે અને આપણે સૌએ ખેલાડીઓ અને સ્ટાફ તરીકે વિશ્વ સ્તરીય પ્રદર્શન આપવા માટે વિકસિત થવું પડશે." ડિટ્ઝે પાકિસ્તાન પ્રત્યેના પોતાના ઊંડા લગાવને પણ વ્યક્ત કર્યો, "હું અગાઉ ત્રણ વખત પાકિસ્તાનનો પ્રવાસ કરી ચૂક્યો છું. અહીં ક્રિકેટ પ્રત્યેનો પ્રેમ અને જુસ્સો લોકોને પોતાની તરફ ખેંચે છે. હું ટીમ સાથે કામ કરવા માટે ત્યાં જવાનો ઇંતેજાર કરી શકતો નથી." તેમનું આ નિવેદન ટીમ સાથેના તેમના ભાવનાત્મક જોડાણને દર્શાવે છે.નોંધનીય છે કે ડિટ્ઝ પાસે કોચિંગના ક્ષેત્રમાં લાંબો અનુભવ છે. તેઓ તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝ મહિલા ટીમના મુખ્ય કોચ તરીકે કાર્યરત હતા, જ્યાં તેમની દેખરેખ હેઠળ ટીમે ૨૦૨૪ અને ૨૦૨૬ ટી૨૦ વિશ્વ કપના સેમિફાઈનલમાં સ્થાન બનાવ્યું હતું. આ તેમની વ્યૂહાત્મક અને કોચિંગ ક્ષમતાઓનો એક મોટો પુરાવો છે. આ અગાઉ, ડિટ્ઝ બાંગ્લાદેશ અને નેધરલેન્ડ્સની મહિલા રાષ્ટ્રીય ટીમો સાથે પણ કામ કરી ચૂક્યા છે. આ ઉપરાંત, ૨૦૦૮થી ૨૦૧૩ સુધી ન્યૂઝીલેન્ડમાં ક્રિકેટ વેલિંગ્ટન સાથે હાઈ-પર્ફોર્મન્સ કોચ તરીકે પણ તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જ્યાં તેમણે યુવા પ્રતિભાઓને નિખારવામાં અને ઉચ્ચ સ્તરે પ્રદર્શન કરવા માટે તૈયાર કરવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. ડિટ્ઝ માટે પાકિસ્તાન મહિલા ક્રિકેટ ટીમને આઈસીસી અને એસીસી ટુર્નામેન્ટોમાં વધુ સારા પ્રદર્શન માટે તૈયાર કરવી એક મહત્વપૂર્ણ પડકાર રહેશે. ટીમને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની ઓળખ બનાવવા અને સતત સફળતા મેળવવા માટે ડિટ્ઝના અનુભવ અને વિશેષજ્ઞતા પર ઘણું બધું નિર્ભર રહેશે. પીસીબીને આશા છે કે નવા કોચના આવવાથી ટીમ ઝડપથી આગળ વધશે.

ટેસ્ટ રેન્કીંગમાં દક્ષિણ આફ્રિકા ટોચ પર પહોંચ્યુ : કિવીઝ પાછળ ધકેલાયુ

નવીદિલ્હી તા.૨૦

દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ટેસ્ટ મેચમાં બાંગ્લાદેશ સામે ૯ વિકેટે પ્રભાવશાળી વિજય મેળવ્યો છે. ટેસ્ટના પાંચમા દિવસે બાંગ્લાદેશ દ્વારા મળેલા માત્ર ૧૨ રનના લક્ષ્યાંકને દક્ષિણ આફ્રિકાએ એક વિકેટ ગુમાવીને પાર પાડ્યો હતો.

અગાઉ બાંગ્લાદેશે પ્રથમ દાવમાં ૪૦૦ રન બનાવ્યા હતા, જેના જવાબમાં દક્ષિણ આફ્રિકાએ ૫૫૭ રન ખડકીને ૧૫૭ રનની મજબૂત સરસાઈ મેળવી હતી. બીજા દાવમાં બાંગ્લાદેશની આખી ટીમ ૧૬૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

દક્ષિણ આફ્રિકા તરફથી માર્કોસ એકરમેને શાનદાર ૧૫૭ રન અને રેયાન રિકેલ્ટને સદી ફટકારતા ૧૦૨ રન બનાવ્યા હતા. ઝુબેર હમઝાએ ૮૩ તથા સુકાની ટેમ્બા બવુમાએ ૬૮ રનનું યોગદાન આપ્યું હતું.બોલિંગમાં કગિસો રબાડાએ બંને દાવ મળીને કુલ ૮ વિકેટ ઝડપી હતી અને બેટિંગમાં પણ ૭૨ રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી, જે બદલ તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરાયો હતો. બીજા દાવમાં સિમોન હાર્મરે ૬ વિકેટ લીધી હતી.

આ જીત સાથે દક્ષિણ આફ્રિકા ૭૫% જીતની ટકાવારી સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું છે અને ન્યુઝીલેન્ડ (૭૨.૨૨%, બીજું સ્થાન)નો દબદબો સમાપ્ત કર્યો છે.

ઓસ્ટ્રેલિયા ૬૯.૨૩% સાથે ત્રીજા અને ભારત ૫૧.૫૨% સાથે ચોથા ક્રમે છે. બાંગ્લાદેશ ૪૦.૭૪% (પાંચમું), ઈંગ્લેન્ડ ૩૮.૫૪% (છઠ્ઠું), વેસ્ટ ઈન્ડિઝ ૨૭.૩૮% (સાતમું), શ્રીલંકા ૧૫.૪૮% (આઠમું) અને પાકિસ્તાન ૩.૩૩% સાથે તળિયે (નવમું) છે.





હેડની ખોટ પૂરી કરવા કોઈ સારા બેટ્સમેનને સામેલ કરીશું: કોચ વિટોરી

મુંબઈ , સનરાઈઝર્સ હૈદરાબાદના મુખ્ય કોચ ડેનિયલ વિટોરીએ કહ્યું છે કે આક્રમક ઓપનર ટ્રેવિસ હેડની ગેરહાજરીને કારણે ફ્રેન્ચાઈઝી આવતા મહિને યોજાનારી હરાજીમાં કોઈ સારા બેટ્સમેનને સામેલ કરવાનો પ્રયાસ કરશે. કોચના જણાવ્યા અનુસાર ટીમ એવા બેટ્સમેનોની શોધ કરશે જે ટીમની વર્તમાન વ્યૂહરચનાને અનુરૂપ હોય અને ખાસ કરીને હૈદરાબાદની પરિસ્થિતિઓમાં વધુ સારું પ્રદર્શન કરી શકે. તેમણે સાથે જ કહ્યું કે દરેક ટીમ પોતાના સ્કવોડની ખામીઓને દૂર કરવાનો પ્રયાસ કરે છે અને સનરાઈઝર્સ પણ અન્ય ટીમોમાંથી રિલીઝ થયેલા ખેલાડીઓ પર નજર રાખશે, ખાસ કરીને તેવા ખેલાડીઓ પર જે ઘરેલુ મેદાન પર સારું પ્રદર્શન કરી શકે, જ્યાં બેટિંગ કરવી શાનદાર હોય છે.વિટોરીએ એ પણ સ્પષ્ટ કર્યું કે મિની હરાજીમાં આખી ટીમમાં મોટા ફેરફાર કરવાને બદલે પોતાના વર્તમાન મજબૂત કોરને જાળવી રાખીને કેટલાક જરૂરી ખેલાડીઓને ઉમેરવાનું પસંદ કરશે. તેમનું માનવું છે કે ટીમ પાસે પહેલેથી જ એક મજબૂત સ્કવોડ અને સારી પ્લેઇંગ ઈલેવન છે, અને આવા સંજોગોમાં હરાજીમાં તેમને એક કે બે એવા ખેલાડીઓ જોઈએ જે ટીમને વધુ મજબૂત બનાવવામાં યોગદાન આપી શકે. તેમનું માનવું છે કે આ વ્યૂહરચના ટીમને સ્થિરતા પ્રદાન કરશે અને અચાનક મોટા ફેરફારના જોખમથી બચાવશે. બીજી તરફ કોચે હેડને રિલીઝ કરવાના ફ્રેન્ચાઈઝીના નિર્ણયનું કારણ જણાવતા કહ્યું કે આ અંગે ખુદ ક્રિકેટરે જ વિનંતી કરી હતી. વિટોરીએ જણાવ્યું કે હેડે ઑસ્ટ્રેલિયાના વ્યસ્ત આંતરરાષ્ટ્રીય શેડ્યૂલને ધ્યાનમાં રાખીને પોતાને લીગ માટે અનઉપલબ્ધ રાખવાનો નિર્ણય લીધો હતો, આ જ કારણસર તેમને રિટેન કરવામાં આવ્યા ન હતા. વિટોરીએ હેડ ટીમમાં ન હોવા બદલ દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં તેમના અમૂલ્ય યોગદાન બદલ આભાર પણ માન્યો. હેડ છેલ્લી ત્રણ સીઝનથી હૈદરાબાદની બેટિંગનો મહત્વનો હિસ્સો રહ્યા છે અને તેમની આક્રમક શૈલીએ ટીમને અનેક મહત્વપૂર્ણ જીત અપાવી છે.

આર્યવીરે ટીકાઓ સહન કરી : સહેવાગ

મુંબઈ, તા. ૨૦

જાણીતી અટક કે ઉપનામ સાથે ટીકાઓ પણ આવે છે જેનાં પર નિયંત્રણ હોતું નથી, પરંતુ આર્યવીરે અંડર-૧૯ એશિયા કપમાં શાનદાર પ્રદર્શન કરીને જરૂરી સન્માન મેળવી લીધું છે.

આર્યવીરના પિતા અને પૂર્વ ભારતીય ઓપનિંગ બેટ્સમેન વિરેન્દ્ર સહેવાગે ગુરુવારે કહ્યું કે, હું ખુશ છું કે તેણે પાકિસ્તાન સામે ફાઈનલમાં સારું પ્રદર્શન કર્યું. તેણે માત્ર રન જ નથી બનાવ્યા, પરંતુ મોટી ઈનિંગ્સ પણ રમી. હું હંમેશા તેને કહેતો હતો કે જો સન્માન મેળવવું હોય તો મોટી ઈનિંગ્સ રમવી પડશે અને તેણે એ જ કરીને બતાવ્યું છે.તેમણે કહ્યું કે, કદાચ ભવિષ્યમાં પણ તેણે આવી ટીકાઓનો સામનો કરવો પડે, પરંતુ હવે દરેક જણ જાણે છે કે તેનામાં પ્રતિભા છે અને તે સારું પ્રદર્શન કરી શકે છે. તેથી મારા મતે આગળ તેને દેશનો પ્રેમ જ મળશે.



બાર્ટી અને શિંગો વર્ષ ૨૦૨૭ હોલ ઓફ ફેમ માટે નામાંકિત કરાયા

સેન ડિએગો : વિશ્વની ભૂતપૂર્વ નંબર વન ખેલાડી એશ બાર્ટી અને ચાર વખતના પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા શિંગો કુનિદાને વર્ષ ૨૦૨૭માં આપવામાં આવનારા ઈન્ટરનેશનલ ટેનિસ હૉલ ઑફ ફેમમાં સામેલ કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે. આ ઍવોર્ડ્સ ૨૬થી ૨૮ ઑગસ્ટ ૨૦૨૭ દરમિયાન ન્યૂપોર્ટ, રોડ આઇલેન્ડમાં યોજાનારા ઈન્ડક્શન સમારોહમાં એનાયત કરવામાં આવશે. આ ઍવોર્ડ માટે બાર્ટીની પ્રતિષ્ઠિત ખેલાડી શ્રેણીમાં પસંદગી કરવામાં આવી છે, જ્યારે કુનિદાને વ્હીલચેર ટેનિસ કેટેગરીમાં આ સન્માન મળશે. આ શ્રેણી એવા ખેલાડીઓને સ્થાન આપે છે, જેમનો આંતરરાષ્ટ્રીય સ્તરે અસાધારણ પ્રદર્શન અને સિદ્ધિઓનો રેકોર્ડ રહ્યો હોય.

બાર્ટી ત્રણ વખતની મેજર સિંગલ્સ ચૅમ્પિયન છે, જેમણે ૨૦૧૯માં રોલેન્ડ-ગેરોસ (ફ્રેન્ચ ઓપન), ૨૦૨૧માં વિમ્બલ્ડન અને ૨૦૨૨માં ઑસ્ટ્રેલિયન ઓપનનો ખિતાબ જીત્યો હતો. તેમણે ૨૦૧૮ યુએસ ઓપનમાં પોતાનો પહેલો મેજર ડબલ્સ ખિતાબ પણ મેળવ્યો હતો. ૨૦૧૯માં વિશ્વ નંબર ૧ બનેલાં તેમણે કુલ ૧૨૧ અઠવાડિયા સુધી ટોચનું સ્થાન જાળવી રાખ્યું, જેમાં સતત ૧૧૪ અઠવાડિયા સામેલ હતા. તેઓ ૨૦૧૯થી ૨૦૨૧ સુધી સતત ત્રણ વર્ષ સુધી યર-એન્ડ નંબર ૧ પણ રહ્યા. ઑસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૨ જીત્યાના તરત બાદ, જ્યારે તેઓ પોતાની સર્વોચ્ચ રેન્કિંગ પર હતા, ત્યારે તેમણે રમતમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી હતી. તેઓ ઈન્ટરનેશનલ ટેનિસ હૉલ ઑફ ફેમમાં સામેલ થનારા ઉપમા ઑસ્ટ્રેલિયન ખેલાડી હશે અને ૨૦૧૩ બાદ આ સન્માન મેળવનારા પ્રથમ ઑસ્ટ્રેલિયન મહિલા બનશે. આ સન્માન પર ખુશી વ્યક્ત કરતાં બાર્ટીએ કહ્યું, "હું પોતાને સૌભાગ્યશાળી માનું છું કે મને ઑસ્ટ્રેલિયાના એ મહાન ખેલાડીઓને જોવાની તક મળી, જેમણે આ રમતને નવી દિશા આપી અને ખૂબ ગર્વ સાથે આપણા દેશનું પ્રતિનિધિત્વ કર્યું. તેમની સાથે મારું નામ લેવાય તે એક અદ્ભુત અનુભૂતિ છે. મારી કારકિર્દી એક સામૂહિક પ્રયાસ હતો, તેથી આ સન્માન મારા પરિવાર, મારા કોચ અને એ તમામ લોકોનું પણ છે, જેમણે આ સફરમાં મને મદદ કરી." બીજી તરફ, શિંગો કુનિદા ઈન્ટરનેશનલ ટેનિસ હૉલ ઑફ ફેમમાં સામેલ થનારા જાપાનના પ્રથમ ખેલાડી હશે. તેઓ ઇતિહાસના સૌથી સફળ પુરુષ વ્હીલચેર ટેનિસ ખેલાડી છે, જેમના નામે રેકોર્ડ ૨૮ મેજર સિંગલ્સ ખિતાબ અને કુલ ૫૦ મેજર ખિતાબ નોંધાયેલા છે.



મહિલા સશક્તિકરણ થકી સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસનો સંકલ્પ

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે બીલીમોરા ખાતે મહિલા સભા યોજાઈ

સુરત, તા.૨૦

ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે બીલીમોરા ખાતે મોહનલાલ ચુનીલાલ શાહ સાંસ્કૃતિક ભવન, સોમનાથ મહાદેવ મંદિરના પરિસરમાં મહિલા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીના જીવનચરિત્ર, તેમના સંઘર્ષ, બલિદાન અને આદિવાસી સમાજના હક, અધિકાર તથા અસ્મિતાના રક્ષણ માટે આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. ભગવાન બિરસા મુંડાજીનું જીવન સાહસ, સંઘર્ષ, સ્વાભિમાન અને સમાજ પ્રત્યેની નિષ્ઠાની પ્રેરણા આપે છે. તેમના વિચારો અને આદર્શોને જીવનમાં ઉતારી સમાજના સર્વાંગી વિકાસમાં સહભાગી બનવા ઉપસ્થિત મહિલાઓને પ્રેરિત કરવામાં આવી હતી. આ પ્રસંગે સરકારશ્રી દ્વારા મહિલાઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે અમલી બનાવવામાં આવેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. મહિલાઓને સ્વાવલંબી બનાવવા, તેમના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા તેમજ સરકારી યોજનાઓનો લાભ છેવાડાની મહિલાઓ સુધી પહોંચાડવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આજના સમયમાં મહિલાઓ શિક્ષણ, આરોગ્ય, રમતગમત, ઉદ્યોગ, કૃષિ, સામાજિક સેવા સહિતના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે. મહિલાઓ માત્ર પરિવારનું જ નહીં, પરંતુ સમાજ અને રાષ્ટ્રના ઘડતરનું પણ મહત્વપૂર્ણ અંગ છે. મહિલાઓને શિક્ષણ અને સમાન તકો મળે તો તેઓ આત્મનિર્ભર બની પરિવાર, સમાજ અને દેશના વિકાસમાં વધુ અસરકારક ભૂમિકા ભજવી શકે છે. મહિલા સશક્તિકરણ એ સમાજના સર્વાંગી વિકાસનો પાયો છે.

કાર્યક્રમના ભાગરૂપે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ પાત્ર લાભાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રીતે સરકારી યોજનાઓના લાભો સીધા લાભાર્થીઓ સુધી પહોંચે અને મહિલાઓને વિકાસની મુખ્યધારામાં જોડાવાની તક મળે તેવા પ્રયાસોને પણ બિરદાવવામાં આવ્યા હતા. આ મહિલા સભામાં ગણદેવી તાલુકા પંચાયતનાં પ્રમુખશ્રી પુષ્પાબેન પટેલ, બીલીમોરા નગરપાલિકાનાં પ્રમુખશ્રી, અગ્રણી શ્રી શાંતિલાલ પટેલ, સુમિત્રાબેન પટેલ વિવિધ સમિતિઓના સભ્યો સહિતના આગેવાનો, પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહભેર સહભાગી બની જનજાતીય ગૌરવ, મહિલા સશક્તિકરણ અને સામાજિક વિકાસના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો.

જનજાગૃતિ અભિયાનમાં સહભાગી બનેઃ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા

આઈસ્ક્રીમ' અને 'ફ્રોઝન ડેઝર્ટ' વચ્ચેનો તફાવત જાણી, લેબલ વાંચીને ખરીદી કરવા અનુરોધ

સુરત, તા.૨૦

આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતા હેઠળ રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા અને ખાદ્ય પદાર્થોમાં પારદર્શિતા લાવવાના ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ તથા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં રાજ્યભરમાં વેચાતા 'આઈસ્ક્રીમ' અને 'ફ્રોઝન ડેઝર્ટ' વચ્ચેના તફાવત અંગે ગ્રાહકોમાં વ્યાપક જનજાગૃતિ લાવવા માટે રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગ્રાહકો ગેરમાર્ગે ન દોરાય અને તેમને શુદ્ધ અને સ્વાસ્થયપ્રદ ખાદ્યવસ્તુઓ મળી રહે તે ઉદ્દેશ સાથે આરોગ્યમંત્રીશ્રી દ્વારા અભિયાનને સઘન બનાવવા સૂચનો આપવામાં આવ્યા હતા. મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, હાલમાં બજારમાં આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ બન્ને પ્રકારના ઉત્પાદનો ઉપલબ્ધ છે. જે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ ૨૦૦૬ હેઠળની માન્ય ખાદ્યચીજ છે. જે દેખાવ, ઠંડક અને સ્વાદમાં સમાન હોવાથી મોટાભાગના ગ્રાહકો બંનેને 'આઈસ્ક્રીમ' માનીને જ ખાય છે. પરંતુ બંનેની બનાવટમાં તફાવત છે. આઈસ્ક્રીમ મિલ્ક ફેટમાંથી બનાવવામાં આવે છે, જ્યારે 'ફ્રોઝન ડેઝર્ટ' માં વેજિટેબલ ફેટનો ઉપયોગ થાય છે. આરોગ્ય વિભાગના અંદાજ મુજબ, મોટા ભાગના નાગરિકો આ તફાવતથી અજાણ છે અને અજાણતા જ ફ્રોઝન ડેઝર્ટને આઈસ્ક્રીમ સમજીને આરોગી રહ્યા છે.

આરોગ્ય મંત્રીશ્રીએ ગ્રાહકોને અપીલ કરી હતી કે, ખાદ્યચીજ-વસ્તુઓની ખરીદી કરતા પહેલા પેકેટ પરનું લેબલ ચકાસી તેનું નામ, તેમાં રહેલા ઘટકોની યાદી તેમજ પોષકતત્વોની માહિતીની અવશ્ય તપાસ કરે. ઉત્પાદન ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાના ધોરણોનું પાલન કરતું હોય તે આવશ્યક છે.આઈસ્ક્રીમ કે ફ્રોઝન ડેઝર્ટને ખરીદતા પહેલા તેની બનાવટમાં રહેલા ઘટકતત્વોને ખાસ ચકાસણી કરવી જોઈએ.

ડ્રોપઆઉટ બાળકોના સર્વે તથા પુનઃ નામાંકન અંગે જાહેર અપીલ

સુરત, તા.૨૦

સમગ્ર શિક્ષા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ નવસારીના સંયુક્ત ઉપક્રમે ૬ થી ૧૯ વર્ષની વયજૂથના કદી શાળાએ ન ગયેલા અથવા અધવચ્ચેથી શાળા છોડી ગયેલા જેઓ ધોરણ ૧ થી ૧૨નું શિક્ષણ પૂર્ણ ન કરી શક્યા હોય તેવા બાળકોને શોધીને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. નવસારી જિલ્લાના તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારો જેવા કે ઝૂંપડપટ્ટી, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, ધાર્મિક સ્થળો, ઈંટ્ઢજ વિસ્તાર, વર્ક સાઈડ કે ચાની કીટલી પર કોઈ બાળક રખડતું કે કામ કરતું જોવા મળે, તો તેના નામાંકન માટે નજીકની સરકારી પ્રાથમિક કે માધ્યમિક શાળાનો સંપર્ક કરવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. આ ઉપરાંત, ઘરે બેઠા ધોરણ ૯ થી ૧૨ નો અભ્યાસ પૂર્ણ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકાર સંચાલિત ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (ર્જ્જીજી) માં નજીકની માધ્યમિક શાળા મારફતે નિઃશુલ્ક રજીસ્ટ્રેશનની સુવિધા પણ ઉપલબ્ધ છે.

અંગદાન એ જ મહાદાન-જીવન માટે જીવન

ન્યુ સિવિલ હોસ્પિટલ ટીમનું અભિવાદન, દાદાના હસ્તે સન્માન



સુરત, તા.૨૦

અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ન્યુ સિવિલ હોસ્પિટલ ટીમના અભિવાદન સમારોહમાં માનવતા, સેવા અને સમર્પણનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. બી-૧ જીવન વિકાસ સોસાયટી, ગોકુલમ્ ડેરી નજીક, અઠવાલાઈન્સ, સુરત ખાતે યોજાયેલો આ કાર્યક્રમ ભાવુકતા અને પ્રેરણાથી ભરેલો હતો.

આ સમારોહમાં ૧૦૩ અંગદાતાઓ - માનવતાના સાચા સેવકોના ૩૩૯ અંગોનું દાન કરીને અનેક લોકોને નવજીવન આપનાર જીવનદાતાઓને વંદન કરવામાં આવ્યું હતું, અને એની પાછળ દિવસ-રાત મહેનત કરનાર ન્યુ સિવિલ હોસ્પિટલની સમગ્ર ટીમને બિરદાવવામાં આવી હતી. આ અભિવાદન સમારોહમાં આદરણીય શ્રી દિલીપભાઈ દેશમુખ દાદા દ્વારા તબીબી અધિક્ષક ડૉ. પારુલબેન વડગામા સહિત તમામ ટીમનું મોમેન્ટો તથા શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. દાદાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે, આ સફળતા કોઈ એક વ્યક્તિની નથી, આ દરેક કાર્યકરના યોગદાનનું પરિણામ છે. ટીમની નિષ્ઠા, સંવેદના અને સતત પ્રયત્નોના કારણે જ આજે સુરત અંગદાન ક્ષેત્રે દેશમાં આગળ છે. ડૉ. પારુલબેન વડગામા સહિત તમામ તબીબો, મેડિકલ ઓફિસરો, નર્સિંગ સ્ટાફ અને કાઉન્સેલરોનું આ સન્માન એમના માટે પ્રેરણારૂપ બની રહ્યું હતું. સન્માન સમારોહ બાદ દાદાએ સૌ કાર્યકરો સાથે હળવા અંદાજમાં બેઠક કરી હતી. આગામી કાર્યક્રમો અને બીજું શું કરી શકીએ તે અંગે દાદાએ સૂચનો કર્યા હતા અને કાર્યકરો પાસેથી પણ મંતવ્યો રજૂ કરાવ્યા હતા. દાદાએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ઉત્તર ગુજરાતમાં મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરમસદ મેડિકલ કોલેજ સુધી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ રેલી ખાસ ડ્રગ્સના દૂષણને દૂર કરવાના હેતુથી યોજવામાં આવશે. યુવાનોમાં વ્યસનમુક્તિનો સંદેશ પહોંચાડવા માટે આ એક ઉમદા પ્રયાસ હશે. આ ઉપરાંત દાદાએ વર્ષમાં ૨ વાર સુરતમાં કાર્યકરો એકત્ર થાય તે ઉપરાંત તબીબોની એક કોન્ફરન્સ કરવાનું પણ સૂચન કર્યું હતું, જેથી અંગદાન અંગે નવા વિચારો, અનુભવો અને માર્ગદર્શન મળી શકે. દાદાએ જણાવ્યું હતું કે, જ્યારે અંગદાન જનજાગૃતિની શરૂઆત કરી ત્યારે આટલો અંદાજ પણ ન હતો કે આ અભિયાન આટલા મોટા મુકામ પર પહોંચશે. આજે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ૨૬૦થી વધુ અને સુરતમાં ૧૦૩ જેટલા અંગદાન થયા છે. આ બંને હોસ્પિટલો દેશની પ્રથમ હોસ્પિટલો છે. આ સિદ્ધિ બદલ દાદાએ સંતોષ વ્યક્ત કર્યો હતો અને એક મુકામ પર પહોંચવા બદલ સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

દાદાએ કહ્યું હતું કે, "દરેક કાર્યકરનું યોગદાન છે. કોઈ નાનું નથી, કોઈ મોટું નથી. સૌએ સાથે મળીને આ યજ્ઞને સફળ બનાવ્યો છે." સાથે જ દાદાએ સૂચન કર્યું હતું કે, સુરતમાં હજુંૅઝેં વાળી હોસ્પિટલોમાં વધુ સંપર્ક કરવાની જરૂર છે, જેથી વધુને વધુ બ્રેઈનડેડ દર્દીઓના પરિવારોને અંગદાન માટે સમજાવી શકાય અને વધુ જીવન બચાવી શકાય. કવિતાની પંક્તિઓથી ટીમને પ્રોત્સાહન આ કાર્યક્રમમાં કવયિત્રી બેન સોનલ જૈન દ્વારા સુંદર પંક્તિઓ રજૂ કરવામાં આવી હતી. તેમણે પોતાની કવિતા દ્વારા ટીમને પ્રોત્સાહિત કર્યા હતા અને આદરણીય દાદાના માર્ગદર્શન અને તેઓના નેતૃત્વમાં થયેલી આ સફળ કામગીરીને કવિતાની પંક્તિઓમાં વર્ણવી હતી. તેમની પંક્તિઓ સાંભળીને સમગ્ર સભામાં તાળીઓનો ગડગડાટ થઈ ગયો હતો . સૌએ સાથે લીધું ભોજન, એક પરિવારનો ભાવ કાર્યક્રમના અંતે અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના તમામ કાર્યકરો અને તબીબો, મેડિકલ ઓફિસર સહિત તમામે સાથે ભોજન લીધું હતું. આ ક્ષણમાં સૌ એક પરિવાર હોય એવો ભાવ જોવા મળ્યો હતો. અંતે સૌએ અંગદાનનો સંદેશ વધુને વધુ લોકો સુધી પહોંચાડવાનો અને વધુ જીવન બચાવવાનો સંકલ્પ લઈને કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

દેવ ઊઠી એકાદશી, કારતક સુદ પૂનમ અને દેવ દિવાળી - તુલસી વિવાહ

કારતક માસ એટલે ભક્તિનો માસ. હવામાં ઠંડક, મનમાં શાંતિ, ઘરના આંગણામાં તુલસીનો છોડ વધુ લીલો અને મંદિરોમાં દીવાની રોશની વધુ ઝળહળે. આ માસમાં ત્રણ પર્વો એક માળામાં પરોવાયેલા છે - દેવ ઊઠી એકાદશી, કારતક સુદ પૂનમ એટલે દેવ દિવાળી, અને તુલસી વિવાહ. ત્રણેય અલગ દેખાય છે, પણ મર્મ એક જ છે - ભગવાનને જગાડવા, મનને જગાડવા અને સંબંધને પવિત્ર કરવા.૧. દેવ ઊઠી એકાદશી - ભગવાન જાગ્યા, હવે તારો વારો છે ભારતીય સનાતન પરંપરામાં એકાદશી એ માત્ર ઉપવાસનો દિવસ નથી, એ આત્માની જાગૃતિનો દિવસ છે. વર્ષમાં ૨૪ એકાદશી આવે છે, પણ એક એકાદશી એવી છે જેની દેવો પણ રાહ જુએ છે. તેનું નામ છે - દેવ ઊઠી એકાદશી. જેને પ્રબોધિની, દેવોત્થાન અને હરિ પ્રબોધિની એકાદશી પણ કહે છે. પૌરાણિક કથા પ્રમાણે અષાઢ સુદ એકાદશી - દેવશયની એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં શેષનાગ ઉપર યોગનિદ્રામાં પોઢે છે અને કારતક સુદ એકાદશીએ જાગે છે. વચ્ચેના ચાર મહિના એટલે ચાતુર્માસ. આ સમયમાં સાધુ-સંતો એક સ્થાને સ્થિર રહી સાધના કરે, લગ્ન જેવા મંગલ કાર્યો બંધ રહે. ભગવાન જાગે ત્યારે સૃષ્ટિમાં ફરી ચેતના આવે છે. એટલે જ આ એકાદશીને પ્રબોધિની કહે છે. પ્રબોધ એટલે જાગૃતિ. જાગવું એટલે માત્ર આંખ ખોલવી નહીં, અંદરનું અજ્ઞાન દૂર થવું. આપણે રોજ સવારે ઉઠીએ છીએ, પણ શું ખરેખર જાગ્યા છીએ ? શરીર જાગે છે, મન તો કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારની ઊંઘમાં જ સૂતું છે. દેવ ઊઠી એકાદશી કહે છે કે ભગવાન તો જાગ્યા, હવે તારો વારો છે. પદ્મપુરાણમાં કહ્યું છે કે પ્રબોધિની એકાદશીનું વ્રત કરનારને હજાર અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. ભગવાન કૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું હતું કે, આ વ્રત કરનારને આ લોકમાં સુખ અને પરલોકમાં મોક્ષ મળે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ આ બહારના ભગવાનના જાગવાની વાત નથી, અંદરના ભગવાનના જાગવાની વાત છે. આપણું હૃદય એ જ ક્ષીરસાગર છે. તેમાં શેષનાગ એટલે આપણી કુંડલિની શક્તિ સૂતેલી છે અને તેની ઉપર આત્મા રૂપી ભગવાન સૂતો છે. ઉપવાસ એટલે ઉપ + વાસ. ઉપ એટલે નજીક, વાસ એટલે રહેવું. ભગવાનની નજીક રહેવું એ જ સાચો ઉપવાસ છે. માત્ર ભૂખ્યા રહીને બીજાની નિંદા કરીએ તો તે ઉપવાસ નહીં, ભૂખમરો છે. સાચો ઉપવાસ એ છે કે મનને પણ ઉપવાસ કરાવો. મનને ખોટા વિચારો ખાવા ન દો. જીભને ખોટું બોલવા ન દો. ૨. કારતક સુદ પૂનમ - દેવ દિવાળી : દેવોનો ઉત્સવ, મનુષ્યનો જાગરણ પર્વ લોકોની દિવાળી કારતક વદ અમાસે આવે છે. દેવોની દિવાળી કારતક સુદ પૂનમે આવે છે. આ બંને વચ્ચે પંદર દિવસનો ફરક છે. આ પંદર દિવસ એટલે સાધનાના પંદર દિવસ. પૌરાણિક કથા પ્રમાણે આ દિવસે ભગવાન શિવે ત્રિપુરાસુરનો વધ કર્યો હતો. ત્રિપુરાસુરે ત્રણ નગર બનાવ્યા હતા - સોનાનું, ચાંદીનું અને લોખંડનું. છેવટે ભગવાન શિવે એક જ બાણથી ત્રણેય પુરને બાળીને ભસ્મ કર્યા. દેવોએ આનંદથી દીવા પ્રગટાવ્યા. એ દિવસથી આ પૂનમ દેવ દિવાળી તરીકે ઉજવાય છે. ત્રિપુર એટલે માત્ર ત્રણ નગર નહીં. ત્રિપુર એટલે માણસની અંદરના ત્રણ અહંકાર. સ્થૂળ અહંકાર - હું શરીર છું. સૂક્ષ્મ અહંકાર - હું મન છું. કારણ અહંકાર - હું જ બધું છું. જ્યાં સુધી આ ત્રણ અહંકાર બળતા નથી, ત્યાં સુધી માણસને શાંતિ મળતી નથી. શિવે બહારના ત્રિપુરને બાળ્યા, આપણે અંદરના ત્રિપુરને બાળવાના છે. એ જ સાચી દેવ દિવાળી છે. દેવ દિવાળીનો સૌથી મોટો પ્રતીક એટલે દીવો. આ દિવસે કાશીના ઘાટ ઉપર લાખો દીવા પ્રગટે છે. ગંગામાં દીવા તરે છે. નર્મદા કિનારે, તાપી કિનારે પણ લોકો દીવા મૂકે છે. દીવો કહે છે કે હું પોતે બળીશ, પણ બીજાને પ્રકાશ આપીશ. દીવાની વાટ બળે છે, તેલ ખૂટે છે, પણ દીવો ફરિયાદ નથી કરતો. એ જ સાચા માણસનું લક્ષણ છે. પોતે થોડું દુઃખ સહન કરીને પણ બીજાને સુખ આપવું. એ જ ધર્મ છે. એક દીવો અંધારું દૂર નથી કરી શકતો, પણ હજાર દીવા ભેગા થાય ત્યારે આખું નગર અજવાળાઈ જાય છે. એમ જ એક માણસ સમાજને બદલી નથી શકતો, પણ બધા ભેગા થાય ત્યારે સમાજ બદલાઈ જાય છે. શાસ્ત્ર કહે છે કે જે માણસ કારતક પૂનમે દીપદાન કરે છે, તેના જીવનમાં ક્યારેય અંધકાર રહેતો નથી. ફટાકડાથી અવાજ થાય, દીવાથી પ્રકાશ થાય. અવાજ ક્ષણિક છે, પ્રકાશ કાયમી છે. એટલે દેવ દિવાળીએ ફટાકડા નહીં, દીવા જોઈએ. આ દિવસે સ્નાન, દાન અને જાગરણનું વિશેષ મહત્વ છે. સ્નાન એટલે માત્ર શરીર ધોવું નહીં, મન ધોવું. દાન એટલે અન્નદાન, વસ્ત્રદાન, દીપદાન, વિદ્યાદાન. જે આપતા શીખે છે, તે જ મોટો થાય છે. પૂનમના દિવસે ચંદ્ર પૂર્ણ હોય છે. મન પણ ચંદ્ર જેવું છે. સાધના કરવાથી મન પૂનમ જેવું થાય છે. પૂર્ણ, શાંત, શીતળ. ચંદ્ર શીતળતા આપે છે. સૂર્ય તેજ આપે છે. જીવનમાં બંને જોઈએ. દેવ દિવાળી બંનેનું સંતુલન શીખવે છે. ૩. તુલસી વિવાહ - ભક્તિ અને ભગવાનનો મેળ તુલસી વિવાહ આ જ જાગરણનો બીજો ભાગ છે. કારતક સુદ એકાદશીથી પૂનમ સુધી કોઈ પણ દિવસે તુલસી વિવાહ થાય છે. તુલસી એટલે વૃંદા. શાલિગ્રામ એટલે વિષ્ણુ. તુલસીનો વિવાહ શાલિગ્રામ સાથે થાય છે.તુલસી એટલે જેની કોઈ તુલના થઈ શકતી નથી. તુલસી એ સ્ત્રી શક્તિ, પ્રકૃતિ, ભક્તિ છે. શાલિગ્રામ એટલે પુરુષ શક્તિ, પુરુષાર્થ, ભગવાન. જ્યારે પ્રકૃતિ અને પુરુષ મળે, ભક્તિ અને ભગવાન મળે, ત્યારે જ સૃષ્ટિનું સર્જન થાય છે. જ્યારે જીવ અને શિવ મળે, ત્યારે જ મોક્ષ મળે છે.તુલસી વિના વિષ્ણુની પૂજા અધૂરી છે. જે ઘરમાં તુલસીની પૂજા થાય છે, તે ઘર મંદિર બની જાય છે.તુલસી ઘરના આંગણામાં હોય છે. રોજ સવારે સ્ત્રીઓ તુલસીને પાણી આપે, દીવો કરે, પરિક્રમા કરે. તુલસી એટલે શુદ્ધતા, આરોગ્ય, શ્રદ્ધા. આજનું વિજ્ઞાન પણ કહે છે કે તુલસી હવાને શુદ્ધ કરે છે. ઋષિઓએ હજારો વર્ષ પહેલા એ જાણી લીધું હતું. એટલે તુલસીને દેવી બનાવી, એને ઘરના કેન્દ્રમાં રાખી.શાલિગ્રામ એટલે સ્થિરતા. તુલસી ચંચળ છે, લીલી છે, જીવંત છે. જ્યારે ચંચળતા અને સ્થિરતા ભેગા થાય ત્યારે સંસાર ચાલે. આ જ તુલસી વિવાહનો મર્મ છે.

(લેખકઃમહર્ષિ વિપુલ અંબાજીવાલા)

બુલીયન બજારમાં ૧૯૮૦
પહેલા પાનાનું ચાલુ

પણ આયાત પડતર નીચી આવવાનું અને ભાવ ઘટવાનું સ્પષ્ટ છે.સોના-ચાંદીના વર્તમાન કડાકા પાછળ મુખ્યત્વે ત્રણ કારણોને જવાબદાર ગણાવવામાં આવી રહ્યા છે તેમાં અમેરિકી ડોલરની મજબુતી અમેરિકી વ્યાજદર વધવાની આશંકા તથા બોન્ડ પીલ્ડમાં ઉછાળો સામેલ છે.

વેપારીઓએ એમ કહ્યું કે એકધારી મંદી વચ્ચે સપ્લાયમાં મોટો વિક્ષેપ છે.માર્કેટમાં સપ્લાય ટાઈટ છે. તેજી બજારો સામાન્ય લોકો મોટા પ્રમાણમાં જુનુ સોનું વેચતા હતા અને માલ માર્કેટમાં ઠલવાતો હતો આ જુનો માલ આવતો અટકયો છે. આ સિવાય કસ્ટમ ટેરિફમાં ફેરફારની ટેકનીકલ સમસ્યાને કારણે આયાતી માલ વેપારીઓ સુધી પહોંચ્યો નથી તેની પણ અસર છે.

ડોકટરે ભળતુ જ
પહેલા પાનાનું ચાલુ

સુધારો થયો નહોતો.તબિયત ફરી બગડતા બાળકને ફરી ડોક્ટર પાસે લઈ જવાયો હતો, જ્યાં તા. ૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અન્યત્ર બતાવવાની સલાહ સાથે રજા અપાઈ હતી. આખરે દાદી તા. ૨૦ ફેબ્રુઆરી ૦૨૫ ના રોજ પૌત્રને લઈને લખનૌ સ્થિત સંજય ગાંધી આયુર્વિજ્ઞાન સંસ્થાન ખાતે દાખલ કરાવ્યા હતા.ત્યાંના તબીબોએ જણાવ્યું હતું કે ખોટા બ્લડ ગ્રુપનું લોહી ચઢાવાતા બાળકને બ્લડ કેન્સર થયું છે. બ્લડ રિપોર્ટ આવ્યા બાદ હાલ બાળકની સતત કીમોથેરાપી ચાલી રહી છે.અગાઉ પોલીસમાં રજૂઆત છતાં કેસ નોંધાતા પરિવારે કોર્ટનો આશરો લીધો હતો, જેના આદેશ બાદ ડો. વિવેક કુમાર સિંહ અને ડો. સંજય સિંહ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો છે. કોતવાલ પ્રમેન્દ્રએ જણાવ્યું કે કોર્ટના આદેશ મુજબ રિપોર્ટ નોંધી સીઓ દ્વારા તપાસ ચાલી રહી છે.

અમેરિકાને ગ્રીનલેન્ડમાં
પહેલા પાનાનું ચાલુ

આર્કટિક વિસ્તારમાં અન્ય દેશોની સૈન્ય પ્રવૃત્તિઓ પર પણ નજર રાખી શકે છે.

ગ્રીનલેન્ડની નજીક ગ્રીનલેન્ડ-આઇસલેન્ડ-બ્રિટન (GIUK) નામનો દરિયાઈ માર્ગ પણ છે. આ આર્કટિક અને ઉત્તર એટલાન્ટિક મહાસાગર વચ્ચેનો એક મહત્વપૂર્ણ માર્ગ છે. અમેરિકા અને તેના સહયોગીઓ આ માર્ગ પરથી પસાર થતી રશિયાની સબમરીનો અને યુદ્ધજહાજોની પ્રવૃત્તિઓ પર નજર રાખે છે.

અમેરિકામાં નિશિખલ
પહેલા પાનાનું ચાલુ

અહેવાલ મુજબ ગુમાના વકીલે જણાવ્યું કે કાયદા અનુસાર આરોપીને પણ સજા સંભળાવવામાં આવે તે પહેલાં અદાલતમાં પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે. ગુનાના પીડિતો પણ સજા સંભળાવવાની પ્રક્રિયા દરમિયાન પોતાનો પક્ષ રજૂ કરી શકે છે.

અમેરિકી સરકારે ગયા અઠવાડિયે અદાલતમાં ૨૦ પાનાની અરજી દાખલ કરી હતી. તેમાં ગુમાને ૨૯૩ મહિના એટલે કે લગભગ ૨૪ વર્ષ અને ૫ મહિનાની જેલની સજા આપવાની માંગ કરવામાં આવી છે.

ગુમાએ અદાલતને પત્ર લખીને પોતાની હરકતો બદલ પસ્તાવો વ્યક્ત કર્યો છે. તેણે લખ્યું કે કાશ, તે ૨૦૨૩માં પાછો જઈને પોતાની ભૂલો સુધારી શક્યો હોત. તેણે કહ્યું, 'જ્યારે હું પાછળ વળીને જોઉં છું, ત્યારે હું એ વ્યક્તિને ઓળખી પણ શકતો નથી, જેવો હું બની ગયો હતો.'

ગુમાએ જણાવ્યું કે ૨૦૨૩ની શરૂઆતમાં તે પોતાના પરિવારથી દૂર રહેવા લાગ્યો હતો અને લગભગ દરરોજ રાત્રે વધારે દારૂ પીતો હતો. તેણે લખ્યું કે પોતાના કારણે પરિવાર અને આસપાસના લોકોને જે તકલીફ પડી, તેનો તેને ઊંડો અફસોસ છે.

ણે એમ પણ કહ્યું કે તે આ વાત માટે આભારી છે કે તેની હરકતોને કારણે કોઈનો જીવ ગયો નથી અને કોઈ ઘાયલ પણ થયું નથી. જો આવું થયું હોત, તો તે તેના જીવનનો સૌથી મોટો પસ્તાવો હોત.

જગ્યાના અભાવે જાપાન
પહેલા પાનાનું ચાલુ

સમુદ્રમાં મોટા ઓપરેશનલ સ્પેસ ઉપલબ્ધ છે. આવી સ્થિતિમાં જાપાનને ભારતીય ફાયરિંગ રેન્જનો ઉપયોગ કરવાની સુવિધા મળવાથી તેને વાસ્તવિક પરિસ્થિતિઓમાં પોતાની મિસાઈલોની ક્ષમતા ચકાસવાની તક મળશે.

ભારત અને જાપાન વચ્ચે સહયોગ માત્ર મિસાઈલ તાલીમ પૂરતો જ સીમિત રહેવાનો નથી. આ ઉપરાંત બંને દેશો સંરક્ષણ ટેક્નોલોજી અને સૈન્ય ઉત્પાદનના ક્ષેત્રમાં પણ સાથે આગળ વધી રહ્યા છે. સાથે જ બંને દેશો યુનિકોર્ન (UNICORN) સ્ટેલ્થ નેવલ માસ્ટ સિસ્ટમના પ્રોજેક્ટ્સને વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવા માંગે છે. 'ડિઝાઇન વિથ જાપાન, મેક ઈન ઈન્ડિયા' હેઠળ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીમાં ભારત તરફથી જરૂરી મંજૂરી વહેલી મળવાની આશા છે.

નોંધનીય છે કે, યુનિકોર્ન એક એવી ખાસ એન્ટેના સિસ્ટમ છે, જેમાં યુદ્ધજહાજ પર અલગ-અલગ સ્થળે લગાવવામાં આવેલા અનેક એન્ટેના અને સંચાર ઉપકરણોને એક જ ઊંચા માળખા (માસ્ટ)માં સ્થાપિત કરવામાં આવે છે. તેને જાપાને વિકસાવી છે અને ભારત પણ તેને પોતાની નૌકાદળના યુદ્ધજહાજોમાં સ્થાપિત કરવા માટે જાપાન સાથે મળીને વિકસાવવા જઈ રહ્યું છે.

પાકમાં
પેજ-૨ પાનાનું ચાલુ

અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં નવાગામ તથા આસપાસના ગામોના મોટી સંખ્યામાં ઉત્સાહી ખેડૂતોએ ભાગ લઈ બાગાયતી પાકોની ખેતી, રોગ-જીવાત નિયંત્રણ અને ખાતર વ્યવસ્થાપન અંગે ઉપયોગી જાણકારી મેળવી હતી, તેમ નાયબ બાગાયત નિયામક, નવસારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

વાંસદા ખાતે
પેજ-૨ પાનાનું ચાલુ

પણ પોતાના અનુભવો અને પ્રતિભાવો રજૂ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વ્હાલી દીકરી યોજનાના લાભાર્થીઓને હુકમપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વાંસદા પ્રાયોજના કચેરીનાં મદદનીશ કમિશનર સુશ્રી પી.ડી. મનાત, મામલતદાર શ્રી મોદી, વાંસદા પ્રાયોજના કચેરીના શ્રી રવિન્દ્ર ગાંવિત, અગ્રણી શ્રી પિયુષ પટેલ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ, સખીમંડળની બહેનો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

રીઢો ગુનેગાર
પેજ-૮ પાનાનું ચાલુ

વતની હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ પોતાના સાગરિત લક્ષ્મણ ઉર્ફે ગુડુ સાથે મળીને વરાછા, કતારગામ અને મહિધરપુરા વિસ્તારમાં રાહદારીઓને નિશાન બનાવી લૂંટની ઘટનાઓને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી છે. આરોપી પાસેથી લૂંટના કેટલાક મોબાઈલ ફોન પણ મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

હાલ પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ફરાર સાગરિત લક્ષ્મણ ઉર્ફે ગુડુને ઝડપી પાડવા માટે અલગ-અલગ પોલીસ ટીમો બનાવી શોધખોળ તેજ કરવામાં આવી છે. લિંબાયત પોલીસની આ કાર્યવાહીથી શ

લાભેશ્વર ચોકડીથી ૧૫ મિનિટમાં પાંચ સ્થળે ચપ્પુ મારી લૂંટ મચાવનાર

રીઢો ગુનેગાર પરવેઝ અન્સારી પોલીસ ફાયરિંગમાં ઘાયલ

વરાછા, કતારગામ અને મહિધરપુરામાં લૂંટ કરનાર પરવેઝે પોલીસ કોન્સ્ટેબલ પર ચપ્પુથી હુમલો કરતા પીઆઈ ચૌહાણે કરેલો ગોળીબાર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

નીલગીરી ગ્રાઉન્ડ પાસે મધરાતે પોલીસ અને લૂંટારુ વચ્ચે સામસામે ઘર્ષણ: કોન્સ્ટેબલ પર જીવલેણ હુમલા બાદ PI ડી.ડી. ચૌહાણે સ્વબચાવમાં કર્યું ફાયરિંગ; વરાછા, કતારગામ અને મહિધરપુરાની લૂંટના ગુનાઓનો ભેદ ઉકેલાયો; હોસ્પિટલમાં રડતો-કણસતો દેખાયો આરોપી

સુરતમાં ગુનેગારો સામે પોલીસની કડક કાર્યવાહી વચ્ચે લિંબાયત વિસ્તારમાં મધરાતે હાફ એન્કાઉન્ટરની ઘટના સામે આવી છે. નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને જોઈને ભાગવા લાગેલા ઝારખંડના રીઢા આરોપી પરવેઝ મુશરફ અંસારીએ તેને પકડવા ગયેલા કોન્સ્ટેબલ અનિલકુમાર અમરસિંહ પર ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો હતો. પરિસ્થિતિ ગંભીર બનતાં લિંબાયત પોલીસ સ્ટેશનના PI ડી.ડી. ચૌહાણે પોલીસના જણાવ્યા મુજબ સ્વબચાવમાં આરોપીના ડાબા પગમાં ગોળી મારી તેને ઝડપી પાડ્યો હતો. ચપ્પુના હુમલામાં કોન્સ્ટેબલ ઘાયલ થયા હતા, જ્યારે પોલીસ ફાયરિંગમાં આરોપી પણ ઈજાગ્રસ્ત થયો હતો. બંનેને અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન આરોપી રડતો-કણસતો જોવા મળ્યો



હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીએ પોતાના સાગરિત લક્ષ્મણ ઉર્ફે ગુડ્ડુ સાથે મળીને વરાછા, કતારગામ અને મહિધરપુરા વિસ્તારમાં લૂંટની ઘટનાઓને અંજામ આપ્યો હોવાની વિગતો બહાર આવી છે.

સુરત પોલીસ ઈન્ચાર્જ કમિશનર વાબાંગ જામીર દ્વારા ગુનાખોરી સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે સંયુક્ત પોલીસ કમિશનર ડૉ. કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગુનેગારોને ઝડપી પાડવાની કાર્યવાહી તેજ કરવામાં આવી હતી.

છ મહિનામાં પોલીસ ફાયરિંગની બીજી ઘટના

નોંધનીય છે કે અગાઉ ૧૧ મે, ૨૦૨૬ના રોજ પણ સુરત પોલીસે હત્યાના એક આરોપી પર ફાયરિંગ કરીને તેને ઝડપી પાડ્યો હતો. હવે લિંબાયત વિસ્તારમાં બનેલી આ ઘટના સાથે છ મહિનાના સમયગાળામાં સુરત પોલીસ ફાયરિંગની બીજી ઘટના સામે આવી છે.

ક્રાઇમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશનર ભાવેશ રોજિયા અને તેમની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. આ દરમિયાન લિંબાયત પોલીસ સ્ટેશનના PI ડી.ડી. ચૌહાણની ટીમને પરવેઝ અંસારીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

લિંબાયત પોલીસ સ્ટેશનના PI ડી.ડી. ચૌહાણની આગેવાની હેઠળ પોલીસની ટીમ રાત્રિના આશરે ત્રણ વાગ્યે સરકારી વાનમાં નાઈટ પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન પોલીસની ટીમ નીલગીરી ગ્રાઉન્ડ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે ત્યાં હાજર એક શખસ પોલીસની ગાડી જોઈને ગભરાઈ ગયો હતો અને અચાનક ભાગવા લાગ્યો હતો. શખસની શંકાસ્પદ હિલચાલ જોઈ પોલીસ ટીમે તાત્કાલિક સરકારી વાન રોકી તેનો પીછો શરૂ કર્યો હતો. ચૌહાણ સહિતના પોલીસ કર્મચારીઓએ તેને ઘેરી લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસની પકડમાં આવવાના બદલે આરોપીએ ચપ્પુ કાઢીને હુમલો કરી દીધો હતો. પોલીસ ટીમ આરોપીની નજીક પહોંચી ત્યારે અનાર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ અનિલકુમાર અમરસિંહે તેને પકડવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન આરોપીએ પોતાની પાસે છુપાવેલું તીક્ષ્ણ ચપ્પુ કાઢીને કોન્સ્ટેબલના પેટના ભાગે હુલાવી દીધું હતું. અચાનક થયેલા હુમલાથી કોન્સ્ટેબલ ઘાયલ થઈ ગયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીને ચપ્પુ ફેંકી દેવા અને શરણાગતિ સ્વીકારવા વારંવાર ચેતવણી આપવામાં આવી હતી. તેમ છતાં તે તાબે થયો નહોતો. તેને અટકાવવા માટે પ્રથમ હવામાં એક રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પણ આરોપી ચપ્પા સાથે પોલીસ અધિકારી તરફ ધસી આવતાં PI ડી.ડી. ચૌહાણે પોતાના અને સ્ટાફના સ્વબચાવમાં આરોપીના પગના ભાગે ફાયરિંગ કર્યું હતું. ગોળી વાગતાં આરોપી જમીન પર પટકાયો હતો અને પોલીસે તેને ઝડપી લીધો હતો. ઘટનામાં ઘાયલ થયેલા કોન્સ્ટેબલ અનિલકુમાર અમરસિંહને તાત્કાલિક લિંબાયતની ગેલેક્સી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ, ડાબા પગમાં ગોળી વાગતાં ઘાયલ થયેલા આરોપી પરવેઝ મુશરફ અંસારીને પોલીસ જામા હેઠળ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ સ્થળ પર દોડી આવ્યો હતો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન આરોપી રડતો-કણસતો જોવા મળ્યો હતો. બંનેની સારવાર અને આરોપીની પૂછપરછ અંગે પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઝડપાયેલા આરોપીની ઓળખ પરવેઝ મુશરફ અંસારી તરીકે થઈ છે. તે હાલ લિંબાયતના મમતા ટોકીઝ પાસે રહેતો હોવાનું અને મૂળ ઝારખંડનો

અનુસંધાન પાના ૭ પર

સુરતમાં એક વર્ષમાં પાંચ વકીલો પર હુમલા

બે પક્ષકારોમાં હમેશા એકની જીત થતી હોવાથી હારી ગયેલા પક્ષકારનો રોષનો ભોગ બને છે વકીલો

(ફૈઝાન શેખ) સુરત, તા.૨૦

એડવોકેટ પ્રોટેક્શન એક્ટની માંગ વચ્ચે સુરત શહેરમાં છેલ્લા કેટલાક મહિનાઓથી કાયદાનું રક્ષણ કરતા વકીલો પર થતા હુમલાના બનાવો ચિંતાજનક રીતે વધ્યા છે. છેલ્લા એક વર્ષમાં જ સુરત જિલ્લા વકીલ મંડળમાં નોંધાયેલા પથી વધુ વકીલો પર ચપ્પુ અને લાકડાના ફટકા જેવા હથિયારો વડે હુમલાઓ થતા વકીલ આલમમાં ભારે ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. જ્યારે બુધવારે પણ ઓફિસે બેસી કામ કરી રહેલા એક દિવ્યાંગ વકીલ પર એક વૃદ્ધ દ્વારા ચપ્પુથી હિંચકારો હુમલો કરાતા ભારે ચકચાર મચી જવા પામી હતી. ઘણા કિસ્સામાં તો હુમલાખોરો જાણતા હતા કે સામે વકીલ છે છતાં તેમના પર હુમલો કરવામાં અચકાયા નથી. બીજી તરફ પીડિત વકીલો પર થયેલા આ અત્યાચાર સામે અવાજ ઉઠાવવા તેમજ હુમલાખોરો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા તરત જ સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલના માર્ગદર્શન હેઠળ મંત્રી મુકુંદ રામાણી વકીલો સાથે મોડી રાત્રે પણ પોલીસ સ્ટેશને પહોંચી જઈ આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરાવી છે. તદુપરાંત બીસીજીના મેમ્બરો ઝકી શેખ, હરેશ નાકરાણી તેમજ ભાવેશ રબારીનું પણ આવા કિસ્સામાં તાત્કાલિક દોડી આવી આરોપીઓ સામે કડક કાર્યવાહી કરાવવા મહત્વનું યોગદાન રહ્યુ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વકીલાત પબ્લિક કોન્ટેક્ટ વ્યવસાય છે અને તેમાં બે પક્ષકારો હોય છે. જેમાં મોટાભાગે એક પક્ષકાર જીતે છે અને બીજો પક્ષકાર હારે છે આ સંજોગોમાં નારાજ થયેલા પક્ષકારમાં હતાશા અને ઉશ્કેરાટ ઊભો થાય છે. જેનો ભોગ વકીલોએ બનવું પડે છે. ભૂતકાળમાં આવા બનાવો સામે આવ્યા છે. હાલના બનાવોમાં સામાન્ય બાબતમાં પણ વકીલો પર હુમલા થયા છે. જેથી વકીલોની સુરક્ષા એડવોકેટ પ્રોટેક્શન એક્ટની હાલમાં તાતી જરૂરી છે.

છેલ્લા એક વર્ષમાં સુરતમાં આમ તો વકીલો પર ઘણા બધા હુમલાના બનાવો બન્યા છે. જેમાં ઘણા કિસ્સામાં સમાધાન થયા છે. જ્યારે મહિલા વકીલો સાથે પણ ગેરવર્તનના બનાવો બન્યા છે જેમાં ફરિયાદો પણ દાખલ થઈ છે. હાલ તાજેતરમાં જ એક મહિલા વકીલ સાથે અસીલ માથાકૂટ કરી મારી નાખવાની ધમકી આપી હતી. તદુપરાંત ઉત્રાણ ખાતે પણ ચેતના બોરડ નામની મહિલા સાથે પણ માથાકૂટ કરવામાં આવી હતી. આ મામલે પણ પોલીસ ફરિયાદ દાખલ થઈ હતી.

પ્રથમ બનાવ : સલાબતપુરાના ૮૦ ફૂટ રોડ પર વકીલ શોએબ શેખ (ઉ.વ. ૩૪)ની ઓફિસમાં બુધવારના રોજ ઘૂસી આવી આરોપી પ્રવીણ રાઠોડે બબાલ કરી હતી. જાનથી મારી નાખવાના ઈરાદે છાતીમાં ચપ્પુ મારવાનો પ્રયાસ કરતાં વકીલે હાથ આડો રાખ્યો હતો, જેમાં ડાબા હાથમાં ઈજા પહોંચી હતી. પોલીસે હત્યાની કોશિશનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અશાંતધારાના કોઈ કેસ બાબતે આ હુમલો થયો હતો.

બીજા બનાવમાં : ક્રિમિનલ પ્રેક્ટિસ કરતા વિનોદ ગોહિલ ઉધના રેલવે સ્ટેશન સામે આવેલા અક્ષર કોમ્પ્લેક્સમાં તેમના વકીલ મિત્રને ઓફિસે મળવા માટે આવ્યા હતા. જ્યાં કોમ્પ્લેક્સના ફોરવ્હીલ પાર્કિંગમાં બાઇક મૂકવા બાબતે થયેલી રકઝકમાં કોમ્પ્લેક્સના પ્રમુખ હરિઓમસિંહ તોમરે તેના પુત્રની મદદગારીથી વકીલ વિનોદ ગોહિલ પર લાકડાના ફટકા વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. જેથી તોમર પિતા-પુત્ર સામે હત્યાની કોશિષની ફરિયાદ નોંધાવી હતી. જેમાં વકીલોનો ઉધના પોલીસ સાથે ઘર્ષણ પણ થયું હતું.

ત્રીજા બનાવ : લિંબાયત શાસ્ત્રીચોક ખાતે વકીલ અલતાફ ભરૂચી ઉપર હુમલો કરાયો હતો. પાડોશી ઇમરાન પટેલ, અફઝલ પટેલ અને અનવર પટેલે વકીલ

અનુસંધાન પાના ૭ પર

વકીલો પરના હુમલાના કેસમાં વકીલ મંડળની મજબૂત એકતા

છેલ્લા એક વર્ષમાં વકીલો પર હુમલા કરનારા આરોપીઓ તરફે સુરત જિલ્લા વકીલ મંડળમાં નોંધાયેલા વકીલો હાજર નહીં રહી વકીલ એકતા બતાવી છે. તદુપરાંત આરોપીઓ તરફથી સુરતમાંથી કોઈ વકીલે વકીલપત્ર ભરવું નહિં તે સુરત જિલ્લા વકીલ મંડળના ઠરાવને પણ વકીલોએ માન આપ્યું છે. એટલું જ નહીં વકીલો સામે હુમલા કરનારાઓની જામીન અરજીનો વિરોધ કરવા ખુદ પ્રમુખ ઉદય પટેલ અને મંત્રી મુકુંદ રામાણી પણ કોર્ટમાં પહોંચ્યા હતા.

વકીલો પર વધતા હુમલાના બનાવો ચિંતાનો વિષય

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના મેમ્બર ઝકી શેખે જણાવ્યું હતું કે ગુજરાતભરમાં છેલ્લા કેટલાક સમયથી વકીલો પર તેમની વકીલાતની ફરજ બજાવતી વખતે હુમલાઓની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આ ગંભીર બાબતની નોંધ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા પણ લેવામાં આવી છે અને એડવોકેટ પ્રોટેક્શન એક્ટની માંગણી કરતો ઠરાવ પણ કરવામાં આવેલ છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન પી.ડી. પટેલની આગેવાની હેઠળ વકીલોની સુરક્ષા માટે Advocates Protection Act અમલમાં લાવવા અંગે રાજ્ય સરકાર સાથે સતત ચર્ચા અને વિચારણા ચાલી રહી છે, જે હવે અંતિમ તબક્કામાં છે. આ અંગે રાજ્ય સરકાર તરફથી પણ સકારાત્મક અભિગમ જોવા મળ્યો છે. સમગ્ર વકીલ સમાજને આશા છે કે રાજ્ય સરકાર વકીલોની સુરક્ષા, સ્વતંત્રતા અને નિર્ભયતાથી કાનૂની ફરજ બજાવવાના અધિકારને સુનિશ્ચિત કરવા માટે Advocates Protection Act ટૂંક સમયમાં આપશે.

વકીલોના રક્ષણ માટે એડવોકેટ પ્રોટેકશન એક્ટનો અમલ જરૂરી

સિનિયર એડવોકેટ કેતન રેશમવાલાએ જણાવ્યું હતું કે હાલમાં જે વકીલો પર હુમલાઓ થઈ રહ્યા છે ખૂબ જ ગંભીર બાબત છે. જેથી વકીલોના રક્ષણ માટે તાત્કાલિક એડવોકેટ પ્રોટેક્શન એક્ટ અમલમાં લાવવું જોઈએ, અગાઉ પણ આ બાબતે સિનિયર વકીલો દ્વારા વારંવાર રજૂઆત કરાઈ છે. હાલ કાયદાનું રક્ષણ કરતા વકીલોને પોલીસ દ્વારા પણ રક્ષણ મળવું જોઈએ. વકીલ અશ્વિન જોગડિયા કહે છે કે, લોકશાહીમાં વકીલો ઉપર થતા હુમલા નિંદનીય છે. જેથી વિધ્વાન તરીકે નવાજાતા વકીલોની સુરક્ષાનો મુદ્દો વર્તમાન સમયમાં યક્ષ પ્રશ્ન છે, અને તે માટે સમગ્ર ગુજરાતમાં એડવોકેટ પ્રોટેક્શન એકટની તાતી જરૂરિયાત છે.

વહેલી સવારે રનિંગ કરવા નિકળેલા બે કિશોર મિત્રોના ટ્રેન અડફેટે મોત

તાતીથૈયા પાસે ઉધના-ભુસાવલ રેલવે ટ્રેક પર કરૂણ અકસ્માત સર્જાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના તાતીથૈયા ગામની સીમમાં ઉધના-ભુસાવલ રેલવે લાઈન પર ટ્રેનની અડફેટે બે ૧૬ વર્ષીય કિશોરોનાં મોત નીપજતાં અરેરાટી ફેલાઈ ગઈ છે. બંને મિત્રો વહેલી સવારે રનિંગ કરવા માટે નીકળ્યા હતા. દરમિયાન રેલવે ટ્રેક પર ટ્રેનની ટક્કર લાગતાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ઘટનાસ્થળે જ બંનેના મોત નીપજ્યાં હતાં.

બનાવની વિગતો મુજબ, તાતીથૈયાની મહાદેવ-૨ સોસાયટીમાં રહેતા નીતિશકુમાર ગોપીકૃષ્ણ શ્રીવાસ્તવ (ઉં.વ.૧૬) અને શિવશ્લોક સોસાયટીમાં રહેતા તેનો મિત્ર વિષ્ણુ પ્રફુલચંદ્ર રોય (ઉં.વ.૧૬) ૧૯ નવેમ્બરના રોજ વહેલી સવારે રનિગ કરવા માટે નીકળ્યા હતા. સવારે આશરે પઃ૩૦ વાગ્યાના અરસામાં તાતીથૈયા ગામની સીમમાંથી પસાર થતી ઉધનાથી ભુસાવલ તરફ જતી ડાઉન રેલવે લાઈન પર થાંભલા નંબર ૧૪/૨૨થી ૧૪/૨૬ વચ્ચે બંને કિશોરો ટ્રેનની અડફેટે આવી ગયા હતા.

ટ્રેનની જોરદાર ટક્કરથી બંને કિશોરોને શરીરે ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં. બનાવની જાણ થતાં પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મૃતક નીતિશકુમારની માતા પ્રેમલતા શ્રીવાસ્તવે આ બનાવ અંગે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોત અંગેની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બંને કિશોરોના અકાળે અવસાનથી તાતીથૈયા વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે.

પીપલોદના આવાસમાંથી યુવતીના મોબાઈલની ચોરી

મોબાઈલ કવરમાં રાખેલા એક હજાર રોકડા અને ચાર એટીએમ કાર્ડ પણ ચોરાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

સુરતના વેસુ વિસ્તારમાં રાહુલરાજ મોલ પાછળ આવેલી સુમન કાવ્ય સોસાયટીમાં રહેતી યુવતીનો મોબાઈલ ફોન, એટીએમ કાર્ડ અને રોકડ રકમ મળી કુલ મુદ્દામાલની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે. અજાણ્યો ચોર યુવતીનો ૨.૫ હજારની કિંમતનો રેડમી મોબાઈલ ફોન, ચાર એટીએમ કાર્ડ અને ૨.૧ હજાર રોકડા ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બનાવની વિગતો મુજબ, વેસુના સુમન કાવ્યમાં રહેતી ૨૮ વર્ષીય મેઘા મુકેશભાઈ નાયકા નોકરી કરે છે. તેમની ફરિયાદ મુજબ, ગત ૧૭ નવેમ્બરના રોજ સાંજે પાંચથી સાત વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યો શખસ તેમનો લાઈટ ગ્રીન કલરનો રેડમી ૭૧ મોબાઈલ ફોન ચોરી કરી ગયો હતો.

પાલ લેક ગાર્ડન પાસે બુલેટ અડફેટે રાહદારી મહિલાનું મોત

નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન શ્રમિક મહિલાનું મોત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

સુરતના પાલ વિસ્તારમાં પાલ લેક ગાર્ડનની પાછળ પાલ વોક-વે રોડ પર રસ્તો ક્રોસ કરી રહેલી મહિલાને પૂરઝડપે આવેલી રોયલ એનફિલ્ડ મોટરસાઇકલે અડફેટે લેતાં તેનું કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં મહિલાને જમણા પગમાં ઘૂંટણની નીચેના ભાગે ફ્રેક્ચર થયું હતું, જ્યારે ડાબી બાજુના સાથળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયેલી મહિલાને ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. બનાવની વિગતો મુજબ, મૂળ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ચિત્રોડિયા ગામના અને હાલ સુરતના પાલ લેક ગાર્ડનની પાછળ ઝૂંપડામાં રહેતા ૪૦ વર્ષીય ચીમનભાઈ મગનભાઈ મસારની પત્ની ૧૯ નવેમ્બરના રોજ સાંજે આશરે પાંચથી સાડા પાંચ વાગ્યાના અરસામાં પાલ વોક-વે રોડ પર રસ્તો ક્રોસ કરી રહ્યાં હતાં. તે દરમિયાન રોયલ એનફિલ્ડ મોટરસાઇકલ નંબર ધ્ન-૦પ-જી-૮૯૬૯ના ચાલક કરસન કારાભાઈ ગોરાણીયાએ પૂરઝડપે અને બેદરકારીપૂર્વક મોટરસાઇકલ હંકારી લાવી મહિલાને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર વાગતાં મહિલા રસ્તા પર પટકાયાં હતાં અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં હતાં. ઘટનાને પગલે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. જોકે, ફરજ પરના તબીબે સાંજે ૬:૧૫ વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતાં. પત્નીના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.



ધોરાજીથી સુરત જાન લઈને આવતી બસ ટેન્કર સાથે અથડાતા ૨નાં મોત : ૩૫ ઘવાયા

વહેલી સવારે ભરૂચ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર અકસ્માત

સુરત, તા.૨૦

ભરૂચના દેરોલ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર આજે વહેલી સવારે લક્ઝરી બસ અને ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં બે મુસાફરોના કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે ૩૦થી ૩૫ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. ધોરાજીથી સુરત જાન લઈને આવી રહેલી લક્ઝરી બસ વહેલી સવારે આશરે પઃ૩૦ વાગ્યાના અરસામાં ટેન્કર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બસમાં સવાર મુસાફરોમાં ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી. ઈજાગ્રસ્તોમાં ૬થી ૭ વર્ષનાં નાનાં બાળકોનો પણ સમાવેશ થાય છે.

અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ ઈમરજન્સી સેવા સહિતની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અકસ્માતમાં મોટી સંખ્યામાં મુસાફરો ઈજાગ્રસ્ત થતાં આસપાસનાં વિસ્તારોમાંથી સાતથી આઠ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી. બચાવ કામગીરી હાથ ધરી ઈજાગ્રસ્તોને બસમાંથી બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ૧૦૮ના ઈએમટી અસ્મા મલેકના જણાવ્યા અનુસાર, અકસ્માતમાં કેટલાક મુસાફરોને સામાન્ય જ્યારે કેટલાકને ગંભીર ઈજાઓ પહોંચી છે. તમામ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર સહિતની તબીબી મદદ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. વહેલી સવારે સર્જાયેલા આ અકસ્માતને પગલે એક્સપ્રેસ હાઈવે પર પણ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

રૂા.૫૦ લાખનું દહેજ માંગી પરિણીતાને પતિએ કાઢી મૂકી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

સુરત શહેરમાં દહેજ અને ઘરેલુ હિંસાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. લગ્નના માત્ર સાત દિવસ બાદથી જ પતિ અને સાસરિયાઓ દ્વારા શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો પરિણીતાએ આક્ષેપ કર્યો છે. પતિ સહિત સાસુ, સસરા, નણંદ અને નણંદોઈએ ભેગા મળીને મારઝૂડ કરી હેરાનગતિ કરી હતી. એટલું જ નહીં, બે વર્ષ પહેલાં પિયરમાંથી દહેજમાં રૂ.૫૦ લાખ લાવીશ તો જ ઘરમાં રાખીશું તેવી શરત મૂકી પરિણીતાને ઘરમાંથી કાઢી મૂક્યાની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ, પરિણીતાના લગ્ન ૭ જૂન, ૨૦૧૪ના રોજ થયા

અનુસંધાન પાના ૭ પર

પાલી ગામે ઘરનો નકૂચો તોડી રૂા.૫.૫૭ લાખની મત્તાની ચોરી

ઈરાનથી ખરીદેલા ફિરોઝ પથ્થર, સોના-ચાંદીના દાગીના અને ૧૦૦ વર્ષ જૂના એન્ટીક સિક્કા પણ ચોરાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૦

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના પાલી ગામમાં તસ્કરોએ ૮૦ વર્ષીય નિવૃત્ત વૃદ્ધના મકાનને નિશાન બનાવી રૂ.૫.૫૭ લાખથી વધુની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. તસ્કરો ઘરના દરવાજાનો નકૂચો તોડી અંદર પ્રવેશ્યા હતા અને તિજોરીમાં રાખેલી રોકડ રકમ, સોના-ચાંદીના દાગીના, જૂના સિક્કા સહિતની કિંમતી વસ્તુઓ ચોરી ગયા હતા. ચોરીની આ ઘટનાને પગલે ગામમાં ચકચાર મચી ગઈ છે.

બનાવની વિગતો મુજબ, પાલી ગામના ટાંકી ફળિયામાં રહેતા ૮૦ વર્ષીય હોમી ફિરોઝશાહ પીઠવાલાના ઘરે ગત ૧૨ નવેમ્બરના રોજ સવારે ૯ વાગ્યાથી ૧૮ નવેમ્બરના રોજ સવારે ૬ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ હાથફેરો કર્યો હતો. તસ્કરોએ ઘરના દરવાજાનો નકૂચો તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તિજોરીમાં રાખેલા અલગ-અલગ દરની નવી ચલણી નોટો, જેમાં રૂ.૫૦૦થી લઈને રૂ.૧ સુધીની નોટોનો સમાવેશ થાય છે, તેમાંથી રૂ.૫.૨૧ લાખની રોકડ

અનુસંધાન પાના ૭ પર



પશ્ચિમ રેલવે સુધારેલ સંરચના સાથે સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

ટ્રેન નં.	પ્રારંભ સ્ટેશન	ગંતવ્ય સ્ટેશન	સેવાની તારીખો
૦૯૦૪૧	ઉધના	હસનપુર રોડ	૨૧ અને ૨૮ નવે. ૨૦૨૬
૦૯૦૪૨	હસનપુર રોડ,	ઉધના	૨૩ નવે. ૨૦૨૬
૦૯૦૪૨	હસનપુર રોડ	નંદૂરબાર	૩૦ નવે. ૨૦૨૬
૦૯૦૪૫	ઉધના	મધુબની	૨૨ અને ૨૯ નવે. ૨૦૨૬
૦૯૦૪૬	મધુબની	ઉધના	૨૩ અને ૩૦ નવે. ૨૦૨૬
૦૯૦૪૭	ઉધના	જયનગર	૨૨ અને ૨૯ નવે. ૨૦૨૬
૦૯૦૪૮	જયનગર	ઉધના	૨૩ અને ૩૦ નવે. ૨૦૨૬
૦૯૧૫૧	ઉધના	મધુબની	૨૦, ૨૫ અને ૨૭ નવે. ૨૦૨૬
૦૯૧૫૨	મધુબની	ઉધના	૨૩, ૨૮ અને ૩૦ નવે. ૨૦૨૬

સંરચના :- ઉપરોક્ત તમામ ટ્રેનો સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો સાથે દોડાવશે.

રોકાણો, રોકાણોના સમય અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

ટ્રેન નં. ૦૯૦૪૧, ૦૯૦૪૫ અને ૦૯૦૪૭ નું બુકિંગ તા.૨૦-૧૧-૨૦૨૬ થી શરૂ થશે. અને ટ્રેન નં. ૦૯૧૫૧ નું બુકિંગ તમામ PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર ચાલુ છે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડે સ્પેશિયલ ટ્રેનો રૂપે ચલાવાશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial
અમને લાઈક કરો અને અમને ફોલો કરો

કૃપા કરી તમામ આરક્ષિત ટિકિટો માટે તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો.